# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

**Vol. 17, Issue. 281, January 2026**


પ્રિય વાચક મિત્રો,

### "એકતાના સાનિધ્યમાં સૌહાર્દનો પ્રવાસઃ સ્ટેચ્યુ ઓફ યુનિટીની યાદગાર મુલાકાત"

યુનિવર્સિટી એ માત્ર ઈંટો અને પથ્થરોથી બનેલી ઈમારત નથી, પણ તે ત્યાં કામ કરતા મનુષ્યોના હૃદય અને તેમના સહિયારા પુરુષાર્થનું પરિણામ છે. ઘણીવાર ઑફિસની ફાઈલો, વહીવટી ગૂંચવણો અને શૈક્ષણિક કાર્યભારની વચ્ચે આપણે એકબીજાને માત્ર 'સહકર્મચારી' તરીકે જ જોતા હોઈએ છીએ, પણ એક 'પરિવાર' તરીકે મળવાના તથા એકબીજાના વ્યક્તિત્વને સમજવાનો અવકાશ ઓછો રહે છે. પરંતુ આ પ્રવાસે સાબિત કર્યું કે આપણી સંસ્થા એ માત્ર ઈંટોની ઈમારત નથી, પણ જીવંત માનવીઓનો એક અતૂટ પરિવાર છે. આ વિચારબીજમાંથી જ જન્મી એક 'નવી પહેલ' – યુનિવર્સિટીના કર્મચારીઓનો સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રવાસ. સામાન્ય રીતે શૈક્ષણિક પ્રવાસો વિદ્યાર્થીઓ માટે યોજાતા હોય છે, પરંતુ કર્મચારીઓ માટેનો આ પ્રવાસ એક ' નવી પહેલ' હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઑફિસની ફાઈલો, કામગીરીથી દૂર અને કોમ્પ્યુટર સ્ક્રીનથી દૂર, કુદરતના ખોળે અને પ્રકૃતિના સાનિધ્યમાં પરસ્પર સંબંધોને વધુ ગાઢ બનાવવાનો હતો.

શિક્ષણ જગત એ માત્ર પુસ્તકો કે વર્ગખંડો પૂરતું સીમિત નથી, પરંતુ તે સામૂહિક સંવાદ અને સહ–અસ્તિત્વની ભાવનાનું કેન્દ્ર છે. યુનિવર્સિટીના વહીવટી કાર્યમાં રાત–દિવસ કાર્યરત રહેતા અમારા કર્મચારી મિત્રો માટે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬નો દિવસ એક નવીન ઉર્જા લઈને આવ્યો. આ દિવસે યુનિવર્સિટી પરિવારના સભ્યો 'એકતાના પ્રતીક' એવા સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU)ના પ્રવાસે નીકળ્યા હતા. ૧૮ જાન્યુઆરીની એ વહેલી સવાર અને નર્મદાના તટ પરની એ તાજગીભરી હવા આજે પણ સ્મૃતિપટ પર અંકિત છે. આ પ્રવાસ માત્ર પિકનિક નહતો, પરંતુ એકતાના શિલ્પ એવા સરદાર વલ્લભભાઈ પટેલના ચરણોમાં શીશ નમાવીને રાષ્ટ્રભક્તિ અને કર્તવ્યનિષ્ઠાના પાઠ શીખવાનો એક નમ્ર પ્રયાસ હતો.

જ્યારે અમે કેવડિયા કોલોની (એકતા નગર) પહોંચ્યા, ત્યારે કર્મચારીઓમાં એક અનોખો ઉત્સાહ હતો. પટાવાળા ભાઈથી લઈને વરિષ્ઠ પ્રોફેસરો અને વહીવટી અધિકારીઓ – સૌ કોઈ એક જ પંગતમાં બેસીને ભોજન લેતા હતા અને હસતા–રમતા પ્રકૃતિને માણતા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટીની એ ભવ્ય પ્રતિમા સામે ઉભા રહીને જ્યારે અમે આકાશ તરફ નજર કરી, ત્યારે સમજાયું કે જો દ્રઢ સંકલ્પ હોય તો ગમે તેટલા વિખરાયેલા રજવાડાઓને એક કરી શકાય છે. બરાબર એવી જ રીતે, જો યુનિવર્સિટીના તમામ વિભાગો એક થઈને કામ કરે, તો શૈક્ષણિક તથા વહીવટી ક્ષેત્રમાં આપણે પણ એક ઊંચું શિખર સર કરી શકીએ છીએ.

નર્મદા મૈયાના દર્શન અને વન્યસૃષ્ટિનું અવલોકન કરતા સમયે કર્મચારીઓના ચહેરા પર જે નિર્દોષ આનંદ–ઉલ્લાસ હતો, તે કોઈપણ એવોર્ડ કરતા મોટો હતો. સાંજે યોજાયેલ લેઝર શોમાં જ્યારે સરદાર સાહેબની જીવનગાથા રજૂ થઈ, ત્યારે સૌની આંખોમાં દેશપ્રેમની ચમક હતી. તે પળમાં અમે માત્ર યુનિવર્સિટીના કર્મચારીઓ નહિં, પણ એક અખંડ ભારતના જવાબદાર નાગરિકો હતા. વ્યુઈંગ ગેલેરીમાંથી દેખાતો નર્મદાનો નજારો અને સાંજે યોજાયેલ લેઝર શો એ એક અવિસ્મરીય પળ હતી. જંગલ સફારી અને વૅલી ઓફ ફ્લાવર્સની મુલાકાતે આપણને કુદરત સાથે ફરી જોડ્યા. આ પ્રવાસથી પરત ફરતી વખતે દરેકના ચહેરા પર થાક નહિં, પણ એક નવીન ચેતના હતી. અન્ય નવા પ્રવાસ માટેના આયોજન માટેની તત્પરતા હતી. પરસ્પરના મનભેદ ઓગળી ગયા હતા અને'ટીમ વર્ક'ની નવી સમજ કેળવાઈ હતી. પ્રવાસનો સૌથી યાદગાર હિસ્સો હતો – નર્મદાના વિશાળ જળરાશિમાં બોટિંગ (નૈકાવિહાર). જ્યારે અમે બોટમાં સવાર થઈને સ્ટેચ્યુ ઑફ યુનિટીની પ્રદક્ષિણા કરી, ત્યારે નર્મદા મૈયાના શાંત વહેણ અને આસપાસની ગિરિમાળાઓએ એક અદભૂત શાંતિનો અહેસાસ કરાવ્યો. નદીના મોજાં સાથે લહેરાતી અમારી બોટ જાણે જીવનના પ્રવાહમાં સાથે મળીને આગળ વધવાનો સંદેશ આપી રહી હતી. આ નૌકાવિહાર દરમિયાન કર્મચારીઓએ નિખાલસ આનંદ માણ્યો,

બસ મુસાફરી દરમિયાનનો અમારો સહજ સંવાદ અને ચહેરા પરનું સ્મિત એ જ અમારી સાચી મૂડી છે. ૧૮૨ મીટર ઊંચી સરદાર સાહેબની પ્રતિમા સામે જ્યારે આપણે ઊભા હતા, ત્યારે પદ કે પ્રતિષ્ઠા નહિ, પણ માત્ર 'ભારતીય' અને 'યુનિવર્સિટી પરિવાર' હોવાનો ગર્વ છલકાતો હતો. આખા પ્રવાસ દરમિયાન કયાંય પણ હોદ્દાનું અંતર જોવા મળ્યું નહોતું. સાથે મળીને ભોજન લેવું, બસમાં ગીતોની રમઝટ અને હળવી પળોએ એક 'મોટા પરિવાર' જેવો માહોલ ઊભો કર્યો હતો. આ મુલાકાત માત્ર મનોરંજન નહોતી, પણ એક પ્રેરણા હતી. સરદાર સાહેબનું જીવન આપણને શિસ્ત, એકતા અને દ્રઢ સંકલ્પશક્તિ શીખવે છે. જ્યારે કર્મચારીઓ આવા ભવ્ય સ્થળની મુલાકાત લે છે, ત્યારે તેમનામાં સંસ્થા પ્રત્યેની વફાદારી અને કામ પ્રત્યેનો ઉત્સાહ બેવડાય છે. આ પ્રવાસ એક સંદેશ છે કે યુનિવર્સિટી તેના કર્મચારીઓની માનસિક શાંતિ અને તેમના સામાજિક જોડાણને મહત્વ આપે છે. 'એકતાના પ્રતીક' સમી આ યાત્રાએ આપણા સૌના હૃદયમાં એકતાનું વાવેતર કર્યું છે. મને વિશ્વાસ છે કે આ પ્રવાસની ઉર્જા આગામી દિવસોમાં યુનિવર્સિટીના કાર્યમાં ચોક્કસપણે દેખાશે.

Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 17, Issue. 281, January 2026

આ યાદગાર દિવસ બદલ હું તમામ કર્મચારી મિત્રોનો આભાર માનું છું જેમણે આ પ્રવાસને શિસ્તબદ્ધ અને ગરિમાપૂર્ણ બનાવ્યો.

આ પ્રવાસની સફળતા એ આપણા સમગ્ર યુનિવર્સિટી પરિવારના શિસ્તબદ્ધ અભિગમનું પરિણામ છે. હું યુનિવર્સિટીના તમામ વહીવટી કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. તમારી શિસ્ત અને ઉત્સાહને કારણે જ આ પ્રવાસ આટલો સુખદ રહ્યો. સાથે જ, આયોજન કરનાર ટીમ અને નર્મદાસત્તામંડળનો પણ આભાર, જેમણે આપણને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડી.

આ યાત્રાએ આપણા હૃદયમાં એકતાનું વાવેતર કર્યું છે. મને વિશ્વાસ છે કે આ પ્રવાસની ઉર્જા આગામી દિવસોમાં યુનિવર્સિટીના કાર્યમાં ચોક્કસપણે દેખાશે. ચાલો, આપણે પણ સરદાર સાહેબની જેમ અખંડ રહીએ અને આપણી સંસ્થાને ગૌરવ અપાવીએ. જેમ નર્મદાનું પાણી ખળખળ વહેતું રહીને સેની તરસ છિપાવે છે, તેમ આપણી યુનિવર્સિટી જ્ઞાનની સરવાણી વહાવીને સમાજને શિક્ષિત કરતી રહે તેવી જ અભ્યર્થના.

આ પ્રવાસ એ સાબિત કરે છે કે, જો કર્મચારીઓ માનસિક રીતે ખુશ અને એકજુઠ હશે, તો યુનિવર્સિટી પણ પ્રગતિના નવા શિખરો સર કરશે. આ 'નવી પહેલ' આગામી વર્ષોમાં પણ ચાલુ રહેશે, જે આપણા કાર્યક્ષેત્રને વધુ જીવંત બનાવશે. ''સાથે ચાલવું એ શરૂઆત છે, સાથે રહેવું એ પ્રગતિ છે અને સાથે મળીને કામ કરવું એ સફળતા છે.''




'એક લક્ષ્ય, એક પરિવાર: સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં આપણો યુનિવર્સિટી પરિવાર.'



'નેતૃત્વ જયારે પરિવારનો હિસ્સો બને, ત્યારે જ 'યુનિવર્સિટી' સાચા અર્થમાં એક બને છે.'



'હોદ્દાઓ ભુલાયા, સંબંધો જોડાયા – એકતાના પ્રતીક સમી એક યાદગાર સાંજ.'




'તરંગોની લહેર અને મિત્રોનો સાથ – નર્મદા મૈયાના ખોળે અદભૂત વિહાર.'



'નર્મદાના નીર અને મનનો ઉમંગ: નૌકાવિહારની કેટલીક હળવી પળો.' 'સાથે મળીને વહેતા શીખ્યા, સાથે મળીને વધતા શીખ્યા.'

તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬

(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### એક નવી પહેલ: પ્રવાસથી પરિવર્તન તરફ (સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત)

માનનીય કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીની સકારાત્મક વિચારસરણી તથા પહેલને કારણે યુનિર્સિટી ઇતિહાસમાં સૌપ્રથમ વાર તા. ૧૮–૦૧–૨૦૨૬ના રોજ યુનિવર્સિટી દ્વારા તેના કર્મચારીઓ માટે શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે Statue of Unity ખાતે એક વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ યુનિવર્સિટીની તરફથી કરવામાં આવેલી એક નવી પહેલ હતી, જેનો મુખ્ય ઉદ્દેશ કર્મચારીઓમાં ટીમ વર્ક, સહકાર, એકતા અને પ્રેરણાનું સંવર્ધન કરવાનો તથા કામના ભારણ વચ્ચે માનસિક શાંતિ–તાજગી આપવાનો હતો.

વહેલી સવારે વિશ્વવિદ્યાલય કેમ્પસથી આનંદમય વાતાવરણમાં પ્રવાસનો પ્રારંભ થયો હતો. કર્મચારીઓએ વ્યૂઈંગ ગેલેરીમાંથી નર્મદા નદી તથા નર્મદા ડેમનો નજારો માણ્યો હતો. ત્યારબાદ વિલી ઓફ ફ્લાવર્સ અને આરોગ્ય વનની મુલાકાત લઈ પ્રકૃતિની નજીક સમય વિતાવ્યો હતો. બપોરે માનનીય કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી સહિત તમામ કર્મચારીઓ સાથે મળી કુદરતના ખોળે સમૂહમાં આદિવાસી ભોજનની મજા માણી હતી. ભોજન બાદ નૌકાવિહારની મજા માળી હતી, નૌકાવિહાર દરમ્યાન તમામ કર્મચારીઓએ ગરબા રમી પ્રવાસને યાદગાર બનાવ્યો હતો. ત્યારબાદ તમામ કર્મચારીઓએ જંગલ સફારીની મુલાકાત લઈ વિવિધ પશુ–પક્ષી–જનાવરો વિશે વિશેષ માહિતી મેળવી હતી.

કર્મચારીઓએ સરદાર પટેલની ભવ્ય પ્રતિમાની મુલાકાત લઈ મ્યુઝિયમ, એક્ઝિબિશન હૉલ અને વ્યુઈંગ ગેલેરીની મુલાકાત લીધી હતી. સાંજે લેઝર શો અને નર્મદા આરતી નિહાળ્યા બાદ પ્રવાસનું સમાપન થયું. આ પ્રવાસ દરમિયાન તેઓએ દેશના એકતાના પ્રતિકરૂપ આ ઐતિહાસિક સ્થળ વિશે વિગતવાર માહિતી મેળવી. પ્રવાસથી વિશ્વની સૌથી ઊંચી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા નિહાળવાનો, કુદરતને નિહાળવાનો તથા કુદરતની પ્રકૃતિના સાનિધ્યમાં રહેવાનો મોકો મળ્યો.

સમગ્ર આયોજન ખૂબ સુવ્યવસ્થિત અને આનંદદાયક રહ્યું હતું. કર્મચારીઓમાં નવા ઉત્સાહ અને ઊર્જાનો સંચાર થયો. આવી નવી પહેલ દ્વારા યુનિવર્સિટી સંચાલક તથા સંસ્થાના કર્મચારીઓમાં સકારાત્મક વાતાવરણ નિર્માણ કરવામાં સફળ રહી છે. કર્મચારીઓએ પણ આ આયોજન બદલ સંચાલક તથા સંચાલન કર્તાના આભાર વ્યક્ત કર્યો હતો અને આવી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ ચાલુ રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ સફળ અને યાદગાર પ્રવાસના આયોજન માટે સૌને પરિવાર જેવો અહેસાસ કરાવવા બદલ કુલપતિશ્રી અને કુલસચિવશ્રીનો કર્મચારીગણ હૃદયપૂર્વક આભાર માને છે. તેમના માર્ગદર્શન હેઠળ 'એક નવી પહેલ' દ્વારા કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાનું આ સરાહનીય કાર્ય થયું છે.

આ પ્રવાસના દરેક પાસાનું ઝીણવટભર્યું આયોજન કરવા બદલ પ્રવાસના સૂત્રધાર અને સમગ્ર વ્યવસ્થાપનને કુશળતાપૂર્વક સંભાળનારશ્રી પ્રકાશભાઈ બચરવાલાનો તમામ કર્મચારીગણે વિશેષ આભાર વ્યક્ત કર્યો જેમણે દરેક કર્મચારીની સુવિધાનું પૂરતું ધ્યાન રાખી ગણતરી પૂર્વકનું પૂર્વ આયોજન કરી, કોઈ પણ જાતની તકલીફ વિના આ પ્રવાસને નિર્વિઘ્ન અને આનંદમય બનાવ્યો.

યુનિવર્સિટી ઈતિહાસમાં આ દિવસ એક સુવર્ણ અક્ષરે અંકિત થયો, જ્યારે વહીવટી કાર્યના વ્યસત શિડ્યુલમાંથી સમય ફાળવીને કર્મચારીઓ માટે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના પ્રવાસનું આયોજન થયું. આ માત્ર એક આનંદનો પ્રવાસ નહોતો, પરંતુ યુનિવર્સિટી દ્વારા મૂલ્ય–આધારિત શિક્ષણ અને કર્મચારી કલ્યાણ માટે લેવાયેલી 'એક નવી પહેલ' હતી.


















आरोग्य वन
वन विभाग
गुजरात











## મલ્ટીડિસિપ્લિનરી વર્કશોપ અંતર્ગત કેમ્પસની જૈવવિવિધતા (બાયોડાયવર્સિટી)નું ડોક્યુમેન્ટેશન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય (VNSGU) બાયૉસાયન્સ વિભાગ અને ફાઈન આર્ટ્સ વિભાગ દ્વારા પાંચ દિવસીય મલ્ટીડિસિપ્લિનરી વર્કશોપ Capturing Campus: Biodiversity Hands-on Photography & Digitalization Trainingનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. PM-USHA MERU સૉફ્ટ કમ્પોનન્ટ દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમ ૬ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાયો હતો, જેનો મુખ્ય હેતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને કલાત્મક અભિવ્યક્તિનો સમન્વય કરવાનો હતો.

આ ક્ષેત્રમાં નિષ્ણાંત મેન્ટર્સ જેવા કે ડૉ. જય પંડયા, શ્રી અમિત જરીવાલા, શ્રી ધ્રુવીન જૈન, શ્રી ભૂપત જેબલિયા, શ્રી ઉમંગ ગજ્જર અને શ્રી અમન અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિશ્વવિદ્યાલય કેમ્પસની સમૃદ્ધ ઈકોલોજીકલ વિવિધતાને કેમેરામાં કેદ કરી હતી. આ ટ્રેનિંગ દરમિયાન વિદ્યાર્થીઓને મોબાઈલ, પ્રોફેશનલ DSLR કેમેરા અને માઈક્રોસ્કોપના માધ્યમથી કેમ્પસના Flora & Fauna (વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ), પક્ષીઓ, જીવજંતુઓ તેમજ સ્થાનિક અને ઔષધીય છોડની ફોટોગ્રાફીનું Hands-on શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ Digitalization અભિગમ દ્વારા વિદ્યાર્થીઓએ કેમ્પસને એક નવી નજર અને પરિપ્રેક્ષ્યથી નિહાળ્યું હતું. આ વર્કશોપનું આયોજન કન્વીનર ડૉ. કૈલાશ પટેલ (Head, Dept. of Bio Science) અને કૉ–કન્વીનર શ્રી અંકિત એમ. ચાંગાવાલા (Co-ordinator, Dept. of Fine Arts)ના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ ટીમમાં કૉ–ઑર્ડિનેટર તરીકે સુશ્રી પાયલ પાંડવ, ડૉ. રાજશ્રી પી. પટેલ અને ઑર્ગેનાઇઝિંગ સેક્રેટરી તરીકે ડૉ. વિશાલ મકવાણાએ સેવા આપી હતી.

આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ આ પહેલ, સખત મહેનત અને તેના પરિણામો બદલ સમગ્ર ટીમ અને વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. વર્કશોપની સફળ પૂર્ણાહૂતિ બાદ પણ કેમ્પસની જૈવવિવિધતા (બાયોડાયવર્સિટી)ને કેપ્ચર કરવાની આ પ્રક્રિયા આગામી સમયમાં પણ ચાલુ રહેશે.

## રન ફોર સ્વદેશી (સ્વદેશી સંકલ્પ રન)નું આયોજન











સ્વદેશી શોધ સંસ્થાન, નવી દિલ્હી અને યુજીસીના માર્ગદર્શન અનુસાર તારીખ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને STERS-SASCMA કૉલેજ, પીપલોદ સુરતનાં સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ–રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે "રન ફોર સ્વદેશી (સ્વદેશી સંકલ્પ રન)"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ યુવાનોમાં સ્વદેશી ભાવના, આત્મનિર્ભર ભારત, શારીરિક તંદુરસ્તી અને રાષ્ટ્રનિર્માણ વિકસાવવાનો હતો. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાજી, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સ્વદેશી જાગરણ મંચ પશ્ચિમ ક્ષેત્રનાં સહક્ષેત્ર સંપર્ક પ્રમુખશ્રી ઈશ્વર સજ્જન તથા વિવિધ કૉલેજ મૅનેજમૅન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત શપથ વિધિથી થઈ અને 'જય જય સ્વદેશી', 'સ્વદેશી અપનાવો'નાં નારાઓ સાથે રન ફોર સ્વદેશીનું સાસમા કૉલેજ કેમ્પસથી કારગિલ ચોક, પિપલોદ સુધી યોજાઈ, જ્યાં શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને કુલપતિશ્રી દ્વારા પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો, C.K.Pithawala College, SDJ International College, Agarwal Vidhya Vihar English Medium College તથા D.R. Patel & R. B. Patel Commerce Collegeના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ખૂબ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ત્યારબાદ તમામ ભાગ લેનાર કેમ્પસમાં પરત ફરી પરંપરાગત ગરબાની રમઝટ જમાવી. અંતે આયોજકો અને ભાગ લેનાર સૌનો આભાર માનવામાં આવ્યો.




## વિવિધ પ્રકલ્પોના ભૂમિપૂજન તથા ઉદ્‌ઘાટન સમારંભ























વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે તા. ૧૭/૦૧/૨૦૨૬ના રોજ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને ભૂમિપૂજન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમ ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીના વરદ હસ્તે તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, બોર્ડ ઑફ મૅનેજમૅન્ટના સભ્યશ્રીઓ, ઍક્ઝીક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, વિવિધ સત્તામંડળોના પદાધિકારીશ્રીઓ, વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી વિભાગના વડાશ્રીઓ, વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ, પ્રેસ અને ડિજિટલ મીડિયાના પ્રતિનિધિઓ તેમજ વિવિધ કૉલેજો અને વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભ દરમિયાન વિશ્વવિદ્યાલયના કુલ પાંચ મહત્વપૂર્ણ વિકાસ પ્રકલ્પોનું ઉદ્ઘાટન તથા ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેની વિગત નીચે મુજબ છે.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| કલ્પતરું-આરોગ્ય, ધન અને સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન | રૂા. ૩,૯૨,૨૬,૬૬૭/- |
| પુનઃનિર્મિત નર્મદ સ્મૃતિ ભવનનું ઉદ્ઘાટન | રૂા. ૫,૮૩,૦૦૦/- |
| પુનઃનિર્મિત ડાઈનીંગ હોલનું ઉદ્ઘાટન | રૂા. ૧,૩૭,૦૭,૦૪૬/- |
| યુટિલિટી બિલ્ડીંગનું ભૂમિપૂજન | રૂા. ૫,૦૦,૦૦,૦૦૦/- (ગુજરાત સરકારશ્રીની ગ્રાન્ટ-EDN-30) |
| મ્યુઝીયમ અને સ્ટાર્ટઅપ ભવનનું ભૂમિપૂજન | રૂા. ૧,૨૮,૦૦,૦૦૦/- (ગુજરાત સરકારશ્રીની ગ્રાન્ટ-EDN-30) |

આ તમામ પ્રોજેક્ટના નિર્માણ માટે કુલ રૂા. ૧૧,૬૩,૧૬,૭૧૩/- (૧૧ કરોડ ૬૩ લાખ ૧૬ હજાર સાતસો તેર)નો ખર્ચ કરવામાં આવેલ છે.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના સંબોધનમાં વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષના ગૌરવસભર ઇતિહાસનો ઉલ્લેખ કરી ગુજરાત રાજ્યના માનનીય નાયક મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવોને હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે વિશ્વવિદ્યાલયમાં હાથ ધરાયેલા પાંચ મહત્વપૂર્ણ વિકાસ પ્રકલ્પોની માહિતી આપતાં જણાવ્યું હતું કે આ પ્રકલ્પો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંશોધન અને નવીનતાને વેગ આપશે. સાથેજ યુવાનોની ઉર્જા અને રાજ્ય સરકારના પ્રયાસોને બિરદાવતા કોમન વેલ્થ તથા ભવિષ્યમાં ઓલમ્પિક રમતો માટે ગુજરાતને સશક્ત બનાવવા શુભેચ્છા વ્યક્ત કરી હતી.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીએ પોતાના સંબોધનમાં વિશ્વવિદ્યાલયમાં હાથ ધરાયેલા પાંચેય પ્રકલ્પો માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ અર્પણ કરી હતી. તેમણે વિશ્વવિદ્યાલય સાથે જોડાયેલા પોતાના ભૂતકાળના સ્મરણીય અનુભવોને વાગોળી વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને સંસ્કારાત્મક વાતાવરણની પ્રશંસા કરી હતી. સાથે જ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યએ હાંસલ કરેલી સર્વાંગી વિકાસયાત્રા અંગે વિગતે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, યુવાનો દેશ અને રાજ્યના વિકાસના મુખ્ય સ્તંભ છે. દરેક વિદ્યાર્થીએ મોટા સપનાઓ જોવા જોઈએ અને પોતાના સપનાઓ સિદ્ધ કરવા માટે અડગ સંકલ્પ સાથે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. પરિશ્રમ, શિસ્ત અને આત્મવિશ્વાસ દ્વારા કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. અંતે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ આભારવિધિ કરતા ઉપસ્થિત સર્વે મહાનુભાવો તથા આમંત્રિત મહેમાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ખેલ મહાકુંભમાં વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીનીએ ૧૦૦૦ મીટર રોલર સ્કેટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગની બી.એસસી. બાયૉટૅક્નૉલોજી બીજા વર્ષની વિદ્યાર્થીની મિસ્ટી શુક્લાએ તા. ૧૧ અને ૧૨

જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલા રાજ્યસ્તરીય ખેલ મહાકુંભમાં ૧૦૦૦ મીટર રોલર સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ય કર્યો છે.

ખેલ મહાકુંભ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વિવિધ જિલ્લાઓમાંથી આવેલા પ્રતિભાશાળી ખેલાડીઓ વચ્ચે મિસ્ટી શુકલાએ પોતાના આત્મવિશ્વાસ, સતત મહેનત અને કુશળતાના બળે આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમના આ પ્રદર્શનથી વિશ્વવિદ્યાલય તથા બાયૉટૅક્નૉલોજી વિભાગનું નામ રાજ્યસ્તરે ઉજાગર થયું છે.

આ સિદ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી, ડૉ. ગૌરવ શાહ (પ્રોફેસર તથા વડા, બાયૉટૅક્નૉલોજી વિભાગ) તેમજ બાયૉટૅકનૉલોજી વિભાગના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ દ્વારા મિસ્ટી શુકલાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે સાથે તેમની સમગ્ર કોચ ટીમની મહેનતને પણ બિરદાવવામાં આવી હતી અને મિસ્ટી શુક્લાના આવનારા સ્પર્ધાત્મક જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.




## ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી
















વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ધ્વજારોહણ, ધ્વજવંદન અને બેન્ડના તાલે પરેડ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી, મુખ્ય મહેમાન લેફ્ટનન્ટ કમાન્ડર, કુ. આયુષી દેસાઈ, જૈન અભ્યાસ અને માનવતાવાદી કાર્યોના સમર્થક, યુ.એસ.એ.ના ડૉ. જશવંતભાઈ મોદી, અતિથી વિશેષ તરીકે International Forum for Jain Education, ઉદયપુરના મુખ્ય સંયોજક ડૉ. અશોકકુમાર જેતાવત, JAINA, USAના અધ્યક્ષ ડૉ. મનીષ મહેતા, વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગો અને વહીવટી વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. સંલગ્ન જુદી જુદી કૉલેજોના ૨૦૦ જેટલા સ્વયંસેવકો દ્વારા બેન્ડના તાલે પરેડ કરવામાં આવી હતી. ડૉ. કિશોરસિંહ ચાવડાએ પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે, પ્રજાસત્તાક દિવસ સંવિધાનના મૂલ્યોને આત્મસાત કરી રાષ્ટ્રસેવામાં સમર્પિત રહેવાની પ્રેરણા આપે છે. કુ. આયુષી દેસાઈએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, યુવા પેઢી દેશના લોકશાહી આધારને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ડૉ. જશવંતભાઈ મોદીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, એકતા અને શિસ્ત વિના રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શક્ય નથી. ડૉ. અશોકકુમાર જેતાવતે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સંવિધાનના આદર્શો પર ચાલવું એ સાચી દેશભક્તિનું પ્રતિબિંબ છે. ડૉ. મનીષ મહેતાએ પોતાના શબ્દોમાં જણાવ્યું હતું કે, પ્રજાસત્તાક દિવસ નાગરિકોને અધિકાર સાથે ફરજોની પણ સતત યાદ અપાવે છે. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના સમગ્ર પરિવાર થકી ભારતમાતાનું પૂજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકોને માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસના કૉ–ઓર્ડિનેટર ડૉ. શ્રીધર નિમાવત અને યુવકકલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના કાર્યકારી નિયામક ડૉ. યોગેશ વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.










## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા 'જાતિગત સમાનતા સ્વાસ્થ્ય અને સુરક્ષા' વિષય પર એક દિવસીય સેમિનાર



તા. ૨૮/૦૧/૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ વુમન ડૅવલપમૅન્ટ સેલ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતના સંયુકત ઉપક્રમે 'સેતુ કાર્યક્રમ'ના ભાગરૂપે જાતિગત સમાનતા ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર મુખ્ય ત્રણ સત્રમાં વિભાજીત હતો. સવારે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થયેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. કિર્તીબેન ઠાકર દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી. ગણિતશાસ્ત્ર

વિભાગના અધ્યક્ષ ડૉ. દિલીપભાઈ જોષી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન અને ઉપસ્થિત મહેમાનોના સ્વાગત સત્કાર બાદ ૧૨:૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત થઈ હતી.

પ્રથમ સત્ર ૧૨:૩૦ કલાકથી ૧:૩૫ કલાક સુધી હતું. આ સત્રના મુખ્ય વકતા તરીકે પધારેલ સુજ્ઞ શ્રી નિરજા પારેખ હતા. તેમણે પૂર્વની જીવનશૈલીને આધારિત વર્તમાન આધુનિક ઝડપ અને પરિર્વતનશીલ જીવનશૈલી આધારિત સ્વસ્થ ખોરાકની આદત વિષે વિસ્તૃત ચર્ચા કરી આધુનિક જીવનશૈલી આધારિત વિદ્યાર્થી તથા ફેકલ્ટીના વિવિધ પ્રશ્નોની તેમની સાથે ચર્ચા કરી પ્રથમ સત્ર ખૂબજ ઉત્સાહભર્યુ રહ્યું હતું. બીજું સત્ર ૨:૦૦ વાગ્યાથી ૩:૩૦ વાગ્યા સુધી ચાલ્યું. તેમાં મુખ્ય વકતા તરીકે જેન્ડર રિસોર્સ સેન્ટરના ઑફિસર મહેન્દ્રભાઈ મકવાણા હતા. આ સત્ર દરમિયાન તેમણે લિંગ તથા જાતિયતા અંગેનો ભેદ સમજાવ્યો. તેમણે સમજાવ્યું કે લિંગ એ કુદરતી બાબત છે જ્યારે જાતિયતા એ માનસિક બાબત છે. સમગ્ર ચર્ચા દરમિયાન તેમણે સેમિનારમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નોની ઊંડી સમજણ વિકસે તેવા જવાબ આપ્યા હતા અને આ વિષયની ઉદાહરણ સહિત વિશેષ સમજ આપવામાં આવેલ શ્રોતાગણને આપી હતી. ૩:૦૦ કલાકથી ૪:૩૦ કલાક સુધી ત્રીજૂ અને અંતિમ સત્ર મહિલાઓની જાતીય સતામણી અને તેમના રક્ષણ માટે રચાયેલ Posh Act-2013 અને મહિલા સુરક્ષા વિષય અંતર્ગત વકતાશ્રી પ્રતિભા દેસાઈ દ્વારા મહિલાઓની જાતીય સતામણી અટકાવવા અને તેમના રક્ષણ માટે રચાયેલ Posh Act-2013 વિષે કાયદાકીય દ્રષ્ટિએ સમજ આપી. જેમની અંતર્ગત સ્ત્રીઓની કાર્યસ્થળ, જાહેર સ્થળ પર, સામાજિક અને કૌટુંબિક સંબંધોમાં બનતા જાતીય સતામણી અંગે પ્રસંગોને અટકાવવા માટે બનેલા Posh Act-2013 કાયદાના બાબતે કાયદાશાસ્ત્રની દ્રષ્ટિએ વિસ્તૃત સમજ આપી ભૂતકાળમાં બનેલા વિવિધ પ્રસંગો વિષે સમજ આપી હતી અને શ્રોતગણ સાથે જાતિય સતામણી બાબતેના પ્રશ્ન સંદર્ભે કાયદાશાસ્ત્રની દ્રષ્ટિએ વિસ્તૃત વિષે ચર્ચા કરવામાં આવી. આ સાથે સમગ્ર કાર્યક્રમના અંતિમ ચરણમાં સમગ્ર શ્રોતાગણ પાસે કાર્યક્રમ અંગેની પોસ્ટ ટેસ્ટ ભરાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને અંતે પધારેલ વકતાગણ અને શ્રોતાગણનો આભાર ડૉ. રેખાબેન ગઢવી દ્વારા માનવામાં આવ્યો હતો અને કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

## વિશ્વવિદ્યાલયના આર્કિટેકચર વિભાગની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં વિશ્વસ્તરે સિદ્ધિ







ગિજુભાઈ છગનભાઈ ઇન્સ્ટિટયૂટ ઑફ આર્કિટેકચર (GCPIA)ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં થાઈલેન્ડ યોજાયેલી એક પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં વિશ્વના અન્ય વિકસિત દેશોની વચ્ચે પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા અદભુત સિદ્ધિ પ્રાપ્ત કરીને ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ સંસ્થા, વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર શૈક્ષણિક જગત માટે ગૌરવની બાબત બની છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં વિશ્વના વિવિધ દેશોમાંથી મોટી સંખ્યામાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. GCPIAના વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા, ડિઝાઈન થિંકિંગ, તકનીકી જ્ઞાન અને કલાત્મક અભિગમ દ્વારા કઠિન સ્પર્ધામાં પોતાની અલગ ઓળખ ઊભી કરી. સ્પર્ધાના દરેક તબક્કામાં વિદ્યાર્થીઓએ નવીન વિચારો, સંશોધન આધારિત કાર્ય અને સમય વ્યવસ્થાપન દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચીન, બીજા ક્રમે બ્રાજીલ, ત્રિજા ક્રમે અમેરિકા વિજેતા બન્યું છે.

વિદ્યાર્થીઓએ પોતાના અનુભવ વિશે જણાવતાં કહ્યું કે, "આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવાનો અનુભવ અમારા માટે ખૂબ જ શીખવા જેવો અને પ્રેરણાદાયક રહ્યો. વિવિધ દેશોના વિદ્યાર્થીઓ સાથે વિચારવિમર્શ કરવાનો મોકો મળ્યો, જેના કારણે અમારી દૃષ્ટિ વિસ્તરી. શરૂઆતમાં પડકારજનક લાગ્યું, પરંતુ GCPIAમાં મળેલા મજબૂત શૈક્ષણિક આધાર અને સતત માર્ગદર્શનના કારણે અમે આત્મવિશ્વાસ સાથે સ્પર્ધામાં આગળ વધી શક્યા. આ સિદ્ધિએ અમને ભવિષ્યમાં વધુ ઊંચા લક્ષ્યો તરફ આગળ વધવાની પ્રેરણા આપી છે."

આ નોંધપાત્ર સફળતા પાછળ વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી તથા વિભાગના પ્રિન્સિપાલનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમના સચોટ માર્ગદર્શન, પ્રેરણાદાયી નેતૃત્વ અને વિદ્યાર્થીઓ પ્રત્યેની સતત સહકારભાવનાના કારણે વિદ્યાર્થીઓને યોગ્ય દિશા મળી. પ્રિન્સિપાલશ્રી રાજેશ મહેતાના માર્ગદર્શન હેઠળ સંસ્થામાં શૈક્ષણિક ગુણવત્તા સાથે સાથે વ્યવહારિક અનુભવ, વૈશ્વિક વિચારસરણી અને સર્જનાત્મક વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

GCPIA એ આર્કિટેકચર, ફાઈન આર્ટ્સ અને ઇન્ટિરિયર ડિઝાઈનના ક્ષેત્રમાં ગુણવત્તાસભર શિક્ષણ આપતી એક પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે ઓળખાય છે. આ આંતરરાષ્ટ્રીય સફળતા એ સાબિત કરે છે કે, સંસ્થાનો અભ્યાસક્રમ અને માર્ગદર્શન વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ પર સ્પર્ધાત્મક બનાવવા સક્ષમ છે.

આ પ્રસંગે વિશ્વવિદ્યાલય પરિવાર વતી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા તમામ વિજેતાઓનું

સન્માન કરીને તેઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં પણ તેઓ આવી જ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે સંસ્થાનું નામ ઉજાગર કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને ભગવાન શ્રી બિરસામુંડા ૫૨ (બાવન)મો વાર્ષિક ખેલકૂદ મહોત્સવનો ભવ્ય આરંભ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને ભગવાન શ્રી બિરસા મુંડા ૫૨ (બાવન)મો વાર્ષિક રમતોત્સવ ૨૦૨૫–૨૬નું આયોજન કરવામાં આવેલ છે. જે તારીખ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ એમ કુલ ચાર દિવસ યોજાયો હતો.

આ સમગ્ર રમતોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના પ્રમુખપદે યોજાયો હતો. જેમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડા ડૉ. યોગેશભાઈ વાંસિયા નિમંત્રક હતાં.

તારીખ ૨૮ જાન્યુઆરી એ ખેલ કૂદ મહોત્સવનો પ્રથમ દિવસ હતો. જેમાં આરંભે સવારે ૧૦:૦૦ કલાકે ભારતીય પરંપરા પ્રમાણે દીપ પ્રાગટ્ય અને શ્રીફળવિધિ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના હસ્તે કરવામાં આવી હતી. ત્યારબાદ સામુહિકપણે વિશ્વવિદ્યાલય ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. ગીત ગાન બાદ NSSના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવત દ્વારા મહેમાનો સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, ખેલકૂદ મહોત્સવમાં જોડાયેલ વિશ્વવિદ્યાલય ભવનો અને વિશ્વવિદ્યાલય સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ખેલાડીઓ દ્વારા ફ્લેગ માર્ચ અને કુલસચિવશ્રીને સલામી કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું રાષ્ટ્રીય સ્તરે (ઓલ ઇન્ડિયા વિશ્વવિદ્યાલય ટુર્નામેન્ટ – એથલેટિક) પ્રતિનિધિત્વ કરવા ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા વ્યાયમ જ્યોત લઈને વિશ્વવિદ્યાલયમાં રમતગમતનો દીપ પ્રજ્વલિત રહે અને સૌને પ્રોત્સાહન મળે તે માટે માર્ચ કરવામાં આવી હતી. જેને બાદમાં કુલસચિવશ્રીએ સ્પર્શ કરી ખેલાડીઓને આશિષ આપ્યા હતા. આ જ્યોત ચાર દિવસ સુધી સતત પ્રજ્વલિત રહેશે. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા પ્રસંગને અનુરૂપ સંક્ષિપ્ત પ્રવચન આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે મંચ પર ઉપસ્થિત મહેમાનો, ખેલકૂદ મહોત્સવમાં ભાગ લેનાર તમામ કૉલેજો, વિભાગના મૅનેજરો તથા ખેલાડીઓને આવકાર અને પ્રોત્સાહન આપી રમતોમાં સંનિષ્ઠપણે ભાગ લેવા શુભેછાઓ પાઠવી હતી. તેમણે ખેલકૂદ મહોત્સવના નામકરણ અંગે પ્રવચનમાં કહ્યું હતું કે, સરદાર પટેલ અને બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી એક સાથે આવે છે તેના સન્માનમાં આ નામકરણ કરવામાં આવ્યું છે. તેમણે ફરી એકવાર મંચસ્થ મહેમાનો, વિદ્યાર્થી ખેલાડીઓ, શિક્ષકો વગેરેનો આભાર માની પ્રવચનને વિરામ આપ્યો હતો. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં NSSના સંયોજક ડૉ. શ્રીધર નિમાવત દ્વારા કુલસચિવશ્રી ડૉ.રમેશદાન સી. ગઢવી, ડૉ.શ્રીધર નિમાવતનું સ્વાગત બોર્ડ ઑફ સ્પોર્ટના સભ્ય શ્રી ડૉ.રૂસ્તમભાઈ સદરી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડુકનું સ્વાગત યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડાશ્રી ડૉ.યોગેશભાઈ વાંસિયા, ડૉ રૂસ્તમભાઈ સદરીનું સ્વાગત ડૉ. યોગેશભાઈ વાંસિયા, ડૉ યોગેશભાઈ વાંસિયાનું સ્વાગત ડૉ. શ્રીધર નિમાવત દ્વારા પુસ્તક અને ખેસ આપીને કરવામાં આવ્યું હતું. સ્વાગત વિધિ બાદ કુલસચિવશ્રી દ્વારા ૫૨ (બાવન)માં ખેલકૂદ મહોત્સવને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે બલૂનનો ગગનવિહાર કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ખેલાડીઓને સંપૂર્ણ નિષ્ઠા સાથે રમતોમાં ભાગ લેવા માટે પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી. પ્રતિજ્ઞાબાદ રાષ્ટ્રગાન સાથે ઉદ્‌ઘાટન સમારોહને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

રમતોત્સવ, ઉદ્‌ઘાટન સત્રથી શરૂ કરીને અંતિમ સત્ર એમ કુલ સાત સત્રમાં યોજાયો હતો. અંતિમ દિવસને બાદ

કરતા દરરોજ સવારે અને સાંજે એમ બે સત્રમાં રમતોત્સવનું આયોજન કરેલ હતું. રમતોત્સવ પુરુષ અને મહિલા એમ બે સેક્શનમાં હતું. આ રમતોત્સવમાં દોડ, ડિસ્ક થ્રો, ઊંચો કુદકો, લાંબો કૂદકો, શોટ પુટ, રીલે, હેમર થ્રો, જેવેલિન થ્રો, ટ્રિપલ જમ્પ અને હર્ડલ્સ જેવી રમતોને સમાવી લેવામાં આવેલ છે. તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ફાઇનલ સ્પર્ધા અને વિદાય સમારંભ યોજાશે.

## પર (બાવન)મો રમતોત્સવના પ્રથમ દિવસના સાંજ સુધીના પરિણામો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસરમાં તા. ૨૮/૦૧/૨૦૨૬ થી તા. ૩૧/૦૧/૨૦૨૬ સુધી ઍથ્લેટિક્સ ટ્રેક ખાતે પર (બાવન)મો ખેલકૂદ રમતોત્સવ યોજાયો હતો. જે અંતર્ગત પ્રથમ દિવસે એટલે કે, તારીખ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા), ડિસ્ક થ્રો અને ઉંચી કૂદ (મહિલા), ૪૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા) અને ૧૫૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા) જેવી ૦૮ સ્પર્ધા યોજાઈ હતી. તેમાંથી ચક્ર ફેક અને ઊંચી કૂદ એમ બે સ્પર્ધાઓના પરિણામ જાહેર થયા હતા. સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોને વિશ્વવિદ્યાલયના બોર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્યશ્રી લક્ષ્મણભાઈ આહિર, પૂર્વ ઇ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈ, આર્ટ્સ ફેકલ્ટીના ડીન ડૉ. જયંતિ ચૌધરી, આર્ટ્સ ફેકલ્ટીના ઍસોસિએટ ડીન ડૉ. દિલીપ વરસાણી અને બોર્ડ ઑફ સ્પોર્ટસના સભ્યશ્રી સંજય સી. કોસાણાના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ખેલકૂદ રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૨૪ કૉલેજોના ૯૭૬ ભાઈઓ અને ૬૮૪ બહેનો મળીને કુલ ૧૬૬૦ રમતવીરોએ ભાગ લીધો છે. વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોની નામની યાદી નીચે મુજબ છેઃ

### ઉંચી કૂદ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | રેન્ક |
|---|---|---|---|
| ૧ | લાડુમોર ઋષિતા જે | જે.બી.ધારુકાવાલા કૉલેજ, સુરત | ૧.૨૫ મીટર/ પ્રથમ |
| ૨ | ચૌધરી કશિશ | આર.પી. ચૌહાણ કૉલેજ, વ્યારા | ૧.૨૦ મીટર/ બીજો |
| ૩ | મિશાલ સ્વાતિ પી | દોલત ઉષા ઇન્સ્ટિટ્યૂટ, વલસાડ | ૧.૧૫ મીટર/ ત્રીજો |



### ચક્ર ફેક (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | સિંધ કોયલ સંજય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ. | ૩૧.૭૯ | ૫ |
| ૨ | સુવા દિવ્યા માલદે | શ્રીમતી આરપીસી આર્ટ્સ શ્રીમતી જેકેએસ ઍન્ડ કેડીએસ કોમર્સ કૉલેજ વ્યારા | ૨૪.૨૭ | ૩ |
| ૩ | વસાવા સપનાબેન ધર્મેશભાઈ | પી.આર.બી. આર્ટ્સ ઍન્ડ પી.જી.આર. કોમર્સ કૉલેજ બારડોલી. | ૨૩.૬૮ | ૧ |



## પર (બાવન)મો રમતોત્સવઃ બીજો દિવસ બપોર સુધીના પરિણામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસરમાં દિનાંક ૨૮/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ સુધી ઍથ્લેટિક્સ ટ્રેક ખાતે પર (બાવન)મો ખેલકૂદ રમતોત્સવ યોજાયો છે. જે અંતર્ગત બીજા દિવસે એટલે કે તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૫૦૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા), લાંબી કૂદ (મહિલા), શોટપુટ (મહિલા), ૨૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા), ઉંચી કૂદ (પુરુષ), ૨૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા), ઉંચી કૂદ ૧૫૦૦ મીટર દોડ (પુરુષ), શોટપુટ (પુરુષ), ૧૫૦૦ મીટર દોડ (મહિલા), ૪૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા), ૪ x ૪૦૦ મીટર રીલે (પુરુષ–મહિલા), ડિસ્ક થ્રો (પુરુષ), લાંબી કુદ (પુરુષ), ૮૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા) હેમર થ્રો (મહિલા ), ૪ x ૧૦૦ મીટર રીલે (પુરુષ–મહિલા) જેવી ૧૩ સ્પર્ધા યોજાઈ હતી. તેમાંથી લાંબી કૂદ (મહિલા), ૫૦૦૦ મીટર દોડ (પુરુષ–મહિલા) અને ગોળા ફેક (મહિલા) સ્પર્ધાઓના પરિણામ જાહેર થયા હતા.

સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ઈંગ્લિશ વિભાગના અધ્યાપક ડૉ. સુનિલભાઈ શાહ, એસ.વી.એન.આઈ.ટી.ના ડાયરેકટરશ્રી એન.કે.દત્તા અને યુવક કલ્યાણ વિભાગના વડાશ્રી ડૉ. યોગેશભાઈ વાંસીયાના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ખેલકૂદ રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૨૪ કૉલેજોના ૯૭૬ ભાઈઓ અને ૬૮૪ બહેનો મળીને કુલ ૧૬૬૦ રમતવીરોએ ભાગ લીધો છે. વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોની નામની યાદી નીચે મુજબ છેઃ

## લાંબી કૂદ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | રેન્ક |
|---|---|---|---|
| ૧ | કશિશ એ ચૌધરી | આર.પી. ચૌહાણ કૉલેજ, વ્યારા | ૪.૫૧ મીટર/ પ્રથમ ક્રમ |
| ૨ | માહલા ગંગેશ્વરી એમ | શ્રી રાજચંદ્ર કૉલેજ, ધરમપુર | ૪.૩૧ મીટર/ બીજો ક્રમ |
| ૩ | વિના કે સૂર્યવંશી | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ | ૪.૩૦ મીટર/ ત્રીજો ક્રમ |




## ચક્ર ફેંક (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | મિશ્રા નિશા જયપ્રકાશ | એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત | ૨૨.૩૭.૨૧ | ૫ |
| ૨ | ચૌધરી ઉપાસનાકુમારી ભદ્ર | શ્રીમતી આરપીસી આર્ટ્સ શ્રીમતી જે.કે.એસ ઍન્ડ કેડીએસ કોમર્સ કૉલેજ વ્યારા | ૨૨.૪૮.૩૫ | ૩ |
| ૩ | પટેલ જાનવી અરુણકુમાર | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત | ૨૩.૦૨.૯૫ | ૧ |




## ૫૦૦૦ મીટર દોડ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગાવિત સાગરભાઈ રમેશભાઈ | શ્રી વનરાજભાઈ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ૧૬.૨૧.૬૧ | ૫ |
| ૨ | દીવા રવિશભાઈ નિલેશભાઈ | ગર્વમેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ | ૧૭.૦૩.૧૪ | ૩ |
| ૩ | વસાવા સુદામભાઈ ભરતભાઈ | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા | ૧૭.૧૪.૩૨ | ૧ |




## ગોળા ફેંક (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | સિંધ કોયલ સંજય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ | ૮.૩૧ મીટર | ૫ |
| ૨ | માલકારી દામીનીબેન નરીમન | ગર્વમેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ | ૭.૬૯ મીટર | ૩ |
| ૩ | સુવા દિવ્ય માલદે | શ્રીમતી આરપીસી આર્ટ્સ શ્રીમતી જે.કે.એસ ઍન્ડ કેડીએસ કોમર્સ કૉલેજ વ્યારા | ૭.૫૧ મીટર | ૧ |




## ૫૨ (બાવન)મો રમતોત્સવઃ બીજા દિવસ સાંજ સુધીના પરિણામ

૫૨ (બાવન)માં ખેલકૂદ રમતોત્સવના બીજા દિવસે એટલે કે, તારીખ ૨૯–૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઊંચી કૂદ (પુરુષ–મહિલા), પંદરસો મીટર દોડ (પુરુષ–મહિલા), લાંબી કુદ (પુરુષ), ગોળાફેક (પુરુષ), ચક્ર ફેક (પુરુષ), પુરુષો અને મહિલાઓ માટેની હથોડા ફેક, પુરુષો માટેની ૧૦૦૦૦ મીટર દોડ, પુરુષો અને મહિલાઓ માટેની ૪૦૦ મીટર દોડ, પુરુષો અને મહિલાઓ માટેનો ત્રિપલ જમ્પ, પુરુષો અને મહિલાઓ માટેની ૨૦૦ મીટર દોડ, પુરુષો અને મહિલાઓ માટેની બરછી ફેક, પુરુષો અને મહિલાઓ માટેની

૮૦૦ મીટર દોડ, પુરુષો અને મહિલાઓ માટેની ૪૦૦ મીટર હર્ડલ, પુરુષો માટેની ૧૧૦ મીટર હર્ડલ, મહિલાઓ માટેની ૧૦૦ મીટર હર્ડલ, દિવ્યાંગ મહિલા ખેલ સ્પર્ધાઓમાં દિવ્યાંગ મહિલાઓ માટે અપર/લોઅર ૫૦ મીટર દોડ, અપર/લોઅર ગોળા ફેંક, અપર/લોઅર લાંબી કુદ, દિવ્યાંગ પુરુષ ખેલ સ્પર્ધાઓમાં દિવ્યાંગ પુરુષો અપર/લોઅર ૫૦ મીટર દોડ, અપર/લોઅર ગોળા ફેંક, અપર/લોઅર લાંબી કુદ જેવી ફાઈનલ સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ સ્પર્ધામાં વિજેતા થયેલ ખેલાડીઓને કુલ સચિવશ્રી ડૉ. રમેશભાઈ ગઢવી, વિશ્વવિદ્યાલયના શિક્ષણ વિભાગના વડા ડૉ. રાજેન્દ્ર પટેલ, કમ્પ્યુટર વિભાગના વડા ડૉ.અપૂર્વ દેસાઈ, વી.સી.ટી.બી.એડ કૉલેજ, સુરતના પ્રિન્સિપાલ ડૉ. પત્રલેખાબેન ચાવડા, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડા ડૉ. યોગેશ વાંસિયા અને વિશ્વવિદ્યાલયના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર ડૉ. પ્રકાશભાઈ બચરવાળાના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ખેલકૂદ રમતોત્વસવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૨૪ કૉલેજના ૯૭૬ ભાઈઓ અને ૬૮૪ બહેનો મળીને કુલ ૧૬૬૦ રમતવીરોએ ભાગ લીધો છે. ઉપરોક્ત સ્પર્ધાઓમાં વિજેતા થયેલા રમતવીરોની નામની યાદી નીચે મુજબ છેઃ

### ઊંચી કૂદ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | રેન્ક |
|---|---|---|---|
| ૧ | લાડુમોર ઋષિતા જે | જે.બી.ધારુકાવાલા કૉલેજ, સુરત. | ૧.૨૫ મીટર/ પ્રથમ ક્રમ |
| ૨ | ચૌધરી કશિશ | આર.પી. ચૌહાણ કૉલેજ, વ્યારા. | ૧.૨૦ મીટર/ બીજો ક્રમ |
| ૩ | મિશાલ સ્વાતિ પી | દોલત ઉષા ઇન્સ્ટિટયૂટ, વલસાડ. | ૧.૧૫ મીટર/ ત્રીજો ક્રમ |

### ઊંચી કૂદ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | નિષાદ નવનીતકુમાર શ્રીરામ | એમ.ટી.બી. આટ્ર્સ કૉલેજ, સુરત | ૧.૬૩ | ૫/ પ્રથમ |
| ૨ | ગામીત હાર્દિકકુમાર સુમનભાઈ | ધ પાટીદાર સાયન્સ કૉલેજ, બારડોલી | ૧.૬ | ૩/ બીજો |
| ૩ | મોંડિયા જયેશભાઈ શિવદાસભાઈ | શ્રી જે.પી.શ્રોફ આટ્ર્સ કૉલેજ, વલસાડ | ૧.૫૫ | ૧/ ત્રીજો |



### ૧૫૦૦ મીટર દોડ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | વસાવા વૈભવીબેન દિલીપભાઈ | શ્રીમતી આરપીસી આટ્ર્સ, શ્રીમતી જેકેએસ એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા | ૦૫.૨૩.૭૯ | ૫/ પ્રથમ |
| ૨ | મિશ્રા નિશા જયપ્રકાશ | એમ.ટી.બી. આટ્ર્સ કૉલેજ, સુરત | ૦૫.૩૨.૩૩ | ૩/ બીજો |
| ૩ | ચૌધરી ઉપાસનાકુમારી ભદ્રસિંહ | શ્રીમતી આરપીસી આટ્ર્સ, શ્રીમતી જેકેએસ એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા | ૦૬.૦૨.૬૬ | ૧/ ત્રીજો |




### લાંબી કૂદ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રાઠોડ રોહિત યોગેશભાઈ | ગર્વમેન્ટ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ | ૬.૨૫ | ૫/ પ્રથમ |
| ૨ | માછી ચિરાગકુમાર સુરેશભાઈ | શ્રી ઠાકોરભાઈ પટેલ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર | ૬.૧૨ | ૩/ બીજો |
| ૩ | વાંક સેમ્યુઅલ ધવલુંભાઈ | ગર્વમેન્ટ આટ્ર્સ કૉલેજ, કપરાડા | ૧.૫૫ | ૧/ ત્રીજો |



### ગોળા ફેંક (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ઝાલા અભયસિંહ જશવંતસિંહ | શાહ એન.એચ કોમર્સ કૉલેજ, વલસાડ | ૧૦.૮૩ | ૫/ પ્રથમ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | મોહમ્મદ ઈખલાશ નિયામત ખાન | સી.બી.પટેલ કમ્પ્યુટર એન્ડ જે એન.એમ.પી સાયન્સ કૉલેજ, ભરથાણા, વેસુ, સુરત. | ૧૦.૨૯ | ૩/ બીજો |
| ૩ | આયુષકુમાર ઝા | આર.કે.દેસાઈ અચ્છારી વાલા કૉલેજ ઑફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સ, વાપી. | ૧૦.૦૯ | ૧/ ત્રીજો |




## ચક્ર ફેંક (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ઝાલા અભયસિંહ જશવંતસિંહ | શાહ એન.એચ કોમર્સ કૉલેજ, વલસાડ | ૨૮.૯૦ | ૫/ પ્રથમ |
| ૨ | ગોલકિયા વર્ણી વિજયભાઈ | ડી.આર.બી. એન્ડ આર.બી.પી.કોમર્સ એન્ડ નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, ભરથાણા. | ૨૭.૨૪ | ૩/ બીજો |
| ૩ | ઝા રોહિતકુમાર સીતારામ | શાહ એન એચ. કોમર્સ કૉલેજ, વલસાડ. | ૨૬.૬૭ | ૧/ ત્રીજો |




## હથોડા ફેંક (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | સુવા દિવ્યા માલદે | શ્રીમતી આરપીસી આર્ટ્સ, શ્રીમતી જેકેએસ એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા. | ૨૬.૦૬ મીટર | ૫/ પ્રથમ |
| ૨ | પટેલ કિષ્ના ભાવેશ | શાહ એન એચ. કોમર્સ કૉલેજ, વલસાડ | ૧૬.૭૦ | ૦/ બીજો |
| ૩ | ધોળિયા શ્રુતિબેન સુરશભાઈ | શ્રી.જે.બી.ધારુકાવાલા કૉલેજ, સુરત | ૧૬.૪૧ | ૦/ ત્રીજો |




## હથોડા ફેંક (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ઝાલા અભયસિંહ જશવંતસિંહ | શાહ એન.એચ કોમર્સ કૉલેજ, વલસાડ | ૨૯.૪૯ | ૫/ પ્રથમ |
| ૨ | કંસારા દીપ અશોકભાઈ | જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ કીલ્લા પારડી | ૨૬.૧૧ | ૩/ બીજો |
| ૩ | ગોલકિયા વર્ણી વિજયભાઈ | ડી.આર.બી. એન્ડ આર.બી.પી.કોમર્સ એન્ડ નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, ભરથાણા | ૨૧.૪૮ | ૧/ ત્રીજો |



## ૧૦૦૦૦ મીટર દોડ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગાવીત સાગરભાઈ રમેશભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ૩૬.૩૭.૫૦ | ૫/ પ્રથમ |
| ૨ | વસાવા સુદામભાઈ ભરતભાઈ | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા | ૩૬.૪૬.૬૧ | ૩/ બીજો |
| ૩ | ચૌધરી પિયુષભાઈ ભગુભાઈ | શ્રી એબીવી ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વાંકલ | ૩૭.૧૩.૨૮ | ૧/ ત્રીજો |




## ૪૦૦ મીટર દોડ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પટેલ રાહુલકુમાર દિલીપભાઈ | શ્રી જયેન્દ્રપુરી આટ્ર્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ | ૫૧.૧૨ | ૫/ પ્રથમ |
| ૨ | ચૌધરી નૈતિકકુમાર વિજયભાઈ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી | ૫૧.૪૩ | ૩/ બીજો |
| ૩ | કટારિયા શુભમ હિંમતભાઈ | એમ.ટી.બી. આટ્ર્સ કૉલેજ, સુરત | ૫૩.૦૮ | ૧/ ત્રીજો |

## ૪૦૦ મીટર દોડ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રાઠવા પાયલબેન સોમસિંહભાઈ | શ્રી વનરાજ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ૦૧.૦૩.૬૨ | ૫/ પ્રથમ |
| ૨ | વસાવા વૈભવીબેન દિલીપભાઈ | શ્રીમતી આરપીસી આટ્ર્સ, શ્રીમતી જેકેએસ એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા. | ૦૧.૦૫.૬૩ | ૩/ બીજો |
| ૩ | પટેલ માનસી હેમાંશુભાઈ | પી.આર.બી. આટ્ર્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કૉલેજ, બારડોલી | ૦૧.૦૫.૭૫ | ૧/ ત્રીજો |




## ત્રિપલ જંપ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પવાર લહુભાઈ હરિભાઈ | શ્રી વનરાજ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ૧૨.૧૦ | ૫/ પ્રથમ |
| ૨ | માળી વરૂણ સંજયભાઈ | નવયુગ આટ્ર્સ કૉલેજ, સુરત | ૧૧.૯૫ | ૩/ બીજો |
| ૩ | મધ્વાલ કરણ પુસ્કરસિંગ | શ્રીમતી જે.પી.શ્રોફ આટ્ર્સ કૉલેજ, વલસાડ | ૧૧.૬૭ | ૧/ ત્રીજો |




## ૨૦૦ મીટર દોડ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગાવિત સંતોષકુમાર ઉત્તમભાઈ | ગવર્મેન્ટ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા. | ૨૨.૫૨ | ૫/ પ્રથમ |
| ૨ | પટેલ યતીનભાઈ મહેશભાઈ | શ્રી વનરાજ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર. | ૨૨.૫૫ | ૩/ બીજો |
| ૩ | ચૌધરી નૈતિકકુમાર વિજયભાઈ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, બુહારી. | ૨૨.૯૮ | ૧/ ત્રીજો |

## ૨૦૦ મીટર દોડ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રાઠવા પાયલબેન સોમસિંહભાઈ | શ્રી વનરાજ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર | ૨૭.૬૭ | ૫/ પ્રથમ |
| ૨ | ચૌધરી મોનિકાબેન નિલેશભાઈ | શ્રીમતી આરપીસી આટ્ર્સ, શ્રીમતી જેકેએસ એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા. | ૨૯.૩૫ | ૩/ બીજો |
| ૩ | દિયોરા ઉર્જા ધનજીભાઇ | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ. | ૩૦.૦૭ | ૧/ ત્રીજો |



## બરછી ફેંક (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગામીત ઉર્વશીકુમારી અનિલભાઈ | પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કૉલેજ, બારડોલી. | ૩૫.૧૬ (નવો રેકોર્ડ બનાવ્યો) | ૫/ પ્રથમ |
| ૨ | મલકારી દામીનીબેન નરીમાન | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ. | ૨૫.૦૨ | ૩/ બીજો |
| ૩ | વસાવા સુલોચના હસમુખ | શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા. | ૨૧.૮૫ | ૧/ ત્રીજો |




## ૮૦૦ મીટર દોડ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | વસાવા વૈભવીબેન દિલીપભાઈ | શ્રીમતી આરપીસી આર્ટ્સ, શ્રીમતી જેકેએસ એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા. | ૨.૩૪.૭૯ | ૫/ પ્રથમ |
| ૨ | મિશ્રા નિશાબેન જયપ્રકાશ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત. | ૨.૪૧.૦૮ | ૩/ બીજો |
| ૩ | પટેલ માનસી હેમાંશુભાઈ | પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કૉલેજ, બારડોલી. | ૨.૪૫.૬૬ | ૧/ ત્રીજો |




## ૧૫૦૦ મીટર દોડ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | વસાવા અતુલભાઈ ગુલાબસિંહ | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા | ૪.૧૭.૨૦ | ૫/ પ્રથમ |
| ૨ | ગામીત નિર્મલ યોહાનભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર | ૪.૨૩.૯૯ | ૩/ બીજો |
| ૩ | ગાવિત સાગર રમેશભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર | ૨૨.૯૮ | ૧/ ત્રીજો |




## ૮૦૦ મીટર દોડ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પટેલ રાહુલકુમાર દિલીપભાઈ | શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ | ૨.૦૦.૫૦ | ૫/ પ્રથમ |
| ૨ | વસાવા અતુલભાઈ ગુલાબસિંહ | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા | ૨.૦૩.૩૭ | ૩/ બીજો |
| ૩ | ગામીત નિર્મલકુમાર યોહાનભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર | ૨.૦૯.૩૦ | ૧/ ત્રીજો |

## બરછી ફેંક (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | કંસારા દીપ અશોકકુમાર | જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ કિલ્લા પારડી | ૪૨.૦૪ | ૫/ પ્રથમ |
| ૨ | સિંઘ અખંડ પ્રતાપ રણધીર | એસ.એસ.અગ્રવાલ કોમર્સ એન્ડ મૅનેજમેન્ટ, નવસારી | ૪૧.૫૭ | ૩/ બીજો |
| ૩ | વસાવા અર્જુનભાઈ રમેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ડેડીયાપાડા | ૩૯.૭૬ | ૧/ ત્રીજો |

## ૪૦૦મીટર હર્ડલ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગહલા રાજેશભાઈ તુકારામભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર | ૦૧.૦૨.૨૦ | ૫/ પ્રથમ |
| ૨ | ગામીત નિર્મલ યોહાનભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર | ૦૧.૦૬.૪૧ | ૩/ બીજો |
| ૩ | દીવા રવિભાઈ નિલેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ | ૦૧.૦૯.૦૫ | ૧/ ત્રીજો |

## ૧૧૦મીટર હર્ડલ (પુરુષ)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ભણવાર વિશાલભાઈ મધુભાઈ | સમાજસેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ વેડછી | ૧૯.૯૪ | ૫/ પ્રથમ |
| ૨ | ગહલા રાજેશભાઈ તુકારામભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધરમપુર | ૨૦.૧૬ | ૩/ બીજો |
| ૩ | વાંક સેમ્યુઅલ ધવલુભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, કપરાડા | ૨૦.૩૬ | ૧/ ત્રીજો |

## ૪૦૦મીટર હર્ડલ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રાઠવા પાયલબેન સોમસિંગભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર. | ૧.૧૬.૦૫ | ૫/ પ્રથમ |
| ૨ | વસાવા વૈભવીબેન દિલીપભાઈ | શ્રીમતી આર.પી.સી. આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.એસ. એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા. | ૧.૧૯.૯૨ | ૩/ બીજો |
| ૩ | ડોકયા અનિતા ધર્મા | શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ. | ૧.૨૪.૫૮ | ૧/ ત્રીજો |

## ત્રિપલ જંપ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | મહલા ગંગેશ્વરી મહેશભાઈ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ધરમપુર, વલસાડ. | ૯.૬૫ | ૫/ પ્રથમ |
| ૨ | ચૌધરી કશીશકુમારી અરુણભાઈ | શ્રીમતી આર.પી.સી. આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.એસ. એન્ડ શ્રી કેડીએસ કોમર્સ કૉલેજ, વ્યારા. | ૯.૨૧ | ૩/ બીજો |
| ૩ | લાડુમોર ઋષિતાબેન જીતુભાઈ | શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત. | ૮.૯૯ | ૧/ ત્રીજો |

## ૧૦૦મીટર હર્ડલ (મહિલા)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રાઠવા પાયલબેન સોમસિંગભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર. | ૧૭.૪૩ | ૫/ પ્રથમ |
| ૨ | ગામીત વંદનાબેન સુરેન્દ્રભાઈ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર. | ૨૦.૪૭ | ૩/ બીજો |
| ૩ | ચાવડા પ્રીતિબહેન વીનુ | એસ.એસ.અગ્રવાલ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, નવસારી. | ૨૧.૧૦ | ૧/ ત્રીજો |

## દિવ્યાંગ મહિલા ખેલાડીઓની સ્પર્ધાઓના પરિણામોઃ

## ૫૦ મીટર દોડ (મહિલા દિવ્યાંગ)(અપર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પટેલ વિશ્વાબેન રાજેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કૉલેજ, કાછલ. | ૯.૯૪ | ૫/ પ્રથમ |
| ૨ | પટેલ ધ્રુવીકુમારી રાજેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કૉલેજ, કાછલ. | ૧૦.૩૯ | ૩/ બીજો |
| ૩ | વસાવા રેખાબેન શૈલેષભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ સાગબારા. | ૧૧.૦૦ | ૧/ ત્રીજો |




## ૫૦ મીટર દોડ (મહિલા દિવ્યાંગ)(લોઅર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રવિદાસ નીલુ શિવ શંકરભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ. | ૧૨.૭૮ | ૫/ પ્રથમ |
| ૨ | શેખ જીયા સમીન | વીસીટી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભરૂચ | ૧૪.૨૨ | ૩/ બીજો |
| ૩ | મહતો અનિશા અરુણકુમાર | યુસીસી, એસપીબીસીબીએ એન્ડ શ્રીમતી ડી.એચજીસી બીસીએ એન્ડ આઈટી, ઉધના. | ૩૭.૬૬ | ૧/ ત્રીજો |




## ગોળા ફેંક (મહિલા દિવ્યાંગ)(અપર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પટેલ વિશ્વાબેન રાજેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, કાછલ. | ૪.૦૭ | ૫/ પ્રથમ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | પટેલ ધ્રુવીકુમારી રાજેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, કાછલ. | ૩.૬૯ | ૩/ બીજો |
| ૩ | સોલંકી પ્રિયા અતુલભાઈ | શ્રી જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત. | ૩.૦૫ | ૧/ ત્રીજો |




## ગોળા ફેંક (મહિલા દિવ્યાંગ)(લોઅર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | મહતો અનિશા અરુણકુમાર | યુસીસી, એસપીબીસીબીએ એન્ડ શ્રીમતી ડી.એચજીસી બીસીએ એન્ડ આઈટી, ઉધના. | ૩.૭૩ | ૫/ પ્રથમ |
| ૨ | રવિદાસ નીલુ શિવ શંકરભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ. | ૩.૬૮ | ૩/ બીજો |
| ૩ | શેખ જીયા સમીન | વીસીટી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભરૂચ. | ૨.૮૦ | ૧/ ત્રીજો |




## લાંબી કુદ (મહિલા દિવ્યાંગ)(અપર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | પટેલ વિશ્વાબેન રાજેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, કાછલ. | ૨.૫૭ | ૫/ પ્રથમ |
| ૨ | પટેલ ધ્રુવીકુમારી રાજેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, કાછલ. | ૨.૪૭ | ૩/ બીજો |
| ૩ | વસાવા રેખાબેન શૈલેષભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ સાગબારા. | ૧.૮૬ | ૧/ ત્રીજો |




## લાંબી કુદ (મહિલા દિવ્યાંગ)(લોઅર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રવિદાસ નીલુ શિવ શંકરભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભીલાડ. | ૧.૯૮ | ૫/ પ્રથમ |
| ૨ | શેખ જીયા સમીન | વીસીટી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભરૂચ. | ૧.૦૯ | ૩/ બીજો |
| ૩ | મહતો અનિશા અરુણકુમાર | યુસીસી એન્ડ એસપીબીસીબીએ એન્ડ શ્રીમતી ડી.એચજીસી બીસીએ એન્ડ આઈટી, ઉધના. | ૦.૯૪ | ૧/ ત્રીજો |




## દિવ્યાંગ પુરુષ ખેલાડીઓની સ્પર્ધાઓના પરિણામો:

## ૫૦ મીટર દોડ (પુરુષ દિવ્યાંગ)(અપર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ચોવટીયા આયુષ ભાવેશભાઈ | જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી. | ૭.૩૦ | ૫/ પ્રથમ |
| ૨ | મહલા અતુલ ગંગારામભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા. | ૭.૪૩ | ૩/ બીજો |
| ૩ | પટેલ વિરલભાઈ ભરતભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વાસદા. | ૭.૫૬ | ૧/ ત્રીજો |




## ૫૦ મીટર દોડ (પુરુષ દિવ્યાંગ)(લોઅર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | રાઠોડ રવજીભાઈ બાબુભાઈ | વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ ઍજ્યુકેશન, સુરત. | ૯.૪૧ | ૫/ પ્રથમ |
| ૨ | ગાવીત રોનક વિક્રમભાઈ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ધરમપુર, વલસાડ. | ૯.૬૧ | ૩/ બીજો |
| ૩ | ખલાસી જીગર ઉમેશભાઈ | નારાયણલાલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન, નવસારી. | ૭.૫૬ | ૧/ ત્રીજો |




## ગોળા ફેંક (પુરુષ દિવ્યાંગ)(અપર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગાવડા હસમુખ મણીલાલ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત | ૮.૬૫ | ૫/ પ્રથમ |
| ૨ | મહલા અતુલ ગંગારામભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, આહવા | ૮.૦૦ | ૩/ બીજો |
| ૩ | પવાર વિશાલ પુનિયાભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, આહવા | ૭.૩૮ | ૧/ ત્રીજો |




## ગોળા ફેંક (પુરુષ દિવ્યાંગ)(લોઅર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગામીત મેહુલ નરેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ. | ૭.૮૨ | ૫/ પ્રથમ |
| ૨ | રાઠોડ રવજીભાઈ બાબુભાઈ | વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ ઍજ્યુકેશન, સુરત. | ૭.૫૬ | ૩/ બીજો |
| ૩ | ખલાસી જીગર ઉમેશભાઈ | નારાયણ લાલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન, નવસારી. | ૭.૧૯ | ૧/ ત્રીજો |




## લાંબી કુદ (પુરુષ દિવ્યાંગ)(અપર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | મહલા અતુલ ગંગારામભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, આહવા. | ૪.૫૦ | ૫/ પ્રથમ |
| ૨ | ગાવડા હસમુખ મણીલાલ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત. | ૪.૩૦ | ૩/ બીજો |
| ૩ | પવાર વિશાલ પુનિયાભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, આહવા. | ૪.૨૬ | ૧/ ત્રીજો |




## લાંબી કૂદ (પુરુષ દિવ્યાંગ)(લોઅર લિંબ ડિફોર્મિટી)

| ક્રમ | ખેલાડીનું નામ | કૉલેજનું નામ | પર્ફોર્મન્સ | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ગામીત મેહુલમાર નરેશભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ | ૩.૨૪ | ૫/ પ્રથમ |
| ૨ | રાઠોડ રવજીભાઈ બાબુભાઈ | વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ ઍજ્યુકેશન, સુરત | ૩.૦૮ | ૩/ બીજો |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ગાવીત રોનકભાઈ વિક્રમભાઈ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ધરમપુર વલસાડ | ૨.૮૮ | ૧/ ત્રીજો |




## Department of Biotechnology

### સમન્વય ૨૦૨૬ ખાતે બાયોટેકનોલોજી વિભાગની ભાગીદારી અને સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોટેકનોલોજી વિભાગે ડી.આર.પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા નિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટના સહયોગથી તારીખ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આયોજિત સમન્વય–૨૦૨૬ ઇન્ટર કૉલેજ સ્પર્ધામાં સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, જ્ઞાન, ટીમવર્ક તથા વ્યવહારુ કૌશલ્ય વિકસાવવાના હેતુથી વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય સ્પર્ધાઓમાં The Furious Finder, Gyan Sangram, Glam Gala તથા Fire Less Chef સહિત અન્ય રસપ્રદ પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો.

જીવવિજ્ઞાન વિભાગના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો. Fire Less Chef સ્પર્ધામાં બી.એસસી. માઈક્રોબાયોલોજી, સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીનીઓ નુપુર ટેલર અને ઉન્નતિ શર્માએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ મેળવી. સમન્વય ૨૦૨૬માં ભાગ લેવા દ્વારા વિદ્યાર્થીઓને આંતર કૉલેજીય અનુભવ પ્રાપ્ત થયો તેમજ આત્મવિશ્વાસ, નેતૃત્વ ગુણો અને અભ્યાસક્રમથી પરે વ્યવહારુ કૌશલ્યનો વિકાસ થયો. આ સિદ્ધિ વિદ્યાર્થીઓની પ્રતિભા અને મહેનતને પ્રતિબિંબિત કરે છે તથા બાયોટેક્નૉલોજી વિભાગ માટે ગૌરવનો વિષય છે.

### એક દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળા–૨૦૨૬નું આયોજન














રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા એન.એસ.એસ. સંલગ્ન જુદી જુદી કૉલેજોમાંથી કાર્યરત ૧૫૦ પ્રોગ્રામ ઑફિસરશ્રીઓ માટે 'એક દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળા–૨૦૨૬'નું આયોજન તા. ૧૭/૦૧/૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક દરમિયાન ઑડિટોરિયમ હોલ, બાયોટૅક્નૉલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઍડવાઈઝર અને રીજયનલ ડાયરેક્ટરશ્રી ડૉ. કમલકુમાર કર, ડૉ. નીરજ સીલાવત, એન.એસ.એસ. સંયોજક, ગુજરાત વિદ્યાપીઠ, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇન્ચાર્જ ડાયરેક્ટરશ્રી ડૉ. યોગેશકુમાર વાંસિયા, એન.એસ.એસ. સંયોજક ડૉ. શ્રીધર નિમાવત તેમજ કેમ્પસ ખાતે કાર્યરત અનુસ્નાતક વિવિધ વિભાગોના વડા અને પ્રાધ્યાપકશ્રીઓ પણ હાજર રહ્યા હતા.

માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતે સાહેબે તેમના ઉદ્બોધનમાં જણાવ્યુ હતું કે, એન.એસ.એસ. માત્ર સેવા પ્રવૃત્તિ નથી, પરંતુ યુવાનોમાં રાષ્ટ્રીય જવાબદારી અને સામાજિક પ્રતિબદ્ધતા જગાડતું સશક્ત મંચ છે. યુવાનોને ગ્રામ વિકાસ, સ્વચ્છતા અને માનવ સેવા તરફ પ્રેરિત કરવામાં એન.એસ.એસ.ની ભૂમિકા અતિમહત્વપૂર્ણ છે. સરકાર અને વિશ્વવિદ્યાલય સાથે મળીને એન.એસ.એસ. દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં આવશે.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ શાબ્દિક ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત આ પ્રશિક્ષણ કાર્યશાળા પ્રોગ્રામ ઑફિસરો માટે કાર્યક્ષમતા વધારવાનું ઉત્તમ સાધન છે. શિક્ષણ સાથે સેવા અને નેતૃત્વ વિકાસ એ વિશ્વવિદ્યાલયની મુખ્ય દ્રષ્ટિ છે, જેમાં એન.એસ.એસ. અગત્યની ભૂમિકા ભજવે છે. પ્રોગ્રામ ઑફિસરો યુવાનોને રાષ્ટ્રીય અને સામાજિક કાર્ય માટે સક્રિય બનાવશે.

એન.એસ.એસ. પ્રોગ્રામ એડ્વાયઝર અને રીજ્યનલ ડાયરેક્ટર ડૉ. કમલકુમાર કર દ્વારા Annual Action Plan વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, "એન.એસ.એસ.નું Annual Action Plan યુવાનોમાં સેવા, શિસ્ત અને સમાજપ્રતિ નિષ્ઠા વિકસાવવાનો માર્ગદર્શક દસ્તાવેજ છે. આ આયોજન હેઠળ દરેક કૉલેજ ગામ અપનાવીને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અમલમાં મૂકી શકશે. સંકલિત પ્રયાસોથી એન.એસ.એસ. દ્વારા રાષ્ટ્રીય વિકાસના લક્ષ્યો સિદ્ધ થશે.

## SOMA સંશોધન ગ્રાન્ટ ૨૦૨૫ માટે પસંદગી




વિશ્વવિદ્યાલયના બાયોટૅક્નૉલોજી વિભાગના બી.એસસી. માઈક્રોબાયોલોજીનાં બીજા વર્ષના વિદ્યાર્થીશ્રી સ્વપ્નિલસિંહ ખેરની SOMA રિસર્ચ ગ્રાન્ટ ૨૦૨૫ માટે પસંદગી કરવામાં આવી છે. સોસાયટી ઑફ મેડિકલ ઑર્થોપૅડોલોજી (SOMA) દ્વારા દેશભરમાંથી પ્રાપ્ત થયેલી અનેક અરજીઓમાંથી ફક્ત ત્રણ સંશોધન પ્રસ્તાવોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં બાયોટૅક્નૉલોજી વિભાગના સહાયક પ્રોફેસર ડૉ. નિકુંજ ટંડેલના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વપ્નિલસિંહ ખેર દ્વારા રજૂ કરાયેલા સંશોધન પ્રસ્તાવને નવીનતા અને વૈજ્ઞાનિક મહત્વને ધ્યાને લઈ પસંદ કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, ડૉ. ગૌરવ શાહ તેમજ બાયોટેકનોલોજી વિભાગના તમામ શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફ દ્વારા શ્રી સ્વપ્નિલસિંહ ખેર અને તેમના માર્ગદર્શક ડૉ. નિકુંજ ટંડેલને હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## Department of Comparative Literature

### કળાયાત્રા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા આયોજિત રાણી અબ્બક્કાદેવી ૫૨ (બાવન)મો યુવા મહોત્સવ અંતર્ગત તા. ૨૦/૧૨/૨૦૨૬ના રોજ ભવ્ય કળાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન

અનેક કોલેજોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કુલ ૨૦ થીમના આધારે ભાગ લેનાર દરેક કોલેજે પોતાની આગવી કલ્પના અને સર્જનાત્મક અભિવ્યક્તિ સાથે રજૂઆત કરી, જેના પરિણામે વિશ્વવિદ્યાલય પ્રાંગણ રંગબેરંગી અને ઉર્જાસભર બની ઊઠ્યું હતું.

વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા ૨૦ થીમમાંથી "स्वदेशी स्वाभिमान है, देश की पहचान है" થીમ પસંદ કરવામાં આવી હતી. આ થીમ અંતર્ગત વિભાગના આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ દેશી ઉત્પાદનો, સ્થાનિક કારીગરી, સ્વદેશી વિચારધારા અને આત્મનિર્ભરતાના સંદેશને નાટ્ય, દૃશ્યાવલી, પોસ્ટર્સ અને સર્જનાત્મક પ્રસ્તુતિઓ દ્વારા અસરકારક રીતે રજૂ કર્યો હતો. વિદ્યાર્થીઓની આ રજૂઆત પ્રેક્ષકોમાં વિશેષ પ્રશંસા પામી.

સ્વદેશી થીમની અર્થપૂર્ણ રજૂઆત અને સામાજિક તથા રાષ્ટ્રીય સંદેશને ધ્યાનમાં રાખી વિશ્વવિદ્યાલય દ્વારા આ કળાયાત્રામાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે આશ્વાસન પારિતોષિક રૂા. ૧૦૦૦/– ઇનામ આપવામાં આવ્યું હતું. જેના કારણે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસમાં વધારો થયો. સમગ્ર આયોજનમાં વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મુકેશ વસાવા, વિભાગના અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ, સેવકો તેમજ અન્ય વિદ્યાર્થીઓનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## NEP अंतर्गत "हिन्दी पाठ्यक्रम विमर्श" विषय पर एक दिवसीय परिसंवाद और बैंक ऑफ बड़ौदा द्वार "मेधावी छात्र सम्म" तथा "साइबर धोखाघडी जागरूकता"




वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत तुलनात्मक साहित्य विभाग एवं हिन्दी प्राध्यापक मण्डल (वी.न.द.गु.वि. सूरत) के संयुक्त तत्वाधान में दिनांकः ३०/०१/२०२६, तिथि–माघ मास शुक्ल पक्ष द्वादशी वि.सं.२०८२ को आयोजित **NEP** के अन्तर्गत 'हिन्दी पाठ्यक्रम विमर्श' विषय पर एक दिवसीय परिसंवाद और बैंक ऑफ बड़ौदा द्वारा 'मेधावी छात्र सम्मान' तथा 'साइबर धोखाधड़ी जागरूकता' कार्यक्रम आयोजित किया गया।

माँ शारदा के चरणों में दीप प्रज्वलित करके गागर में सागर भरते हुए तथा एक पंथ कई काज के सिद्धान्त का उपयोग करते हुए त्रिवेणी संगम से युक्त कार्यक्रम का समायोजन विश्वविद्यालय के कुलगुरु माननीयश्री डॉ. किशोरसिंह एन. चावड़ाजी, कुलसचिवश्री डॉ. रमेशदान गढ़वीजी, हिन्दी प्राध्यापक मण्डल के अध्यक्ष व मंत्री क्रमशः डॉ. महेशभाई पटेलजी व डॉ. राजेश पटेलजी तथा बैंक ऑफ बड़ौदा के क्षेत्रीय महाप्रबंधक अधिकारीश्री मुकेश नवलजी तथा विभागाध्यक्षश्री डॉ. मुकेश वसावाजी के सानिद्धय में सम्पन्न हुआ।

प्रथम सत्र में मेधावी छात्रों श्री वनराज कला एवं वाणिज्य महाविद्यालय, धरमपुर के विद्यार्थी श्रीमती शोभनाबहन गणेशभाई पटेल – ११०००/– तथा तुलनात्मक साहित्य विभाग, वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत के विद्यार्थी विनेशभाई रामसिंगभाई वसावा को ७५००/– राशि का चेक प्रदान करके सम्मान किया गया । इसके साथ ही वर्तमान समय की ज्वलंत समस्या – साइबर वृत्तीय अपराध को रोकने के लिए वृत्तीय साक्षरता विषय पर कार्यशाला बैंक ऑफ बड़ौदा के अंचल व क्षेत्रीय कार्यालय की ओर से आयोजित किया गया। कार्यक्रम के दूसरे सत्र में 'राष्ट्रीय शिक्षा नीति' के सिध्धांत को धरातल पर व्यावाहरिक रुप में उतारने के लिए कार्यशाला आयोजित किया गया, जिसमें हिन्दी प्राध्यपक मण्डल के सभी सदस्यों की जिज्ञासाओं को विश्रान्ति मिली।

इसके साथ ही विभाग के सभी प्राध्यपक गण, वहीवटी कर्मचारी गण, सेवक बन्धुओं तथा विद्यार्थी गण की सक्रिय उपस्थिति से कार्यक्रम में चार चाँद लगा।

## સ્વાગત કાર્યક્રમ




વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તુલનાત્મક સાહિત્ય, હિન્દી અને સંસ્કૃતના વિદ્યાર્થીઓનું તા. ૧૨/૦૮/૨૦૨૫ના રોજ પ્રથમ વર્ષ વિદ્યાર્થીઓ માટે 'સ્વાગત કાર્યક્રમ' વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મુકેશ વસાવાના અધ્યક્ષતામા રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની સ્વીટી તિવારીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાનું કૌશલ બતાવ્યું હતું. ગઝલ, કવિતા, સમૂહ ડાંન્સ, નૃત્ય જેવી કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું આયોજન સેમેસ્ટર–૩ના વિદ્યાર્થીઓએ કર્યુ હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી હાજર રહ્યા હતા.

## વસંતપંચમી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા તા. ૨૩/૦૧/૨૦૨૬ના રોજ 'વસંતપંચમી ઉત્સવ' કાર્યક્રમની આધ્યાત્મિક વાતાવરણમાં

ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મુકેશ વસાવા પરોક્ષરૂપે ઉપસ્થિત રહી કાર્યક્રમને સુચારૂ રૂપે સંપન્ન કરાવવામાં માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિભાગના પ્રાધ્યાપકોના ડૉ. અનિલભાઈ ગામીત, ડૉ. અર્ચના પટેલ, ડૉ. કલ્પના પરમાર, ડૉ. દિનેશ ચૌહાણ, પ્રા. વૈભવ શુક્લ, જંબુસર કૉલેજના પ્રાધ્યાપિકા ડૉ. જયદેવીબેન જોશી તથા વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમ દરમિયાન વિભાગના વિદ્યાર્થીઓએ વિદ્યાની દેવી મા સરસ્વતીની આરાધના કરી પુષ્પોથી તેમની પૂજા અર્ચના કરી હતી. અંતે પ્રસાદી લઈ કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

## Department of FineArts


### શૈક્ષણિક પ્રવૃતિઓનું આયોજન















વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઑફ ફાઈન આર્ટ્સના સ્કલ્પ્ચર વિભાગની સ્થાપનાના ૨૦ વર્ષ પર્ણ થવાના ઉપલક્ષ્યે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના કુલ ૨૬ વિદ્યાથીઓ દ્વારા અભ્યાસક્રમ અંતર્ગત કાર્વિંગ (કોતરકામ) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ, જેમાં સિપોરેક્સ, લાકડું તેમજ પથ્થરમાંથી વિવિધ પ્રકારના શિલ્પો તૈયાર કરવામાં આવ્યા. ફાઈન આર્ટ્સના સ્કલ્પ્ચર વિભાગમાં વર્ષ ૨૦૧૫થી પરંપરાગત કાર્વિંગ પદ્ધતિ દ્વારા શિલ્પ નિર્માણની પરંપરા ચાલી આવી રહી છે. આશરે ૨૧૦ એકરમાં ફેલાયેલ વિશ્વવિદ્યાલય હરિયાળા કેમ્પસમાં વિવિધ જાતિના વૃક્ષો અને પ્રાણીઓ જોવા મળે છે. આ પર્યાવરણમાંથી કુદરતી રીતે તૂટી પડેલ વૃક્ષોના લાકડાનો ઉપયોગ, તેમજ લોકલ સ્ટોન અને લોકલ બિલ્ડિંગ મટીરિયલ જેવા કે સિપોરેકસ અને ઈંટનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ શિલ્પો બનાવ્યા છે. આ વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓએ છીણી, હથોડી અને અન્ય સાધનો પણ સ્વયં તૈયાર કર્યા હતા. આસપાસના કુદરતી વાતાવરણમાંથી પ્રેરણા લઈને ઝાડ, પાન, પશુ–પક્ષી તેમજ માનવસંબંધો જેવા વિષયો પર આધારિત શિલ્પ રચાયા હતા. શિલ્પનિર્માણ પહેલા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ દ્વારા ડ્રોઈંગ અને સ્કેલ મોડલ તૈયાર કરી અંતિમ શિલ્પ સિપોરેકસ, લાકડું અને સ્ટોનમાં બનાવવામાં આવ્યું હતું. આ શિલ્પો ભારત તથા ઇટલીમાં વર્ષોથી ચાલતી પરંપરાગત કાર્વિંગ પદ્ધતિ અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. આ પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓ કુદરતી પર્યાવરણનું જતન કરવાની સાથે સાથે ભારતની વર્ષો જૂની કોતરકામ કલા પરંપરાનું સંરક્ષણ પણ કરી રહ્યા છે. કાર્વિંગ પૂર્ણ થયા બાદ શિલ્પોને પરંપરાયત રીતે કાનસ, સેન્ડ પેપર તથા અન્ય પાવર ટૂલ્સની મદદથી ફિનિશિંગ અને પોલિશ કરવામાં આવ્યું, જેના કારણે શિલ્પો વધુ આકર્ષક બન્યા છે અને લાબાં સમય સુધી ટકી રહે તેવા બનાવાયા છે. આ વર્કશોપમાં ગુજરાત ઉદવાડા ખાતે પરંપરાગત રીતે કાર્ય કરતા, છેલ્લા ૨૦ વર્ષથી શિલ્પ ક્ષેત્રમાં અનુભવી અને દેશભરમાં ખ્યાતિ ધરાવતા વિષય નિષ્ણાંતનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળ્યું હતું. આ સફળ આયોજન બદલ કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of Economics

### એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ









તા. ૯/૧/૨૦૨૬નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા PM-USHA MERU SOFT COMPONANTS અંગે એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય One Day International Conference on Bridging Diciplines: Multidisciplinary Perspectives on Contemporary Challenges હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયનાં કુલપતિરિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને ચાવીરૂપ વ્યાખ્યાનનાં વકતા તરીકે ડૉ. કિશોર એમ. જોશી (સિનિયર પ્રોફેસર અને અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર વિશ્વવિદ્યાલય), ડૉ. ડી.જી. ઠાકોર (અધ્યાપક અને અધ્યક્ષ માનવ સંસાધન વિકાસ વિભાગ વી.એન.એસ.જી.યુ. સુરત), ડૉ. કિંજલ વી.આહિર (અધ્યાપક અને અધ્યક્ષ અર્થશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ વિશ્વવિદ્યાલય), રોફેલ આર્ટ્સ અને કોમર્સ કૉલેજનાં આચાર્ય ડૉ. હેમાલીબેન દેસાઈ, આર્ટ્સ ફેકલ્ટીનાં અસોસિએટ ડીન ડૉ. દિલીપ વરસાણી અને અર્થશાસ્ત્રનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી.રામી દ્વારા ઉપસ્થિત અતિથીગણ અને પરિષદમાં ભાગલેનાર સભ્યોનું શાબ્દિક સ્વાગત અને પરિચય રજૂ કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય પરિષદ અંગેની સમગ્ર રૂપરેખા ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા રજૂ કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પ્રસ્તુત પરિષદનાં આયોજન અને સફળતા બદલ પ્રેરણા અને શુભેચ્છા વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન કાર્યક્રમના અંતે ડૉ. મનીષ આર. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથી તરીકે કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, કાર્યક્રમમાં ભાગ લેનાર સભ્યો, તથા તમામ

કર્મચારીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની ઉદ્‌ઘાટન વિધિ બાદ મુખ્ય વકતાઓ દ્વારા પોતાના વકતવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સૌ પ્રથમ ડૉ. કિશોર એમ. જોશી દ્વારા ભારતીય ઉચ્ચ શિક્ષણમાં લિંગ અસમાનતા –કેટલાક પ્રતિબિંબો વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડૉ.ડી.જી.ઠાકોર દ્વારા ભારતમાં માનવ સંસાધન ક્ષેત્રના વર્તમાન પડકારો વિષયમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને રિ–સ્કિલિંગ, ગીગ ઇકોનોમી અને ફ્રીલાન્સિંગ વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. અંતિમ વકતા ડૉ. કિંજલ વી. આહીર દ્વારા સમકાલીન પડકારોના ઉકેલ માટે સામાજિક વિજ્ઞાનનું સમન્વય વિષય પર ખૂબ જ ઊંડાણપૂર્વક વકતવ્ય રજૂ કર્યુ હતું. સમગ્ર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કૉ–ઓર્ડિનેટર અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડૉ. મનીષ આર. પટેલ અને ડૉ. યોગેશ એન વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત પરિષદમાં કુલ ૨૦૫ જેટલા રજીસ્ટ્રેશન થયા તેમાંથી કુલ ૧૬૫ સંશોધન પેપર કુલ ૧૦ જુદા જુદા ટ્રેક પર રજૂ કરવામાં આવ્યા હતા.

## ગવર્મેન્ટ મેડિકલ કોલેજનાં વિદ્યાર્થીઓએ દ્વારા સેન્સસ માઇક્રો ડેટા સેન્ટરની મુલાકાત









તા. ૮–૧–૨૦૨૬નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગમા સ્થિત સેન્સસ માઇક્રો ડેટા સેન્ટરની કમ્યુનિટિ ડિપાર્ટમેન્ટ ગવર્મેન્ટ મેડિકલ કૉલેજ, સુરતનાં અનુસ્નાતક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, અધ્યાપક ડૉ.વિપુલ ચૌધરી અને અન્ય અધ્યાપકમિત્રો દ્વારા મુલાકાત લીધી હતી. પ્રસ્તુત મુલાકાત સંદર્ભે અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા સેન્સસ વિશેની પ્રાથમિક માહિતીથી લઈને વસ્તી ગણતરીની પ્રક્રિયા તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાતમાં સેન્સસ માઈક્રો ડેટા સેન્ટરની સ્થાપના અંગે દરેક વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓને સેન્સસ માઈક્રો ડેટા સેન્ટરની મુલાકાત કરાવી તથા તેના જુદા જુદા રીપોર્ટ પણ બતાવવામાં આવ્યા તથા કમ્પ્યુટરમાં સેન્સસ ડેટાનું વિશ્લેષણ કરવા માટેનાં સોફ્ટવેરનો ઉપયોગ પણ પ્રાયોગિક રીતે શીખાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને વસ્તી ગણતરી અંગે જે પણ પ્રશ્નો હતા તે દરેક અંગે માર્ગદર્શન ડૉ.ગૌરાંગ ડી.રામી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. ગવર્મેન્ટ મેડીકલ કોલેજનાં વિદ્યાર્થીઓને મુલાકાત બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ. કિશોરસિહ ચાવડા તથા કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

## રમતોત્સવ









તા. ૨૩/૧/૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો જેવી કે ગોળાફેંક, લાંબીકુંદ, ચક્રફેંક, દોડ, દોરડાકુદ, બેડમિન્ટન, રસ્સા ખેંચ, ક્રિકેટ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીઓ તથા અધ્યાપક ગણ અને વહીવટી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક રમતમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા રમતમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામી,વિભાગનાં અધ્યાપક ડૉ.યોગેશ એન.વાંસિયા અને ડૉ.મનીષ આર.પટેલ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. રમત દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને મનોબળ વધારવા માટે વિજેતા ખેલાડીને પ્રથમ, દ્રિતીય અને તૃતીય  ક્રમ આપવામાં આવ્યા હતા. જેમાં ૧૦૦ મીટર દોડમાં બહેનોમાં પ્રથમ એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા ભારતી, દ્રિતીય ક્રમાંક પર .સેમેસ્ટર–૨ ની વિદ્યાર્થિની ગોધાણી કિંજલ  અને તૃતીય ક્રમાંક પર ગોહિલ સુરભિ વિજેતા રહી હતી, ૧૦૦ મીટર ભાઈઓમાં પ્રથમ ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૨નો વિદ્યાર્થી પીપાવત કૌશલ, સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી ગામીત જતીન દ્રિતીય ક્રમાંક પર અને તૃતીય ક્રમાંક પર તેલંગી વિકી વિજેતા રહ્યા હતા, ૨૦૦ મીટર દોડમાં બહેનોમાં પ્રથમ ક્રમ પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા મહિમા, દ્રિતીય ક્રમ પર વસાવા નેહા અને તૃતીય ક્રમ પર  વસાવા ભારતી વિજેતા રહ્યા હતા, ૨૦૦ મીટર દોડમાં ભાઈઓમાં પ્રથમ ક્રમાંક પર સેમેસ્ટર– ૨ નો વિદ્યાર્થી રાઉત મેહુલ, દ્રિતીય ક્રમાંક પર તેલંગી વિકી અને તૃતીય ક્રમાંક પર ગામીત માર્ટિન વિજેતા રહ્યો હતો, ૪૦૦ મીટર દોડમાં એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા મહિમા પ્રથમ, વસાવા નેહા દ્રિતીય અને  કોંકણી ઉષા તૃતીય ક્રમ પર વિજેતા રહી હતી અને ભાઈઓમાં ૪૦૦ મીટરમાં પ્રથમ ક્રમાંક પર સેમેસ્ટર– ૨ નો વિદ્યાર્થી પાડવી રવીન્દ્ર, દ્રિતીય ક્રમાંક પર વાઢૂ  યોગેશ અને તૃતીય ક્રમાંક પર તેલંગી વિકીને વિજેતા જાહેર કરવામાં આવ્યો હતા, બરછી ફેંક રમતમાં એમ.એ.સેમેસ્ટર–૪નાં વિદ્યાર્થી વસાવા અલ્પેશ પ્રથમ, એમ.એ.સેમેસ્ટર–૨ નાં વિદ્યાર્થી ભેદ રવિ દ્રિતીય અને તૃતીય ક્રમ પર એમ.એ.સેમેસ્ટર–૨ નાં વિદ્યાર્થી  ડંગોદરા ચિરાગ વિજેતા રહ્યા હતા, બરછી ફેંક બહેનોમાં પ્રથમ ક્રમ પર સેમેસ્ટર–૨ ની વિદ્યાર્થીની વાઘમશી માનસી, દ્રિતીય ક્રમ પર ગામીત સોનલ અને તૃતીય ક્રમ પર ભૂવા ઈશાવિજેતા રહ્યા હતા, ચક્રફેંક રમતમાં એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત નીંકીતા પ્રથમ, દ્રિતીય ક્રમ પર ગામીત પીંકલ અને તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની ગોહિલ સુરભિ વિજેતા રહ્યા હતા, ચક્રફેંક ભાઈઓમાં પ્રથમ ક્રમે સેમેસ્ટર–૨નો વિદ્યાર્થી પીપવત કૌશલ, દ્રિતીય ક્રમાંક પર ધામેલિયા જય અને તૃતીય ક્રમાંક પર ગોહિલ  અજય વિજેતા રહ્યા હતા, ગોળાફેંક રમતમાં બહેનોમાં એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વાઘમશી માનસી પ્રથમ, ગોહિલ સુરભિ દ્રિતીય અને વસાવા નેહા તૃતીય ક્રમ પર વિજેતા રહ્યા હતા અને ગોળાફેંક ભાઈઓમાં એમ.એ.સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી તેલંગી વિકી પ્રથમ અને સેમેસ્ટર–૪નો વિદ્યાર્થી વસાવા અલ્પેશ દ્રિતીય ક્રમ અને તૃતીય ક્રમ પર ગોહિલ અજય વિજેતા રહ્યા હતા. દોરડા કૂદ ભાઈઓમાં એમ.એ. સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી વિશ્વકર્મા દેવાંગ  પ્રથમ ક્રમાંક પર, સેમેસ્ટર–૪નાં વિદ્યાર્થી વાળવી તૃષાર અને સેમેસ્ટર–૨ના વિદ્યાર્થી તેલંગી વિકી અને તૃતીય ક્રમાંક પર સેમેસ્ટર–૪ ગામીત માર્ટિન પર વિજેતા રહ્યા હતા, દોરડકુંદ બહેનોમાં સેમેસ્ટર–૨ની વિદ્યાર્થિની વસાવા ખુશ્બુ પ્રથમ ક્રમ પર, નાયક રસિકા દ્રિતીય ક્રમ પર અને તૃતીય ક્રમ પર સેમેસ્ટર–૪ના વિદ્યાથીની નાઈક રીયા વિજેતા રહ્યા હતા. લાંબીકુદ ભાઈઓમાં સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી પીપવત કૌશલ પ્રથમ ક્રમ પર, દ્રિતીય ક્રમ પર પદવી રવીન્દ્ર અને તૃતીય ક્રમ પર સેમેસ્ટર–૪ના વિધ્યાર્થી વળવી તૃષાર વિજેતા રહ્યા હતા, જયારે લાંબી કુદ બહેનોમાં સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા મહિમા પ્રથમ ક્રમાંક પર, દ્રિતીય ક્રમાંક પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા નેહા અને નાઈક રાશિકા તૃતીય ક્રમાંક પર સેમેસ્ટર–૨ ની વિદ્યાર્થીની ગામીત પીંકલ વિજેતા રહ્યા હતા, બેડમિન્ટનમાં બહેનોમાં પ્રથમ ક્રમ પર  એમ.એ.સેમેસ્ટર–૪ ની વિદ્યાર્થીની મસાની ફીઝા અને દ્રિતીય ક્રમાંક પર એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની ગોહિલ સુરભિ વિજેતા રહી હતી. જ્યારે બેડમિન્ટન ભાઈઓમાં વિજેતા સેમેસ્ટર–૨ના વિદ્યાર્થી ભેદ રવિ પ્રથમ ક્રમ અને દ્રિતીય ક્રમ પર પીપવત કૌશલ એપ્રાપ્ત ર્ક્યો હતો. વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ.આર.સી ગઢવી અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામી રમત ઉત્સવનાં દરેક વિજેતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of Gujarati

### શ્રણ્વન્તુ શ્રેણી–૧૧










વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગમાં આજ રોજ 'શ્રણ્વન્તુ શ્રેણી'નું ૧૧મું વ્યાખ્યાન યોજાયું. ઉપરોક્ત વિષય અંતર્ગત બે વક્તાઓ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યા. આ વ્યાખ્યાનમાં વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા. વિભાગનાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆતમાં વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુક્લએ કાર્યક્રમની રૂપરેખા અને ભૂમિકા બાંધી આપી. ત્યારબાદ કુલપતિશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. પ્રથમ વક્તાશ્રી રોહિત મારફતિયાએ ધનસુખલાલ મહેતાના જીવન વિશે તેમજે તેમની વાર્તાઓ વિશે વાત કરી. બદલાતાં સુરતની છબિ દર્શાવતી કૃતિ અમે બધાંની વાત કરી. ઉપરાંત તેમની આત્મકથા 'આથમતે અજવાળે'ની વાત કરી. વ્યાખ્યાનના બીજા વક્તા શ્રી બકુલ ટેલરે ધનસુખલાલ મહેતાના નાટકો વિશે, તેમજ રૂપાંતરિત કૃતિઓ 'મનુની માસી', 'રગીલો રાજા' વિશે વાત કરી. સર્જક ધનસુખલાલ મહેતાના નાટકો વિશે તેમજ બન્ને વક્તાઓ સુરતનાં વતની હોવાથી સર્જકની કૃતિઓ ઉપરાંત એમના જીવન વિશેની માહિતી પણ વિગતે જાણવા મળી. ધનસુખલાલ મહેતા જેવા અર્વાચીન તબક્કાનાં સર્જક અજાણ્યા શા માટે રહ્યા? એની પણ ચર્ચાઓ થઈ. એ રીતે પ્રસ્તુત વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને સંશોધન માટે નવી દિશા મળી અંતે રાષ્ટ્રગાન બાદ સૌ છૂટાં પડયાં. આ વ્યાખ્યાનનું સંપૂર્ણ સંચાલન ડૉ. આરતી પાંચાલે કર્યું અને આભારવિધિ સુશ્રી વિધી પટેલે કરી.

## રાષ્ટ્રીય પરિસંવાદ







તારીખ ૩૦મી ડિસેમ્બર,૨૦૨૫ને મંગળવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ગુજરાતી વિભાગામાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. રજિસ્ટ્રેશન અને સવારના ચા–નાસ્તા બાદ પરિસંવાદની શરૂઆત થઈ. પ્રથમ ઉદ્ઘાટન બેઠકમાં વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા. સૌ મંચસ્થ મહેમાનોનું ડાયરી આપી સ્વાગત થયું. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ ડૉ. નરેશ શુક્લએ સૌને આવકારી કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. ત્યારબાદ પરિસંવાદની પ્રથમ બેઠકની શરૂઆત થઈ. પ્રથમ બેઠકના વક્તા ડૉ.મહેશ ચંપકલાલે ચાવીરૂપ વ્યખ્યાન આપ્યું. છેક સુધારક્યુગના નાટકોથી શરૂઆત કરીને અનુઆધુનિક યુગનાં નાટકો સુધીની ઝાંખી કરાવી. દરેક યુગનાં સામાજિક પ્રશ્નોને નાટ્યકારોએ કેવી રીતે નાટકમાં પ્રયોજ્યાં તેની વિગતે વાત કરી. બદલાતા જતા સમાજ સાથે નાટ્યકૃતિઓ કેટલી અને

કેવી રીતે બદલાઈ એની ઝીણવટભરી માહિતી એમણે આપી. આ બેઠકનું સંચાલન વિધી પટેલે કર્યું. ત્યારબાદ દ્વિતીય બેઠકના વક્તાશ્રીઓને મંચ પર આવકારવામાં આવ્યાં. દ્વિતીય બેઠકના પ્રથમ વક્તા શ્રી કવિત પંડયાએ 'સુધારક યુગનાં નાટકોમાં સામાજિક પશ્નોનું આલેખન વિષય પર વ્યાખ્યાન આપ્યું. સુધારક યુગના નાટકોમાં તે સમયની રૂઢિઓને પડકારતા પશ્નો જોવા મળ્યાં તેની વાત કરી. દલપતરામ નર્મદ, ધનસુખલાલ મહેતા, નંદશંકર, નવલરામ, જેવા સુધારક યુગના સર્જકોના નાટકોમાં સંસાર સુધારાની વાતો કેવી રીતે આલેખવામાં આવી તેની માહિતી એમણે આપી. દ્વિતીય બેઠકના બીજા વક્તા શ્રી બકુલ ટેલરે 'પંડિતયુગના નાટકોમાં સામાજિક પશ્નોનું આલેખન વિષય સંદર્ભે રજૂઆત કરી. મણિલાલ દ્વિવેદી, કાન્ત, રમણભાઈ નીલકંઠ, ચીમનલાલ ત્રિવેદી, ન્હાનાલાલ જેવા પંડિત યુગના સર્જકોનાં નાટકોને અનુલક્ષીને પંડિતયુગનાં નાટકોમાં કેવા પ્રકારના સામાજિક પ્રશ્નો જોવા મળે છે, એની વિસ્તારથી વાત કરી. દ્વિતીય બેઠકના ત્રીજા વક્તા શ્રી દીપક ભટ્ટે 'ગાંધીયુગના નાટકોમાં સામાજિક પશ્નોનું આલેખન  વિષય પર વ્યાખ્યાન આપ્યું. એમણે ઇન્દુપુવાર, કૃષ્ણલાલ શ્રીધરાણી, ઇન્દુલાલ ગાંધી, ચંદ્રવદન મહેતા, મનુભાઈ પંચોળી, યશવંત પંડયા જેવાં સર્જકોના નાટકોને ધ્યાનમાં રાખી, ગાંધીયુગના પ્રશ્નો જેવા કે, અસ્પૃશ્યતા, આર્થિક અસમાનતા તેમજ સ્ત્રીઓનાં પ્રશ્નો પ્રત્યે આંગળી ચીંધી. દ્વિતિય બેઠકનું સંચાલન ડૉ. પન્ના ત્રિવેદીએ કર્યું દ્વિતીય બેઠક બાદ ભોજન વિરામનો સમય થયો. ભોજન લીધા બાદ તૃતીય બેઠકની શરૂઆત થઈ.

તૃતીય બેઠકના પ્રથમ વક્તા શ્રી રાજેન્દ્ર મહેતા સંજોગોવસાત પરિસંવાદમાં હાજરી ન આપી શક્યા. બીજા વક્તા શ્રી પ્રભુદાસ પટેલે 'આધુનિક યુગના નાટકોમાં સામાજિક પ્રશ્નોનું આલેખન વિષય આધારિત વ્યાખ્યાન આપ્યું. મધુરાયના 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો' નાટકથી ગુજરાતી નાટકોની તાસીર પલટાઈ ગઈ, એ વાતની એમણે સ્પષ્ટતા કરી. ચિનુ મોદીના નાટકોની પણ વાત કરી. ત્રીજી બેઠકના ત્રીજા વક્તા શ્રી રાજેશ્વરી પટેલે, 'અનુઆધુનિક યુગના નાટકોમાં સામાજિક પ્રશ્નોનું આલેખન' વિષય પર વ્યાખ્યાન આપ્યું. બદલાતી માનસિકતા, બદલાતી પરિસ્થિતી અને એના કારણે બદલાતો સમાજ નાટકમાં કેવી રીતે ઉતરી આવ્યો એની વાત કરી. સતીશ વ્યાસ, સૌમ્ય જોશીના નાટકોને ધ્યાનમાં રાખીને ચર્ચા કરી.

આ બેઠકનું સંચાલન ડૉ. આરતી પાંચાલે કર્યું. ત્રીજી બેઠકના અંતે વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ કરેલ પ્રશ્નના જવાબમાં શ્રી મહેશ ચંપકલાલે રંભાબેન ગાંધી, ધીરુબહેન પટેલ, રાજેશ્વરી પટેલ, સ્નેહા દેસાઈ, અદિતી દેસાઈ જેવા સ્ત્રી નાટ્યકારોનો ઉલ્લેખ કર્યો, સ્ત્રી નાટ્યકારો અને પુરુષ નાટ્યકારોની નિરૂપણરીતિ વચ્ચેની પાતળી ભેદરેખા ઉપસાવી આપી. દસ મિનિટના વિરામબાદ ચતુર્થ બેઠકની શરૂઆત કરવામાં આવી. આ બેઠકમાં સંશોધક વિદ્યાર્થીઓએ પોતાના શોધપત્રો રજૂ કર્યા. અધ્યક્ષ શ્રી નરેશ વાઘેલાએ શોધપત્રો સંદર્ભે થોડી વાત કરી. બેઠકનું સંચાલન વિધી પટેલે કર્યું. અંતે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું. રવિ મોકાશીએ આભારવિધિ કરી.

## Department of Rural Studies

### ઉન્નત ભારત @ ૨૦૪૭ વિષયક રાષ્ટ્રીય સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના મહાત્મા ગાંધીગ્રામ અધ્યયન વિભાગ દ્વારા "Unnat Bharat @2047" વિષય પર ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં PM-USHA MERU Soft Component દ્વારા પ્રાયોજિત હતો. સેમિનારના ચીફ પેટ્રન તરીકે માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કો–પેટ્રન તરીકે કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તેમજ આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના વિદ્વાનો, નિષ્ણાંતો અને મહેમાનોની ગૌરવસભર ઉપસ્થિતિ રહી હતી.




કાર્યક્રમના મુખ્ય કી–નોટ સ્પીકર તરીકે પ્રોફેસર રમેશ મકવાણા, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વવિદ્યાલય, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. તદુપરાંત, કાર્યક્રમના રિસોર્સ પર્સન તરીકે પૂર્વ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. વિપુલ જે. સોમાણી, મહાત્મા ગાંધી ગ્રામ–અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત પોતાની વિશેષ ઉપસ્થિતિ સાથે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં અન્ય વિશિષ્ટ મહેમાનો તરીકે ડૉ. અક્ષયા આપ્ટે – માનેરીકર, ઉપાધ્યક્ષ, YOJAK- ટકાઉ વિકાસ માટે સંશોધન અને વ્યૂહાત્મક આયોજન કેન્દ્ર, શ્રીમતી જુઈ પેઠ, કાર્યક્રમ પ્રમુખ, REEDS, સમુદાય આધારિત જૈવ વૈવિધ્ય સંરક્ષણ અને જીવનોપાર્જન વિકાસ ક્ષેત્રની નિષ્ણાત, ડૉ. જયંતા ચૌધરી, પ્રોફેસર તથા વિભાગાધ્યક્ષ, ગ્રામીણ વિકાસ અને આયોજન વિભાગ, નાગાલેન્ડ વિશ્વવિદ્યાલય, આદરપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.



આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના અધ્યક્ષ ડૉ. દીપક ભોય (કન્વીનર) અને ડૉ. શ્રીધર નિમાવત (સંયોજક) દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદઘોષકનું કાર્ય ડૉ. દિપેશ ઝા અને ડૉ. નિકીતા દેસાઇ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની વિવિધ કામગીરીઓ વિભાગના ટેમ્પરરી આસી. પ્રોફેસર ડૉ. શીતલ માલી, ડૉ. રીનલ વાડીયા, ડૉ. સુમીર ગામીત, ડૉ. અંકિત વસાવા, મહેશભાઈ વસાવા અને નિતેશભાઈ પાડવી દ્વારા કરવામાં આવી હતી.




રાષ્ટ્રીય સેમિનારમાં કુલ આશરે ૨૩૦ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો, જેમાં વિશ્વવિદ્યાલય ઉપરાંત શહેર બહારના Ph.D. રિસર્ચ સ્કોલર્સ, ફેકલ્ટી સભ્યો તેમજ PG અને UG વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમાંથી ૬૬ જેટલા પ્રતિભાગીઓએ સંશોધન પેપરો પ્રસ્તુત કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે વિશ્વવિદ્યાલય ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા વિધિવત રીતે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનોનું આદરપૂર્વક વિશ્વવિદ્યાલય ખેસ, કવિ નર્મદની પ્રતિમા તથા ભગવદ ગીતા અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ ગ્રામ અભ્યાસ વિભાગના વડાશ્રી ડૉ. દીપક ભોયે દ્વારા સેમિનારના વિષય, ઉદ્દેશયો તથા તેની શૈક્ષણિક અને સામાજિક મહત્વતા અંગે વિસ્તૃત પ્રસ્તાવના રજૂ કરવામાં આવી. તેમણે સેમિનારના ઉદ્દેશ્યને સ્પષ્ટ કરતાં જણાવ્યું કે આ પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય વિકાસમાં સક્રિય ભાગીદાર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા વિશે જણાવ્યુ હતું.



સેમિનારમા માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓન 'ઉન્નત ભારત' અને 'ઉન્નત ભારત'ના નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની આવશ્યકતા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે રાષ્ટ્ર નિર્માણમાં યુવા પેઢીની જવાબદારી, નૈતિક મૂલ્યો અને સામાજિક પ્રતિબદ્ધતા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમના અંતે વિભાગના સહાયક પ્રોફેસર ડૉ. શ્રીધર નિમાવત દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી અને ત્યારબાદ રાષ્ટ્રગાન સાથે પ્રારંભિક સત્ર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

એક દિવસીય રાષ્ટ્રિય સેમિનારમા માર્ગદર્શક પ્રવચન સત્રમાં કી–નોટ સ્પીકર દ્વારા પ્રોફેસર ડોઈ રમેશ મકવાણા દ્વારા 'ઉન્નત ભારત' અભિયાનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, તેના ઉદ્દેશ્યો તથા ઉન્નત ભારત અંતર્ગત ગ્રામ વિકાસમાં કયા કયા ક્ષેત્રોને સમાવેશ કરી શકાય તેની બાબતે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી.






સેમિનારમા વિભાગના ભૂતપૂર્વવડાશ્રી, પ્રોફેસર ડૉ. વિપુલ જે. સોમાણી દ્વારા Climate Change and Resilience વિષય પર વિશદ અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે આબોહવા પરિવર્તન અંગે વૈશ્વિક સ્તરે વિકસિત દેશો યોગ્ય રીતે જવાબદારી નિભાવતા નથી અને ઘણી વખત આ મુદ્દે બેદરકારી દાખવે છે. તેમણે ભારતની પરંપરાગત જ્ઞાન પ્રણાલી અને જીવનશૈલી વિશે ઉદાહરણ આપીને સમજાવ્યું કે ભારત એક સમયગાળામાં તમામ સંસાધનોમાં કેવી રીતે સમૃદ્ધ હતું, અને ભારતીય પરંપરાગત જૈવ વિવિધતા, કંસારી પ્રથા, આરોગ્ય ક્ષેત્રની આપણું પરંપરાગત જ્ઞાન, ખેતી ક્ષેત્રની આપણા દેશની જૂની અનાજની પ્રજાતિ, અને જૂના રીત–રિવાજો જે કઈ રીતે તમામ સમસ્યાઓમાંથી બહાર નીકળવું એ શીખવતાં હતા. જે અંગે હાલની પરિસ્થિતિ શું છે અને ભવિષ્યમાં ટકાઉ તથા લચીલા વિકાસ માટે કઈ દિશામાં આગળ વધવું જરૂરી છે તેની સંપૂર્ણ માહિતી પ્રસ્તુત કરી હતી.





સેમિનારના ત્રીજા સત્રમાં વિષય નિષ્ણાત ડૉ. અક્ષયા આપ્ટે– મનેરિકાર (Vice President, YOJAK Centre for Research and Strategic Planning for Sustainable Development) દ્વારા 'Unnat Bharat@2047 માટે ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓની સંલગ્નતા' વિષય પર અત્યંત વિચાર પ્રેરક અને માર્ગદર્શક વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું. ભારત દેશના વિકાસના પંચવર્ષીય યોજના થી લઈને ૧૯૯૧ની ઔદ્યોગિક નીતિ સુધીના ઇતિહાસ સાથે દેશની કૃષિ ક્ષેત્રની સ્થિતિ, દેશના વિકાસ માટે કઈ પ્રણાલીઓ અપનાવી શકાય અને કયા ક્ષેત્રમાં શું કાર્ય કરી શકાય તેમજ રાષ્ટ્રવિકાસના લક્ષ્યમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓની ભૂમિકા પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું કે, યુવાનોની સક્રિય ભાગીદારી વિના 'વિકસિત ભારત'નું સ્વપ્ન સાકાર થવું શક્ય નથી. તેમણે શિક્ષણ, સંશોધન, સમુદાય સંલગ્નતા તથા સામાજિક જવાબદારી દ્વારા વિદ્યાર્થીઓ ગ્રામીણ ભારતના સર્વાંગી વિકાસમાં કેવી રીતે યોગદાન આપી શકે તે અંગે ભવિષ્યના દ્રષ્ટિકોણ સાથે વિશ્લેષણાત્મક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.



આ સત્રનું અધ્યક્ષસ્થાન ડૉ. યશોધરા ભટ્ટ, સહાયક પ્રાધ્યાપક અને કાર્યક્રમ સંયોજક, કાયદા વિભાગ, વીર નર્મદ સાઉથ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા શોભાયું હતું. અધ્યક્ષીય ઉદ્બોધનમાં તેમણે વિષય નિષ્ણાત વિચારોને સમર્થન આપતાં વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રેરણા આપી.




સેમિનારમાં આમંત્રિત વિષય નિષ્ણાંત શ્રીમતી જુઈ પેઠ, પ્રોગ્રામ લીડ, REEDS, ભારત દ્વારા "Unnat Bharat@2047 માટે આદિવાસી સમુદાયોની સંશોધન પ્રાથમિકતાઓ" વિષય પર માહિતીસભર અને દષ્ટિવર્ધક વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે આદિવાસી સમુદાયોના પરંપરાગત જ્ઞાન, કુદરત સાથેના સહઅસ્તિત્વ, જૈવ વૈવિધ્ય સંરક્ષણ અને ટકાઉ જીવનોપાર્જન વિકાસની ભૂમિકાને રાષ્ટ્રીય વિકાસ સાથે સંકલિત કરવાની આવશ્યકતા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે સંશોધન પ્રવૃત્તિઓ સમુદાય કેન્દ્રિત હોવી જોઈએ જેથી વિકાસ પ્રક્રિયામાં આદિવાસી સમાજની વાસ્તવિક જરૂરિયાતોને પ્રતિબિંબિત કરી શકાય. આ સત્રની અધ્યક્ષતા ડૉ. ગૌરવ શાહ, પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, બાયોટૅક્નૉલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા કરવામાં આવી હતી. તેમણે અધ્યક્ષીય ભાષણમાં સંસાધન વ્યકિતના વિચારોને સમર્થન આપતાં સંશોધનને સમાજની સાથે જોડવાની આવશ્યકતા ઉપર પ્રકાશ પાડયો. અત્રે ઉપસ્થિત સે પ્રતિભાગીઓમાં વિકાસ અને સંરક્ષણ વચ્ચેના સંતુલન અંગે નવી વિચારધારા પ્રેરિત કરી.




સેમિનારના સમાપન સત્રમાં ડૉ. જયંતા ચૌધરી, પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, ગ્રામ વિકાસ અને આયોજન વિભાગ, નાગાલેન્ડ વિશ્વવિદ્યાલય (કેન્દ્રિય વિશ્વવિદ્યાલય), મેદઝિફેમા કેમ્પસ, દિમાપુર દ્વારા સમાપન સંબોધન આપવામાં આવ્યું. તેમણે" Unnat Bharat@2047 માટે અર્થતંત્ર અને ગ્રામ વિકાસ" વિષય પર ઊંડાણપૂર્વક અને

વિચારપ્રેરક વ્યાખ્યાન રજૂ કર્યું. ડૉ. ચૌધરીએપોતાના સંબોધનમાં ગ્રામીણ અર્થતંત્રના મજબૂતીકરણ, સ્વાવલંબન, કૃષિ આધારિત ઉદ્યોગો, સ્થાનિક સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ તથા ટકાઉ વિકાસના માળખા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવા માટે ગ્રામવિકાસ અને અર્થતંત્ર એકબીજાના પૂરક તત્વો છે અને બંને ક્ષેત્રોમાં સંયુક્ત પ્રયાસ અનિવાર્ય છે. તેમણે યુવા પેઢીને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રેરણા આપી. સમાપન સત્રે સમગ્ર સેમિનારના વિચારો અને ચર્ચાઓને એક સૂત્રમાં બાંધી સહભાગીઓમાં રાષ્ટ્ર વિકાસ પ્રત્યે નવી ઊર્જા અને દૃષ્ટિનો સંચાર કર્યો.




આ સેમિનારનું આયોજન મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વિભાગીય વડા ડૉ. દીપકભાઈ જી. ભોયે દ્વારા સેમિનારનો વિશ્લેષણાત્મક અહેવાલ રજૂ કયો, જેમાં કાર્યક્રમનો ઉદ્દેશ, આયોજનની પ્રક્રિયા અને યોજનાબદ્ધ ચર્ચાઓનું તથ્યાત્મક મૂલ્યાંકન આપવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા નિષ્કર્ષાત્મક ટિપ્પણી આપવામાં આવી, જેમાં સેમિનારમાં ઊભી થયેલી મજબૂત બાબતો, સુધારવાના ક્ષેત્રો અને ભવિષ્ય માટેની સૂચનાઓ વિગતવાર રજૂ થઈ. ભાગીદારો દ્વારા સેમિનારની ગુણવત્તા, પ્રસ્તુતિની પ્રભાવશીલતા અને જ્ઞાનવર્ધકતા અંગે સકારાત્મક પ્રતિસાદ મળ્યો તેની સાથે જ કેટલાકે ઇન્ટરએક્ટિવ સત્ર અને પ્રેક્ટિકલ ઉદાહરણોમાં વધારો કરવાની સલાહ આપી. કાર્યક્રમના અંતે, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અધ્યાપકશ્રી ડૉ. શ્રીધર આર. નિમાવત દ્વારા તમામ વક્તાઓ ભાગીદારો અને આયોજકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.






સેમિનારના આયોજન, ચર્ચાઓ અને પ્રતિસાદનું વિશ્લેષણ દર્શાવે છે કે, આ કાર્યક્રમ લક્ષ્યાંક પૂરું કરવામાં સફળ રહ્યો અને ભવિષ્યમાં વધુ વ્યાવહારિક અને અસરકારક આયોજન માટે માર્ગદર્શક બની શકે છે. જે સેમિનારની શૈક્ષણિક ગુણવત્તા અને સંશોધનાત્મક મહત્વને સ્પષ્ટ રીતે દર્શાવે છે. સમગ્ર સેમિનાર દ્વારા રાષ્ટ્રનિર્માણ, ગ્રામવિકાસ, ટકાઉ વિકાસ અને સામાજિક સમાવેશતા અંગે નવી દિશા અને વિચારધારા વિકસિત થઈ હોવાનું આયોજકોએ જણાવ્યું અને કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું.









## Department of Statistics

### Detailed Report on Academic Visit to ISI Kolkata (08/01/2026)




An academic visit to the Indian Statistical Institute (ISI), Kolkata was organized on 8th January 2026 with the objective of providing students exposure to a premier national institute in statistics and its rich academic legacy. The visit included a group of 79 students and 7 staff members, totalling 86 participants.

The visit was coordinated by Prof. Sumitra Purkayastha, Applied Statistics Unit, Statistical Sciences Division, ISI Kolkata. The group reached the ISI Geology Auditorium (PGA Building) by 10:30 a.m., as scheduled.

The program commenced with an interaction session from 11:00 a.m. to 12:30 p.m., during which Prof. Sumitra Purkayastha delivered an insightful and comprehensive lecture. He explained the establishment of ISI Kolkata, its academic structure, research divisions, and national contributions. Special emphasis was given to the visionary role and pioneering contributions of Prof. P. C. Mahalanobis, the founder of ISI, highlighting his work in the development of statistical science in India, large-scale sample surveys, and institutional building.

From 12:30 noon to 01:30 p.m., students visited the Geology Museum, where the application of statistical methods in geological studies was explained by research scholars from ISI. The session helped students understand how statistical tools are used in geological data analysis, sampling, modelling, and interpretation, demonstrating the interdisciplinary relevance of statistics in earth sciences.

The visit continued with a tour of the ISI Library from 1:30 p.m. to 2:30 p.m., which houses a vast collection of old and rare reference books, journals, and archival materials. Students were introduced to the life journey and academic legacy of Prof. P. C. Mahalanobis, displayed through documents, photographs, and exhibits. The library also features a picture gallery showcasing renowned statisticians who visited ISI Kolkata for academic collaboration and lectures, including Prof. R. A. Fisher, Prof. Walter A. Shewhart, Prof. A. N. Kolmogorov, Prof. Genichi Taguchi, and other eminent personalities in statistics. This exposure helped students appreciate the global academic connections and historical importance of ISI.

During the visit, Prof. Sumitra Purkayastha graciously presented a book to the Department of Statistics, entitled "Planning Democracy: How a Professor, an Institute, and an Idea Shaped India", which reflects the intellectual legacy of ISI and the contributions of Prof. P. C. Mahalanobis to India's planning and statistical framework.

Overall, the academic visit to ISI Kolkata was highly enriching and academically valuable. It provided students with deep insights into the historical development of statistics, interdisciplinary applications, and research culture at ISI. The visit significantly motivated students toward higher studies, research, and academic excellence in the field of statistics.

The Department of Statistics is extremely thankful to the University authorities for their continuous support and cooperation, which made this academic visit successful and meaningful.

### Inaugural Lecture of the Collaborative Online Lecture Series




Theme: Contributions of Prof. C. R. Rao to Statistics

Title of the Talk: C. R. Rao – A Statistical Scientist Who Helped Lay the Foundations for Modern Data Analytics

The Collaborative Online Lecture Series was inaugurated on the auspicious occasion of Vasant Panchami, the sacred day dedicated to Goddess Saraswati, the divine embodiment of knowledge and wisdom. The Inaugural Lecture on the theme "Contributions of Prof. C. R. Rao to Statistics" was successfully conducted on Friday, 23 January 2026, from 7:00 PM to 8:30 PM (IST) in online mode through Microsoft Teams. The programme was

organized by the Department of Statistics, Veer Narmad South Gujarat University (VNSGU), Surat, in collaboration with the Departments of Statistics of six State Universities of Gujarat, namely:

- Veer Narmad South Gujarat University, Surat
- The Maharaja Sayajirao University of Baroda, Vadodara
- Sardar Patel University, Vallabh Vidyanagar
- Saurashtra University, Rajkot
- Gujarat University, Ahmedabad
- Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar

The programme commenced with the opening of the session by Dr. Shital S. Patel, Assistant Professor, Department of Statistics, VNSGU. This was followed by the Welcome Address and Programme Overview by Dr. A. J. Rajyaguru, Professor and Head, Department of Statistics, VNSGU. In his address, Dr. Rajyaguru highlighted that the lecture series was conceptualized by the Department of Statistics, VNSGU, with the vision of creating a common academic platform for inter-university collaboration, collective learning, and knowledge sharing among students, faculty members, and researchers. He further stated that the idea was unanimously endorsed in a formal meeting of the Heads and faculty members of the participating universities, and it was decided that the lectures would be conducted monthly in online mode on a rotational basis.

He also announced that the recorded lectures will be shared through the official academic and social media platforms of all participating universities, and a compiled academic monograph of the lectures will be prepared at the end of the academic year for wider dissemination. Dr. Rajyaguru expressed his sincere gratitude to all the Heads and faculty members of the participating universities for their enthusiastic acceptance of the initiative and their commitment to working together on this collaborative academic venture.

It was further informed that the formal process of signing a Memorandum of Understanding (MoU) among the six participating universities is currently under process, which will institutionalize this collaborative initiative and strengthen long-term academic cooperation.

The gathering was then addressed by the Hon'ble Vice-Chancellor of VNSGU and the Registrar of VNSGU, who emphasized the importance of inter-university academic collaboration, technology-enabled learning, and research-oriented education in Statistics, in line with the spirit of NEP 2020.

The Chairperson of the programme, Dr. R. T. Ratani, Retired Professor, Department of Statistics, VNSGU, introduced the eminent speaker and highlighted his academic association with Prof. C. R. Rao and his significant contributions to the field of statistics.

The inaugural lecture entitled "C. R. Rao – A Statistical Scientist Who Helped Lay the Foundations for Modern Data Analytics" was delivered by Dr. Shyamal D. Peddada, Senior Investigator, Biostatistics and Computational Biology Branch, National Institute of Environmental Health Sciences (NIEHS), National Institutes of Health (NIH), USA, and a distinguished student of Prof. C. R. Rao. In his lecture, Dr. Peddada provided deep insights into the life, philosophy, and pioneering contributions of Prof. C. R. Rao, linking classical statistical foundations with modern data analytics. He highlighted Prof. Rao's multidimensional personality as a scientist, student, teacher, Ph.D. guide, and visionary academic leader, and mentioned that Prof. Rao was far ahead of his time and had envisioned the concept of working from home as early as 1969, demonstrating his futuristic approach to research and academic work culture. Dr. Peddada also appreciated the collaborative initiative of the State Universities of Gujarat and expressed his hope that this lecture series would become a regular and sustained academic tradition.

An interactive discussion and question–answer session followed the lecture, during which participants actively engaged with the speaker and sought clarification on various statistical concepts and Prof. Rao's legacy.

The programme concluded with a Vote of Thanks proposed by Dr. Shital S. Patel, Assistant Professor, Department of Statistics, VNSGU.

More than 121 participants, including faculty members, research scholars, and students from various State Universities of Gujarat and other institutions, attended the online lecture. The event marked a significant and successful beginning of the Collaborative Online Lecture Series and strengthened inter-university academic cooperation in the field of Statistics.

Here is the updated final paragraph added neatly to your report, with formal academic wording:

It was announced that the next online lecture of the Collaborative Online Lecture Series will be organized by the Department of Statistics, The Maharaja Sayajirao University of Baroda, Vadodara, on the fourth Friday of March 2026, as per the jointly agreed schedule of the participating universities.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### સિવિલ ડીફેન્સ દ્વારા ફાયર સેફટી તાલીમ



તા. ૦૨/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ સિવિલ ડીફેન્સ દ્વારા 'ફાયર સેફટી' તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી મારુતિ સોનવણે સર અને શ્રી રાકેશ એમ. ગાવિત સર તેમજ તેમની ટીમ દ્વારા સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન વિદ્યાર્થીઓને ફાયર સેફટી બાબતે ડૅમોસ્ટ્રેશન આપી તાલીમ આપી હતી અને વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે વધુ જવાબદાર બનવા માટે પ્રેરણા આપી. આ તાલીમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### Environment and Indigenous Knowledge Systems કાર્યક્રમનું આયોજન



તા. ૦૬/૦૧/૨૦૨૬ને મંગળના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ Environment and Indigenous Knowledge Systems કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલબેન એ. દેસાઈના હાર્દિક સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રજ્વલન અને કૉલેજના ગીત દ્વારા કાર્યક્રમને ઔપચારિક રીતે પ્રારંભ આપવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે હિમાચલ પ્રદેશ વિશ્વવિદ્યાલય, સિમલાનાં પ્રાધ્યાપક તેમજ UGC-MMTTC નાં ડિરેક્ટરશ્રી પ્રા. દેશરાજ ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તેમણે કુદરતી વસ્તુઓની જાળવણી કેવી રીતે કરવી તેમજ તેને લુપ્ત થતી કેવી રીતે અટકાવી શકાય તે વિસ્તારપૂર્વક સમજાવ્યું. તેમજ 'એક પેડ મા કે નામ' નો સંકલ્પ કરાવ્યો. કાર્યક્રમમાં પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓએ પર્યાવરણીય સંરક્ષણ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાનું વચન આપ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. રાજેશ રાણા, ડૉ. ઝંખના પરમાર, ડૉ. ચિરાગ સિધ્ધપુરિયા તેમજ પ્રા. ડૉ. રાજ એસ. ડુમસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે આભારવિધિ ડૉ. મયંકભાઈ વી. સોઢા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના પ્રાધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સકારાત્મક વાતાવરણમાં સંપન્ન થયો.

### સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન



તા. ૧૨/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતિ નિમિતે' વિવિધ કાર્યક્રમોનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈના કુશળ માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ અને સ્વામી વિવેકાનંદજીના વિચારોનું સિંચન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દિવસની શરૂઆત સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી અને સ્વદેશી ભાવના જાગૃત કરવાના હેતુથી 'સ્વદેશી રન' (દોડ)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદજીના જીવન અને કવન પર એક વિશેષ વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ સ્વામીજીના 'ઉઠો, જાગો ને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો, ના મંત્રને જીવનમાં ઉતારવા યુવાનોને આહવાન કર્યું હતું. આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈએ યુવા શકિતને રાષ્ટ્ર

નિર્માણમાં પોતાનું યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે NSS પ્રોગ્રામ ઑફિસર અને ૪૦ વિદ્યાર્થી સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.

## 'વંદે માતરમ ક્વિઝ'નું આયોજન



તા. ૧૬/૦૧/૨૦૨૬ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ ઍન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'વંદે માતરમ ક્વિઝનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ રેકોર્ડ ફાઉન્ડેશન સાથે મળીને આયોજિત આ કાર્યક્રમ કૉલેજના મલ્ટીમીડિયા હોલ ખાતે સંપન્ન થયો હતો. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાનો દ્વારા દિપપ્રાગટ્ય અને કૉલેજ ગીત સાથે કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલબેન એ દેસાઈએ સ્વાગત પ્રવચન આપી તમામનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ અને મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વર્લ્ડ રેકોર્ડ ફાઉન્ડેશન તરફથી શ્રી ધર્મિષ્ઠા તાહિલ રામાણી અને શ્રી નિહાર સરસવાલાએ ખાસ ઉપસ્થિત રહી ક્વિઝ વિશે માહિતી આપી હતી. આ સ્પર્ધામાં કુલ ૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્વિઝ માસ્ટર તરીકે પ્રો. ડૉ. રાજ એસ. ડુમસિયાએ ભૂમિકા ભજવી હતી, જ્યારે સ્પર્ધાના નિયમોનું વાંચન પ્રો. મિલન તલસાણિયા દ્વારા કરવામાં આવ્યું હતુ. ટીમ સી (જસાણી શ્વેતા, જોતાનીયા રીમિત, સાંગાણી દેવ) વિજેતા વિજેતા થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને મહેમાનોનો પરિચય પ્રો. ક્રિષ્ના એમ. દેવાણીએ આપ્યો હતો. અંતમાં પ્રો. રુદ્રનાથ ડી. ઝા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## ઇન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામનું આયોજન



તા. ૧૭/૦૧/૨૦૨૬ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ ઍન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં વિદ્યાર્થીઓમાં નાણાકીય સાક્ષરતા વધારવા અને રોકાણ અંગે સમજ કેળવવાના ઉદ્દેશ્ય સાથે 'ઇન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલબેન એ દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. કાજલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વકતા તરીકે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) દ્વારા પ્રતિનિધિ શ્રી દિનેશ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને રોકાણ અને વ્યકિતગત નાણાકીય વ્યવસ્થાપન અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના કુલ ૧૬૮ વિદ્યાથીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઇન્ટરેક્ટિવ સત્ર દ્વારા વિદ્યાર્થીઓએ નાણાકીય બજાર વિશે વ્યવહારુ જ્ઞાન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો અને અંતે આભારવિધિ સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## સાયબરપ્રેનર્સઃ વેર સ્ટાર્ટઅપ મીટ સિક્યુરિટી–૨૦૨૬નું આયોજન




ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, કવચ કેન્દ્ર તથા KCGના અંતર્ગત તા. ૨૭ અને ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કૉલેજ કેમ્પસમાં કૉલેજના વિદ્યાર્થીઓમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાની સાથે સાથે સાયબર જાગૃતતા ઉજાગર થાય તે હેતુથી આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદ્ઘાટક સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખશ્રી નિખિલભાઈ મદ્રાસી, જાણીતા ઉદ્યોગપતિ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ગિરધર ગોપાલ મુદ્રાજી, સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ, સાયબર સુરક્ષા નિષ્ણાંતશ્રી દીપેનભાઈ જગીવાલા તથા લાયન્સ કલબ ઑફ સુરતના હોદ્દેદાર હાજર રહ્યા હતા. આ ઉપરાંત બે દિવસીય પ્રદર્શનમાં ૪૨ જેટલા સ્ટોલમાં કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ હસ્તઉત્પાદનની વસ્તુઓ, હોમ ડેકોર તથા ખાદ્ય વાનગીઓનું વેચાણ કરવામાં આવ્યું હતુ. આ દ્વિદિવસીય પ્રદર્શનમાં કુલ ૩૦૦૦ જેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. આ વિદ્યાર્થી સાહસિકોને વ્યવસાયિક રીતે સશક્ત બનાવવાની દિશામાં આ પ્રદર્શન ખૂબ જ સફળ રહ્યું હતું. આ ઉપરાંત પ્રદર્શનની સાથે સાથે સ્ટાર્ટઅપ તથા સાયબર અવરનેસ વિષે જાગૃતતા ફેલાવવા માટે વર્કશોપનું

પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'લખપતિ દીદી' જયનાબેન સાંખટ દ્વારા એન્ટરપ્રેન્યોર બનવા અંગે ઇન્ટરએક્ટિવ સેશન યોજાયું. શિવાની ચૌહાણ દ્વારા 'સાયબર હેપ્પીનેસ' પર સેશન લેવામાં આવ્યું હતું. ડિમ્પલ લોટવાલા દ્વારા પોઝીટીવ એટીટ્યુડ કેળવવા માટે યોગ ગરબા અને ડૉ. શહેઝાદ બોડિલા દ્વારા સ્ટાર્ટઅપ અને સેલ્સ ટ્રેનિંગ આપવામાં આવી હતી. જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત આ કૉલેજ દ્વારા આ પ્રદર્શન માત્ર ખરીદી માટેનું ન હતો પરંતુ ઉગતા સાહસિકોને મંચ આપવા માટેનો આ પ્રયત્ન ખૂબજ સફળ રહ્યો. સમાપન વિધિમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈ દ્વારા સમગ્ર કૉલેજ પરિવાર તથા વિદ્યાર્થીઓને પ્રોગ્રામને સફળ બનાવવા માટે આભાર વ્યકત કર્યો હતો.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન ઍન્ડ સાયન્સ, અમરોલી.

### ટ્રાયફેસ્ટ ઇવેન્ટ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન ઍન્ડ સાયન્સમાં તા.૦૩/૦૧/૨૦૨૬નાં રોજ બી.બી.એ., બી.સી.એ, બી.કોમ, બી.કોમ, ડેટા સાયન્સ, એમ.કોમ. અને એમએસ.સી.આઈ.ટી.ની ઇવેન્ટ 'ટ્રાયોફેસ્ટ' અંતર્ગત Zeal, Mind IT & Voyage-2026નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૬ ગેઇમ્સ જેવી કે The Traitors, Stronge War, Knowledge Knockout, Minute Master, Bulls VS Bear, Marketing Maze, Code 2 Quiz, Struct2Script, Buildahone: Web Mob, Tech Raider, Smash, Account Adventure, Non-Fire Food, Reel Making, Sur Tarang, Page Turner રાખવામાં આવી હતી. Zeal, Mind IT & Voyageમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૫૧ કૉલેજોમાંથી ૧૧૦૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ ઇવેન્ટમાં ભાગ લીધો હતો. ઇવેન્ટમાં અતિથિ વિશેષ તરીકે Mr. Abhishek Gami (Founder and Director of United Woflram Pvt. Ltd), Mr. Jatin Desai & Mr. Alpesh Kathiriya (Co-Founders of Food Wholesaler Jalporee Food's India Pvt. Ltd) તેમજ જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગિરધરગોપલ મુન્દ્રા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, જે.ઝેડ.શાહ કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ સેજલબેન દેસાઈ, જીવન જ્યોત ટ્રસ્ટ સ્કુલનાં આચાર્યશ્રી અંજનીબેન જાની અને કેયુર શાહ હાજર રહી વિદ્યાર્થીઓની ઉત્સાહ વધાર્યો હતો. અંતે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફિકેટ તેમજ દરેક સ્પર્ધાકોને સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટ્રાયોફેસ્ટ ઇવેન્ટના પ્રયોજક શ્રી દિનેશભાઈ પાટીલ – બેન્કિંગ એકેડમિક, શ્રી બીપીનભાઈ પારેખ – ટ્રાન્સગ્લોબ, શ્રી કમલેશભાઈ – કોડસ્પાયર, શ્રી નવનીત ગોપાણી – અવીયટ, શ્રી નીખીલ નિષાદ – વિઝન કિલક અને સુરતી જ્યુ, શ્રી શરદ ગાબાણી–લાફલોરા, શ્રી મિત પટેલ – દ સિગ્નેચર સ્ટુડિયો ઍન્ડ ઑડિટ મોશનનો આચાર્યશ્રીએ વિશષ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી માર્ગદર્શન હેઠળ કૉ–ઓર્ડિનેટર, કૉલેજનો સ્ટાફ સભ્યો તેમજ તમામ વિદ્યાર્થીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### પુસ્તક પરિચય શ્રેણી–૭નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલીમાં તા.૦૮/૦૧/૨૦૨૬નાં રોજ ગ્રુપ દ્વારા 'પુસ્તક પરિચય શ્રેણી–૭'નું આયોજન કરાયું હતું. જેમાં બી.સી.એ. વિભાગના ૨ વિદ્યાર્થીઓ (૧) પીઠાવા યશ – 'The Secret' (૨) સખિયા ધ્રુપલ – 'સ્વર્ગનું સરનામું ઘર' તેમજ બી.બી.એ. વિભાગની વિદ્યાર્થીની ગોયાણી તૃષા – 'The Art of Not Overthinking' એ તેમણે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વકતવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યો શ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા. ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ, પ્રા. ડૉ. તન્વી ભાલાળા, પ્રા. ડૉ. રાગીણી પ્રસાદ તેમજ સંદીપ પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વાર્ષિક એન.એસ.એસ. શિબિરનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૬ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન વાર્ષિક શિબિરનું આયોજન આશાપુરા માતા મંદિર, કોસાડ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરુઆત દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વનિભાઈ પટેલ, શ્રી નિર્મલભાઇ પટેલ તથા કોસાડ ગામના સરપંચશ્રી હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. એન.એસ.એસના વિદ્યાર્થીઓને દેશની મિલકત બનવાના શુભ સંદેશ સાથે ભરતભાઈ શાહ દ્વારા આશીર્વાદ અને પ્રોત્સાહન પાઠવવામાં આવ્યા. સાત દિવસ દરમિયાન વિષયતજ્જ્ઞ ડૉ. પ્રતિકભાઇ પટેલ તથા શ્રી યોગેશભાઈ તિવારી દ્વારા વિદ્યાર્થીઓને એન.એસ.એસ વિશેની માહિતી આપવામાં આવી. કેમ્પમાં એક મુઠ્ઠી અનાજ, ગામ, મંદિર તથા લાઇબ્રેરીની સાફ-સફાઈ,પ્લાસ્ટિક કચરો એકઠો કર્યો તથા ટ્રાફિક જાગૃતિ માટે રેલી અને આયુષ્માન કાર્ડ વિશેની માહિતી ભેગી કરવા જેવા સામાજિક કાર્યો કરવામાં આવ્યા. અંતિમ દિવસે સમાપન સમારોહમાં ડો. પ્રફુલભાઈ શિરોયા (પ્રમુખ, લોકદ્રષ્ટિ આઇ બેંક) તથા આશાપુરા માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી ઠાકોરભાઈ પટેલ, ખજાનચી શ્રી બકુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. એન.એસ.એસ. કેમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓએ કરેલા કાર્ય/કાર્યક્રમની ઝાંખી સાત દિવસ દરમ્યાન આમંત્રિત મહેમાનોએ નિહાળી હતી. શ્રી પ્રફુલભાઈએ વિદ્યાર્થીઓને સમાજમાં ચક્ષુદાન અને અંગદાન જાગૃતિ વિશેની માહિતી આપી. જ્યારે મહેમાનો દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરનાર સ્વયંસેવક ભાઈઓ અને બહેનોને એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પણ સાત દિવસીય કાર્યોની પ્રશંસા કરી હતી. અંતે વિદ્યાર્થીઓએ નાટક રજૂ કર્યું અને ગરબા રમી રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.ખાસ વાર્ષિક શિબિરનું સફળ સંચાલન એન.એસ.એસ પ્રોગ્રામ ઑફિસર ડો. પ્રદીપ કુમાર લેનકા, પ્રો. જ્યોતિકા ટેલર તથા સહ અધ્યાપક મિત્ર ડૉ.રાગીણી પ્રસાદ, ડૉ. હેતલ ધીમર તથા પ્રો. રાકેશ પટેલ દ્વારા આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું.

## રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન ઍન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૨/૮/૨૦૨૬ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે વિવેકાનંદ કેન્દ્રનાં કાર્યકતા ક્રિષ્ણા પારેખ અને સંતોશીબેને હાજર રહી સ્વામી વિવેકાનંદજીના જીવન, વિચારધારા અને યુવાનો માટેના સંદેશ પર વિસ્તૃત પ્રકાશ પાડયો હતો અને તેમના વક્તવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો. કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યો ડૉ. સોનલ ભારતી, પ્રા. ડૉ. હેમાદ્રિ ટીકાવાળા, પ્રા. માનસી શાહ, પ્રા. ડૉ. તન્વી ભાલાળા, પ્રા. ડૉ. રાગીણી પ્રસાદ અને સંદીપ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'કેર સ્ટોક માર્કેટ વર્કશોપ'નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કૉમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલીમાં તા.૧૦/૦૧/૨૦૨૬નાં રોજ બી.બી.એ. વિદ્યાર્થીઓ માટે 'કેર સ્ટોક માર્કેટ વર્કશોપ' (ટેકનિકલ એનાલિસિસ સેમિનાર)નું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મુખ્ય વકતા તરીકે કેર ઍજ્યુકેશન–ટૅકનિકલ એનાલિસિસ ઍકેડેમીના કૉ–ફાઉન્ડર શ્રી આનંદ માલવિયા ઉપસ્થિત રહ્યા હતા, તેમણે વિદ્યાર્થીઓને સ્ટોક માર્કેટની ગતિવિધિઓ સમજવા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા ટેકનિકલ એનાલિસિસ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમજ શેરબજારમાં રોકાણ અને ટ્રેડિંગ માટે ઉપયોગી એવા RSI (રિલેટિવ સ્ટ્રેન્થ ઇન્ડેક્સ) અને CCI (કોમોડિટી ચેનલ ઇન્ડેક્સ) જેવા પાવરફૂલ ટૂલ્સ વિશે વિગતવાર સમજુતી આપી હતી. તેમણે સમજાવ્યું હતું કે કેવી રીતે આ ઇન્ડિકેટર્સની મદદથી માર્કેટનો ટ્રેન્ડ અને શેરના ભાવની વધઘટનું સચોટ વિશ્લેષણ કરી શકાય છે. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવાનો નહિં, પરંતુ તેમને ટ્રેડિંગના આધુનિક સાધનો અને શેરબજારની વાસ્તવિકતા વિશે ઊંડાણપૂર્વક અને પ્રકિટકલ જ્ઞાન પૂરું પાડવાનો હતો. સમગ્ર સેમિનારનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બીબીએ કૉ–ઑર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને ડૉ. નિલેશ પટેલ દ્વારા સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

## લોક ડાયરાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા આયોજિત 'મેદસ્વિતા નાબૂદી' જીવનના સંકલ્પ વિષય પર લોક ડાયરોનું આયોજન કરવામાં આવ્યું હતું. મેદસ્વિતા નાબૂદિ અંગે જનજાગૃતિ ફેલાવતો એક સુંદર, રસપ્રદ અને વિચારપ્રેરક ડાયરો રજૂ કરવામાં આવ્યો. ડાયરા મારફતે મેદસ્વિતા શું છે, તેનાથી થતા આરોગ્ય સંબંધિત ગેરફાયદા, તેના નિવારણ માટેના અસરકારક ઉપાયો, સમતોલ આહારનું મહત્વ તથા રોજિંદી જીવનશૈલીમાં આવશ્યક ફેરફારો જેવી બાબતોને ખૂબ સરળ, લોકપ્રિય અને અસરકારક રીતે રજૂ કરવામાં આવી. લોકસંગીત અને સંવાદના માધ્યમથી આરોગ્ય જાગૃતિ ફેલાવવાનો આ અભિગમ ખરેખર ખૂબ જ નૂતન, સર્જનાત્મક અને આવકાર્ય છે. કૉલેજના આચાર્યશ્રી, અધ્યાપકો અને એન.સી.સી. તથા એન.એસ.એસ. વિદ્યાર્થીઓએ ડાયરાને મનભરીને માણ્યો હતો . આ પ્રકારની સામાજિક રીતે મહત્વપૂર્વક અને આરોગ્યલક્ષી જનજાગૃતિ પ્રવૃત્તિ માટે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો આચાર્યશ્રીએ આભાર વ્યકત કરી આવનાર સમયમાં ડાયરો યોજવા માટે કહ્યું હતું. સમગ્ર ડાયરાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. જ્યોતિકા ટેલર, એન.સી.સી. CTO ડૉ. અનિલા પિલ્લાઈ તથા સ્પોર્ટ ટીચર હેતલ ઢીમ્મર દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સ્વનિર્ભર કોલેજનું ગૌરવ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલી કૉલેજનાં પ્રા. પટેલ દમિયંતી કલ્પેશ કોમ્પ્યુટર ઍપ્લિકેશન વિષય, પ્રા. ડૉ. ગાંધી હિમાની રાજેશકુમાર કોમ્પ્યુટર ઍપ્લિકેશન વિષય, પ્રા. ડૉ. અનિલા પિલ્લાઈ અંગ્રેજી વિષય અને પ્રા. ભરત બસરાણી કોમર્સ વિષયમાં GSET (ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટ) પરીક્ષા સફળતાપૂર્વક ઉર્તિણ કરી છે. તેમની સિદ્ધિ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને મહેનતનું ઉત્તમ પ્રતિબિંબ છે. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## પ્રજાસત્તાક પર્વની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કૉમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ

કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી કૉલેજમાં તા. ૨૬/૦૧/૨૦૨૬નાં રોજ ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી પ્રફુલ વી. ચોડવડીયા (Taxation & Revenue Consultant Past President Rotary Club of Surat East), શ્રી કૌશિક હરજીભાઈ ગોટી (Account Officer Class 2, Finance Department Govt.of Gujarat), ડૉ. વૃંદાની કે. પટેલ (Assistant Professor, N.C.B. & M.C.D Commerce College, Ahmedabad), શ્રી રોશન પોડીયાલ s6th Guj. Girl(બટાલીયન), શ્રી યશ અનિલભાઈ રશિયા અને શ્રી કાવ્ય રોહિતભાઈ નાકરાણી (Roll Ball Worl Cup WinnerM Team India), જીવન જ્યોત ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ગિરધરગોપાલ મુન્દ્રાજી, સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ, જીવન જ્યોત ટ્રસ્ટ શાળાનાં આચાર્ય દિલીપ પરમાર અને આચાર્ય અંજની જાની તેમજ કૉલેજનાં કૉ–ઓર્ડિનેટરશ્રીઓ હાજર રહ્યા હતા. એન.સી.સી. Senior Commanding Officer દ્વારા વિદ્યાર્થીઓએ મહેમાનોને ધ્વજવંદન માટે આમંત્રિત કર્યા હતા. એન.સી.સી. કેડેટ્સએ પરેડ કરી હતી. એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓને રેન્ક એનાયત કરવામાં આવેલ હતા. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મહેમાનોએ પ્રસંગોચિત ઉદ્બોધન આપ્યું હતું. શાળા કૉલેજનાં વિદ્યાથીઓએ વિવિધ દેશ ભકિતની કૃતિએ રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર.ગોયાણીના માર્ગદર્શન હેઠળ સંચાલન પ્રા. જ્યોતિકા ટેલરએ કર્યું હતું.

## કેમ્પસ પ્લેસમેન્ટ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલી કૉલેજમાં ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ટી.વાય.બી.બી.એ. અને ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Album Granthalaya, Prodev Infotech અને Ajasys Tech જેવી કંપનીઓએ બિઝનેસ ડૅવલપમૅન્ટ, સેલ્સ, માર્કેટિંગ, એડમિનિસ્ટ્રેશન, કસ્ટમર રિલેશન્સ અને ઇન્ટર્નશિપ માટે ઇન્ટરવ્યુ લીધા હતા. જેમાં કુલ ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી ૧૫ વિદ્યાર્થીઓન પસંદગી કરવામાં આવી છે. આ સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને બી.બી.એ. કૉ–ઑર્ડિનેટર ડૉ. સ્વાતિત મહેતાના માર્ગદર્શન હેઠળ ડૉ. સોયેબ મેમણ, ડૉ. વિશ્વનાથ બોરસે અને પ્રા. ઈશા દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વનિર્ભર કોલેજમાં START UP STREET 1.0 ફનફેર અને બિઝનેસ મોડલ એક્સ્પો આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન ઍન્ડ સાયન્સ અમરોલી કૉલેજમાં ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બી.બી.એ. વિદ્યાર્થીઓ માટે START UP STREET 1.0 ફનફેર અને બિઝનેસ મોડલ એક્સ્પો"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી.બી.એ. નાં ૬૯૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમણે ૮૦થી વધુ નવીન બિઝનેસ નવીન બિઝનેસ પ્રોજેક્ટ મોડલ્સ રજૂ કર્યા હતા. આ પ્રોજેક્ટ્સમાં સોલાર EV સિસ્ટમ, વિન્ડ પાવર જનરેટર, વેસ્ટ ડિસ્પોઝલ મેનેજમેન્ટ, ઑટોમેટિક પાર્કિંગ સિસ્ટમ, રૂફટોપ ફાર્મિંગ, વિદ્યાર્થીઓ માટે AI ઍપ્લિકેશન્સ, IoT સહિતના આધુનિક અને પ્રયોગાત્મક વિચારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ પ્રદર્શન સાથે સાથે ફનફેર અંતર્ગત ૧૦૭ વિદ્યાર્થીઓએ ખાદ્ય તથા બિનખાદ્ય વસ્તુઓના સ્ટોલ લગાવી વેચાણ અને પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી શૈલેશ રામાણી, મૅનેજિંગ ડિરેક્ટર, આશાદીપ ગ્રુપ ઑફ સ્કૂલ્સ રહ્યા હતા. વિદ્યાર્થીઓએ રજૂ કરેલ બિઝનેસ પ્રોજેક્ટ મૉડલ્સના જજ તરીકે ડૉ. દ્રષ્ટિ શાહ (સહાયક પ્રોફેસર, એસ.આર.લુથ્રા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ), શ્રી નિલેશ સભાડિયા, (ફાઉન્ડર, એલ્બમ ગ્રંથાલય), શ્રી મહેશ પટેલ (ફાઉન્ડર, મારુતિ ફિનસર્વ) સેવા આપેલ હતી. જ્યારે જીવન જ્યોત ટ્રસ્ટ સેક્ટરી શ્રી અશ્વનિભાઈ પટેલ, અમરોલી કોલેજનાં આચાર્યશ્રી ડૉ. સેજલ દેસાઈએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું અને મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડયું હતું. તમામ મહાનુભાવોએ વિદ્યાર્થીઓના નવીન વિચારો અને ઉદ્યોગસાહસિક અભિગમની પ્રશંસા કરી હતી. બિઝનેસ પ્રોજેક્ટ મોડલ રજૂ કરનાર ત્રણ વિદ્યાર્થીઓને ટ્રોફી, રોકડ ઇનામ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા જયારે ૧૦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સ્વરૂપે ટ્રોફી, પ્રમાણપત્ર

આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડૉ. મુકેશ ગોયાણીનાં તેમજ બી.બી.એ. કૉ–ઑર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશ પટેલનાં માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. સોયેબ મેમણ, પ્રા. શ્રી રાકેશ પટેલ, SSIP, IIC અને ઉદ્યોગસાહસિકતા સમિતિ હેઠળ કરવામાં આવ્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનો અહેવાલ



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા દ્વારા તેની સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે તા. ૦૯–૧૦/૦૧/૨૦૨૬ ના રોજ "Future of Physical Education and Sports: Exploring Latest Trends, Challenges and Advancement" વિષય ઉપર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનું આયોજન નોલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત (KGC), શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત "Promotion of Research & Facilities in Higher Education" યોજના હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ શારીરિક શિક્ષણ અને રમતગમતના ક્ષેત્રમાં નવી તકોની શોધ, વર્તમાન પડકારોની ચર્ચા તથા સંશોધન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો હતો. આ સેમિનારે શિક્ષણવિદો તથા સંશોધકોને તેમના વિચારો અને અનુભવ વહેંચવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડયો હતો.

સેમિનારનું ઉદ્ઘાટન સમારંભ અસપી ગોલ્ડન જુબિલી હોલ, BVKM કેમ્પસ, બીલીમોરા ખાતે યોજાયો હતો. કાર્યક્રમનો શુભારંભ મુખ્ય અતિથિ બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, સેક્રેટરીશ્રી જસ્મિન દેસાઈ, અધ્યક્ષશ્રી નરેશભાઈ નેમાણીની શુભ હાજરીમાં કરવામાં આવ્યો હતો. સેમિનારના મુખ્ય વકતા રાયપુર વિશ્વવિદ્યાલય, છત્તીસગઢના પ્રોફેસર ડૉ. રાવજી ચૌધરી હતા, જેમાં તેમણે શારીરિક શિક્ષણ અને રમતગમતના ક્ષેત્રમાં આધુનિક પ્રવાહો, ભવિષ્યની સંભાવનાઓ તથા સંશોધનના વિવિધ પાસાઓ ઉપર વિશદ રીતે પ્રકાશ પાડયો હતો.

કાર્યક્રમમાં અતિથિઓ તરીકે ડૉ. ધર્મસિંહ દેસાઈ, ડૉ.રૂસ્તમ સદરી, ડૉ. કૌશિકભાઈ ગોહિલ, ડૉ. હસમુખભાઈ પટેલ તથા ડૉ. રમેશભાઈ ચૌધરી હાજર રહ્યા હતા, જેમનું માર્ગદર્શન અને વિચારો પ્રેરણાદાયી રહ્યા. આ સેમિનારમાં જુદી જુદી કૉલેજમાંથી હાજર રહેલ શારીરિક શિક્ષણનાં વ્યાખ્યાતાઓએ પેપર પ્રેઝન્ટેશન કરી પોતાના વિચારો રજૂ કર્યા હતા. ભગીની સંસ્થાઓનાં આચાર્યોશ્રીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સેમિનારનું સંકલન વી.એસ.પટેલ કૉલેજ ઑફ આટ્ર્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરાના એસોસિએટ પ્રોફેસર મેઝર ડૉ. ભાવેશ દેવતા અને ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ ગર્વમેન્ટ કૉલેજ સેલવાસાના ડૉ. અનિલ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન ઇ.ચા.પ્રિન્સિપાલ સબ–લેફ્ટનન્ટ ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ થયું હતું. IQAC કૉ–ઑર્ડિનેટર પ્રા. વર્ષાબેન રાણાએ આભારવિધિ કરી હતી.

### એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાનું ગૌરવ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં વિદ્યાર્થી ઉદ્યોગ નીતિ અંતર્ગત ૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૪૦,૦૦૦/ લેખે ૨,૪૦,૦૦૦ની સહાય ગુજરાત સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ નાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો તરફ આકર્ષાય તેવા આશયથી કેસીજી અને સરકાર દ્વારા ઉદ્યોગ સાહસિકતા નીતિ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં આપણી કૉલેજના ૯ વિદ્યાર્થીઓએ દિનશા દાબુ લો કૉલેજ નવસારી ખાતે તાલીમમાં ભાગ લઈ પ્રપોઝલ EDII સંસ્થાને મોકલી હતી જેમાંથી ૬ વિદ્યાર્થીઓની પ્રપોઝલ મંજુર થયેલ છે. આ વિદ્યાર્થીઓને રૂ. ૪૦,૦૦૦/– લેખે સહાય મળશે. વિદ્યાર્થીઓની આ સિધ્ધી બદલ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન એસ. વસાવા તથા કૉ–ઑર્ડિનેટર શ્રી રતુભાઈ પટેલ તથા કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### મને ગમતું પુસ્તક વાર્તાલાપ




એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારાં પુસ્તકોનું વાંચન તેના સર્જકો અને મહાન વિભૂતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. માબાપ હંમેશા સ્નેહ, વાત્સલ્ય અને પ્રેરણા આપે છે. જ્યારે પુસ્તકો તો આંખો અને પાંખો બંને આપે છે. ઉત્તમ પુસ્તકો વ્યકિતનો અદ્ભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને એક અધ્યાપકે ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## સાયબર સુરક્ષા અભિયાન વિષય પર એક દિવસીય સેમિનાર




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા સંચાલિત, એ.વી.પટેલ કોમર્સ કૉલેજ દ્વારા કવચ કેન્દ્ર (KCG) અંતર્ગત સાયબર સિક્યુરિટી સેલ હેઠળ "Cyber Suraksha Abhian" વિષય પર એક દિવસીય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનું આયોજન તારીખ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે સાયબર સુરક્ષા, ડિજિટલ સલામતી તથા જવાબદાર ઓનલાઈન વર્તન અંગે જાગૃતિ લાવવાનો મુખ્ય ઉદ્દેશ હતો. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ એમ. આમીન, એ.વી.પટેલ કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ– ડૉ–સોનલબેન એસ. વસાવા તેમજ IQAC કૉ–ઓર્ડિનેટર પ્રા. વર્ષાબેન બી. રાણા, ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ચાર્જ પ્રિન્સિપાલ–ડૉ. સોનલબેન એસ. વસાવા દ્વારા વિદ્યાર્થીઓને ડિજિટલ યુગમાં સતર્ક અને જવાબદાર રહેવા માટે પ્રેરણા આપી હતી.

આ સેમિનારના વક્તાશ્રી તરીકે એસ.પી.બી. ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના અધ્યાપક સહાયક ડૉ. ધ્રુવ ગંગાડવાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સાયબર ક્રાઈમ, ઓનલાઈન ફ્રોડ, સાવચેતીનાં પગલાં અને સુરક્ષિત ડિજિટલ વર્તન અંગે માહિતીસભર અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું, જેને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ સેમિનારનું સંચાલન એ.વી.પટેલ કોમર્સ કૉલેજના ડૉ. હિતેશ એસ. શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. ભાવેશ એ. પચ્ચીગર દ્વારા વક્તાશ્રી અને મહેમાનો પ્રત્યે આભારવિધિ રજૂ કરવામાં આવી હતી. આ સેમિનાર વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને માહિતીસભર સાબિત થયો હતો અને સાયબર સુરક્ષા અંગે મહત્વપૂર્ણ જાગૃતિ ફેલાવવામાં સફળ રહ્યો

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### કારકિર્દી અને AI દ્વારા કોડિંગ વિષય પર વ્યાખ્યાન




નવયુગ કોમર્સ કોલેજ, સુરત દ્વારા T.Y.B.Com.ના વિદ્યાર્થીઓ માટે "Scope of Statistics in India" વિષય પર તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ શૈક્ષણિક માર્ગદર્શન સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમ માટે શૈક્ષણિક માર્ગદર્શન આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. અનિલ મૈસુરિયા, ડૉ. કૃણાલ ખેંગાર અને વિઝિટિંગ પ્રાધ્યાપક રાજન સિધ્ધપુરીયા દ્વારા આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે રિસોર્સ પર્સન ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપિકા ડૉ. મિત્તલ થુમ્મર એ વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્રના મહત્વ, તેની વ્યવસાયિક ઉપયોગિતા તથા ભારતમાં કારકિર્દીની વિવિધ તકો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે બિઝનેસ એનાલિટિક્સ, ફાઈનાન્સ, માર્કેટ રિસર્ચ, ડેટા સાયન્સ, સરકારી સેવાઓ તથા ઉચ્ચ અભ્યાસમાં આંકડાશાસ્ત્રની વધતી માંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ડૉ. અનિલ મૈસુરિયાએ AI નો ઉપયોગ કરી Data Coding વિશે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન TY B.com.ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સત્રમાં T.Y.B.Com.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આંકડાશાસ્ત્રને કારકિર્દી તરીકે અપનાવવાની નવી દિશા પ્રાપ્ત કરી. કાર્યક્રમ અંતે પ્રિન્સિપાલશ્રી, વિભાગ અધ્યક્ષશ્રીઓ તથા રિસોર્સ પર્સન શ્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સાયબર સેફટી જાગૃતતા કાર્યક્રમ



નવયુગ કોમર્સ કોલેજ ખાતે તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ CAWACH કેન્દ્ર અંતર્ગત "Cyber Surakshti Bharat : Role of Youth in the Era of AI" (સાયબર સુરક્ષિત ભારતઃ એ.આઈ.ના યુગમાં યુવાઓની ભૂમિકા) વિષય પર વિશેષ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે ડૉ. ચિંતન પાઠક ઉપસ્થિત રહ્યા હતા. નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા આજના ડિજિટલ યુગની મહત્વપૂર્ણ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને "સાયબર સુરક્ષિત ભારતઃ એ.આઈ.ના યુગમાં યુવાઓની ભૂમિકા" વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા અંગે સમજ વિકસાવવાનો તથા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના જવાબદાર અને નૈતિક ઉપયોગ અંગે માર્ગદર્શન આપવાનો હતો. આજના સમયમાં યુવાઓ ડિજિટલ પ્લેટફોર્મ, સોશિયલ મીડિયા અને AI સાધનોને વ્યાપક ઉપયોગ કરે છે, ત્યારે સાયબર ફ્રોડ, ડેટા ચોરી અને ખોટી માહિતીથી બચવા સચેત રહેવું અનિવાર્ય બની ગયું છે. વકતાશ્રીએ જણાવ્યું કે સાયબર સુરક્ષિત ભારતના નિર્માણમાં યુવાઓની ભૂમિકા કેન્દ્રસ્થાને છે. માહિતગાર, જવાબદાર અને ટેકનોલોજી સમજુ યુવા પેઢી જ ડિજિટલ ભારતને સુરક્ષિત બનાવી શકે છે. અંતમાં તમામ વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા નિયમોનું પાલન કરવા તથા સકારાત્મક અને સુરક્ષિત ડિજિટલ વર્તન અપનાવવા અપીલ કરવામાં આવી. આચાર્ય ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા વકતાશ્રીઓનું મોમેન્ટો આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતાશ્રીનો પરિચય એકાઉન્ટન્સી વિભાગ અધ્યક્ષ ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. આભારવિધિ ડૉ. મેહુલ બી.શાહ દ્વારા કરવામાં આવી હતી.

## NSS દ્વારા કેમ્પસ કિલનિંગ ડેનું આયોજન












તા. ૧૦/૦૧/૨૦૨૬ના રોજ નવયુગ કોમર્સ કૉલેજ, સુરત ખાતે NSS યુનિટ દ્વારા "કેમ્પસકિલનિંગ ડે"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિનોદ એન. પટેલના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા અને ડૉ. રૂપેશ દવે દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કૉલેજ પરિસરમાં સ્વચ્છતા જાળવવાનો અને વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન NSSના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક કૉલેજના સમગ્ર કેમ્પસ તથા વર્ગખંડોની સફાઈ કરી અને 'સ્વચ્છ કેમ્પસ–સ્વસ્થ અભ્યાસ'નો સંદેશ આપ્યો. સફાઈ કાર્ય પૂર્ણ થયા બાદ NSSના તમામ સ્વયંસેવકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતે સ્વયંસેવકોને સ્વચ્છતા જાળવવાના મહત્વ અંગેનવયુગ કોમર્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ રીતે NSS યુનિટ, નવયુગ કોમર્સ કૉલેજ, સુરત દ્વારા આયોજિત કેમ્પસ કિલનિંગ ડે કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને સફળ રીતે સંપન્ન થયો હતો.

## સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ






તા. ૧૬/૦૧/૨૦૨૬ના રોજ પ્રિન્સિપાલ ડૉ. વિનોદ એન. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.યુનિટ દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણીના ભાગરૂપે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કૌશિકી બેન શર્મા તેમજ સંજીવની તાઈ કે જેઓ સ્વામી વિવેકાનંદ કેન્દ્રમાં પૂર્ણકાલીન કાર્યકર્તા તરીકે તેમજ તીર્થ ભાઈ અને આયુષી બેન કે જેઓ અભ્યાસ સાથે કેન્દ્રમાં દાયિત્વ નિભાવે છે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કૌશિકી બેન શર્મા દ્વારા ત્રણ ૐ કાર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સંજીવની તાઈ દ્વારા સામૂહિક ગીત (દેશ હમે દેતા હૈ સબ કુછ) ગવડાવવામાં આવ્યું હતું તેમજ તીર્થ ભાઈ દ્વારા સ્વદેશ મંત્ર પઠન કરાવવામાં આવ્યું હતું. આયુષી બેન દ્વારા યુવાનોમાં આત્મવિશ્વાસ, શિસ્ત, સેવાભાવ અને રાષ્ટ્રનિર્માણની ભાવના વિકસે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સ્વામી વિવેકાનંદના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના જીવન અને પ્રેરણાદાયક વિચારોને યાદ કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. કાર્યક્રમ અધિકારીઓ ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે તથા ડૉ. ધરિત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્વામી વિવેકાનંદના વિચારોને જીવનમાં અપનાવવાનો સંકલ્પ કર્યો.

## Cyber Surakshit Bharat: Role of Youth in the Era of AI વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન




આજના ડિજિટલ યુગમાં ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) માનવ જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. ટૅક્નૉલોજી દ્વારા માહિતી અને સંચારની સુલભતા જેટલી વધી છે, એટલાં જ પ્રમાણમાં સાયબર ગુનાઓ, ગોપનીયતા ભંગ અને ડિજિટલ છેતરપિંડીના જોખમો પણ વધ્યા છે. આ પરિસ્થિતિમાં યુવાવર્ગને સચેત, જવાબદાર અને જાગૃત ડિજિટલ નાગરિક બનાવવાની જરૂરિયાત વધુ સ્પષ્ટ બની છે. આ હેતુને ધ્યાનમાં રાખીને Knowledge Consortium of Gujarat (KCG), અમદાવાદ દ્વારા CAWACH (Cyber Awareness, Wellness and Capacity Building) Cyber Security Scheme હેઠળ તારીખ 23 જાન્યુઆરી, 2026ના રોજ નવયુગ કોમર્સ કોલેજ કેમ્પસ ખાત "Cyber Surakshit Bharat: Role of Youth in the Era of AI" વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદ એન. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માટે મુખ્ય વક્તા તરીકે પ્રખ્યાત Techlawyer અને Cyber Security Expert ડૉ. ચિંતન ટી. પાઠક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે યુવાઓને વિચારપ્રેરક પ્રશ્નો દ્વારા આત્મમંથન કરવા પ્રેર્યા કે તેઓ કોને પોતાનો Role Model માને છે અને સોશિયલ મીડિયા પર જોવાતું કન્ટેન્ટ તેમના વિચારો, આચરણ અને વ્યક્તિત્વ પર કેવી અસર કરે છે. તેમણે સુંદર રીતે સમજાવ્યું કે વિચારોથી શબ્દો, શબ્દોથી ક્રિયાઓ અને ક્રિયાઓથી વ્યક્તિત્વનું નિર્માણ થાય છે.

કાર્યક્રમ દરમિયાન સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સના સકારાત્મક તેમજ નકારાત્મક બંને પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. Reel addiction, selfie obsession, fake followers, paid likes તેમજ reel life અને real life વચ્ચેનો તફાવત ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યો. ખાસ કરીને ભારતમાં selfie લેતી વખતે થયેલા અકસ્માતો અને મૃત્યુના આંકડાઓ યુવાવર્ગ માટે ગંભીર ચેતવણીરૂપ હોવાનું રજૂ કરવામાં આવ્યું.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં Deepfake વીડિયો, ખોટી માહિતી, narrative warfare અને cyber warfare જેવા નવા ખતરાઓ કેવી રીતે સમાજ અને રાષ્ટ્રને અસર કરી શકે છે તેની વિગતવાર સમજ આપવામાં આવી. AI ટેકનોલોજી માનવ કલ્યાણ માટે અત્યંત ઉપયોગી બની શકે છે, પરંતુ તેનો અયોગ્ય અને બેદરકાર ઉપયોગ ગંભીર સામાજિક અને કાનૂની પરિણામો લાવી શકે છે – આ બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

ડૉ. પાઠકે Cyber Crime ની સ્પષ્ટ વ્યાખ્યા સાથે તેના વિવિધ પ્રકારો જેમ કે fake profile, cyber stalking, sextortion, identity theft, online cheating, online gambling તથા fake job offers અંગે વિસ્તૃત માહિતી આપી. સાથે જ cyber crimes ના મૂળ કારણો તરીકે અજ્ઞાનતા, ગોપનિયતા નીતિ અંગેની અવગણના, overvtrusting સ્વભાવ અને સરળ પાસવર્ડના ઉપયોગ જેવી બાબતો પર પ્રકાશ પાડયો.

કાર્યક્રમનો મહત્વપૂર્ણ ભાગ કાનૂની જાગૃતિ રહ્યો. Information Technology Act4 2000, Bharatiya Nyaya Sanhita (BNS) તથા POCSO જેવા કાયદાઓની સંબંધિત કલમો અંગે માહિતી આપી વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓના કાનૂની પરિણામો વિશે સચેત કરવામાં આવ્યા.

આ સાથે Digital Footprint અને Online Reputation Management વિષય પર પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. આજના સમયમાં વ્યક્તિની ઓનલાઈન હાજરી જ તેનું રિઝ્યૂમે બની રહી છે – આ વાત વિદ્યાર્થીઓ માટે ખૂબ જ વિચારપ્રેરક સાબિત થઈ.

કાર્યક્રમના અંતિમ ભાગમાં ટૅક્નૉલોજીનો સકારાત્મક ઉપયોગ કરીને સ્વ–વિકાસ, નવીનતા અને માનવ કલ્યાણ માટે કાર્ય કરનાર યુવા ઉદ્યોગસાહસિકોના ઉદાહરણો રજૂ કરવામાં આવ્યા. સાથે જ સરકાર દ્વારા સાયબર સુરક્ષા માટે હાથ ધરવામાં આવેલી પહેલો, National Cyber Crime Reporting Portal, હેલ્પલાઈન નંબર 1930, તથા Cyber Volunteer કાર્યક્રમ અંગે પણ માહિતી આપવામાં આવી.

અંતમાં ડૉ. ચિંતન પાઠકે સ્પષ્ટ રીતે જણાવ્યું કે ટૅકનૉલોજી અથવા AI પોતે ખતરનાક નથી, પરંતુ તેનો ખોટો ઉપયોગ ખતરનાક બની શકે છે. યુવાવર્ગે સચેત, નૈતિક અને જવાબદાર ડિજિટલ નાગરિક બની “Cyber Surakshit Bharat” ના નિર્માણમાં સક્રિય યોગદાન આપવું જોઈએ – એવો મજબૂત સંદેશ કાર્યક્રમનો મુખ્ય નિષ્કર્ષ રહ્યો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અનેકાર્યક્રમને અત્યંત માહિતીપ્રદ, સમયોચિત તથા આંખ ખોલનાર ગણાવ્યું.આ કાર્યક્રમમાં ડો. ચિંતન પાઠક સરનો પરિચય ડૉ. મેહુલ બી. શાહ દ્વારા આપવામાં આવ્યો હતો અને આભારવિધિ ડો. જીગ્નેશ પી. વાઘેલા સર દ્વારા કરવામાં આવી હતી કાર્યક્રમના સંચાલનમાં કોલેજના તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ સભ્યોએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

## વિદ્યાર્થીઓ દ્વારા સુરત ડિસ્ટ્રીકટ બેન્કની મુલાકાત




નવયુગ કોમર્સ કૉલેજ સુરતના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૧/૦૧/૨૦૨૬ બુધવારના રોજ બેન્ક વીઝીટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્કની નવયુગ શાખામાં વિદ્યાર્થીઓએ બેન્કની વિવિધ કામગીરી ખાતું ખોલવાની પ્રક્રિયા, લોન વિભાગ લૉકરની પ્રત્યક્ષ મુલાકાત, ફિક્સ ડિપોઝીટ અંગેની માહિતી, વગેરે અંગેની માહિતી બેન્ક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી. વિદ્યાર્થીઓએ તે અંગેના પ્રશ્નો પૂછયા અને બેન્ક સ્ટાફ દ્વારા સંતોષપૂર્વક જવાબ આપવામાં આવ્યા. બેન્ક કામગીરીથી પરિચિત થાય તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં 'સુરત ડિસ્ટ્રીકટ કૉ.ઑપરેટીવ બેન્ક, ના સમગ્ર સ્ટાફનો સહયોગ ખૂબ જ સરસ રહ્યો અને કૉલેજના પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલનો સહયોગ મળ્યો હતો. તેમજ અર્થશાસ્ત્રના અધ્યાપકશ્રીઓ ડૉ. નયના સુરેજા અને ડૉ. રૂપેશ દવે બેન્ક મુલાકાતની કામગીરીમાં જોડાયા હતા.

## નશામુક્તિ જાગૃતિ અંગે વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમ




NSS યુનિટ નવયુગ કોમર્સ કૉલેજ, સુરત દ્વારા વિદ્યાર્થીઓમાં નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી એક વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે તથા ડૉ. ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફિટનેસ એકસપર્ટ અને ૩ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર શ્રી મિતેશ માસ્ટર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમની સાથે ધર્મેશભાઈ પટેલ કે જેઓ જનરલ સેક્રેટરી, સ્પોર્ટ્સ ઍસોશિએશન ઑફ ગુજરાત પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ફિટ કેવી રીતે રહેવું, સ્વાસ્થય જીવનશૈલી અપનાવવી, નિયમિત વ્યાયામનું મહત્વ તથા નશાના શારીરિક અને માનસિક દૂષણો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે યુવાનોને નશાથી દૂર રહી સકારાત્મક અને શિસ્તબદ્ધ જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો. આ સાથે શ્રી હડિયા (PSI), સુરત પોલીસ SOG વિભાગ અને તેમની સમગ્ર ટીમ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સુરતમાં વધી રહેલા ડ્રગ્સના કેસો, તેમાં કૉલેજ વિદ્યાર્થીઓની સંડોવણી તથા તેના ગંભીર કાયદાકીય પરિણામો અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સચેત રહેવા અને કોઈપણ પ્રકારના નશા તથા ડ્રગ્સથી સંપૂર્ણ રીતે દૂર રહેવાની કડક સમજ આપી હતી. ત્યારબાદશ્રી શૌકત મિર્ઝા કે જેઓ સોશિયલ જસ્ટીસ ફોર ઇન્ટરનેશનલ સિવિલ રાઈટ્સ કાઉન્સીલ ઑફ ઇન્ડિયાના ચેરમેન છે તેઓએ તમામ વિદ્યાર્થીઓને નશામુક્તિ અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ જીવનમાં કયારેય નશો ન કરવો, અન્ય લોકોને પણ નશાથી દૂર રહેવા પ્રેરિત કરવું તથા સમાજમાં નશામુકિત અંગે જાગૃતિ ફેલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી, માર્ગદર્શક અને પ્રેરણાદાયક સાબિત થયો. અંતે NSS યુનિટ તરફથી મહેમાન વકતાઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Insight into CBDC (Competency-Based Dynamic Curriculum) વિષય પર વેબિનાર




સંસ્થાના ૨૫મા વર્ષના ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે "CBDC (Competency-Based Dynamic Curriculum) અંગે દૃષ્ટિકોણ" વિષય પર ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક સફળ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ફેકલ્ટી ડૅવલપમૅન્ટ પ્રોગ્રામ (FDP) તરીકે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં સંસ્થાના ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા હતા. આ વેબિનારનું માર્ગદર્શન ડૉ. ચિરાગ શાહ, પ્રિન્સિપાલ, સુમનદીપ હોમિયોપેથીક મેડિકલ કોલેજ, વડોદરા દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે Competency-Based Dynamic Curriculum (CBDC) સંકલ્પના, રચના તથા અમલ અંગે વિસ્તૃત માહિતી આપી. સાથે સાથે તેમણે આઉટકમ આધારિત શિક્ષણ, ફેકલ્ટીની ભૂમિકા, વિદ્યાર્થી કેન્દ્રિત અભ્યાસ પદ્ધતિ તથા આધુનિક તબીબી શિક્ષણની જરૂરિયાતોને અનુરૂપ પાઠ્યક્રમની લવચિકતા અંગે વિગતવાર સમજ આપી.


વેબિનારની શરૂઆત પ્રિન્સિપાલ ડૉ. જે. આર. રાવના સ્વાગત સંબોધનથી કરવામાં આવી હતી. તેમણે મહેમાન વક્તા તથા તમામ ભાગ લેનાર ફેકલ્ટી સભ્યોનું હાર્દિક સ્વાગત કર્યું અને શૈક્ષણિક ગુણવત્તા વધારવા માટે પાઠ્યક્રમમાં સુધારા તથા ફેકલ્ટી ઑરિએન્ટેશન કાર્યક્રમોની મહત્વતા ઉપર પ્રકાશ પાડ્યો.

આ સત્ર ખૂબ જ ઇન્ટરએક્ટિવ રહ્યું, જેમાં પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન ફેકલ્ટી સભ્યોએ સક્રિય રીતે ભાગ લીધો, પોતાના વિચારો રજૂ કર્યા અને હોમિયોપેથીક તબીબી શિક્ષણમાં CBDCના અમલ અંગે પ્રશ્નો પૂછ્યા. ડૉ. ચિરાગ શાહે તમામ પ્રશ્નોના અસરકારક જવાબ આપી સત્રને માહિતીપૂર્ણ અને વ્યવહારુ બનાવ્યું.

વેબિનારનો અંત ભાગ લેનારાઓ તરફથી મળેલા સકારાત્મક પ્રતિસાદ સાથે થયો. ભાગ લેનારોએ આ સત્રને શૈક્ષણિક આયોજન તથા શિક્ષણ–અભ્યાસ પ્રક્રિયા માટે ઉપયોગી અને પ્રેરણાદાયી ગણાવ્યું. આ કાર્યક્રમ ફેકલ્ટી વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થયો અને સંસ્થાની સિલ્વર જ્યુબિલી ઉજવણીના ઉદ્દેશ્યોને અનુરૂપ રહ્યો.


### 'હોમિયોપેથીમાં સંશોધનનું મહત્વ: સંશોધનના વ્યાપને સમજવું' વિષય પર વેબિનાર










હોમિયોપેથીમાં સંશોધનનું મહત્વ: સંશોધનના વ્યાપને સમજવું" વિષય પર એક સેમિનારનું આયોજન રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડિકલ કૉલેજ ખાતે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડૉ. પંકજ એન. લાઠીયા દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે હોમિયોપેથીમાં સંશોધનનું મહત્વ, તેનું વ્યાપક ક્ષેત્ર, પ્રાસંગિકતા તથા ભાવિ સંભાવનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી. સત્ર દરમિયાન

સંશોધન પદ્ધતિશાસ્ત્ર, શૈક્ષણિક સંશોધન અભિગમ તથા પુરાવા આધારિત ચિકિત્સા પદ્ધતિ દ્વારા હોમિયોપેથીક તબીબી વિજ્ઞાનને મજબૂત બનાવવામાં સંશોધનની ભૂમિકા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. આ વ્યાખ્યાન વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી સભ્યો માટે માહિતીપૂર્ણ અને બૌદ્ધિક રીતે પ્રેરણાદાયી રહ્યું.

કાર્યક્રમની શરૂઆત ડૉ. ભાવિન મોદીના સ્વાગત સંબોધનથી કરવામાં આવી હતી. તેમણે મહેમાન વક્તાનું હાર્દિક સ્વાગત કર્યું તથા સ્નાતક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકવર્ગમાં સંશોધન અંગે જાગૃતિ વિકસાવવાની મહત્વતા ઉપર પ્રકાશ પાડયો. આ સેમિનારમાં ચોથા BHMSના વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી સભ્યોની સક્રિય હાજરી નોંધપાત્ર રહી. સત્ર દરમિયાન થયેલા સંવાદથી વિદ્યાર્થીઓને સંશોધન સંબંધિત ખ્યાલો અંગે સ્પષ્ટતા મળી અને શૈક્ષણિક તેમજ ક્લિનિકલ સંશોધનમાં રસ વિકસાવવા પ્રેરણા મળી. સેમિનારના અંતે ડૉ. અમિતરાય શાહ દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી. તેમણે વક્તાનો તેમના જ્ઞાનસભર માર્ગદર્શન બદલ આભાર માન્યો તથા કાર્યક્રમની સફળતા માટે આયોજકો, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓના સહકાર માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી. આ સેમિનારને અત્યંત માહિતપ્રદ, પ્રેરણાદાયી અને લાભદાયક ગણવામાં આવ્યો, જે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના શૈક્ષણિક વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થયો તથા રિસર્ચ સેન્ટરના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવામાં સહાયક રહ્યો.

## એસ. બી.ગાર્ડા આર્ટ્સ ઍન્ડ પી.કે.પટેલ કોલેજ ઑફ કોમર્સ, નવસારી.

### ડૉ. પન્ના ત્રિવેદીનું 'વાર્તાલેખનઃ અનુભવવિશ્વ અને સર્જનાત્મક પ્રક્રિયા' વિશે વ્યાખ્યાન



તા. ૬/૧/૨૦૨૫ના રોજ એસ.બી.ગાર્ડા કૉલેજના અંગ્રેજી વિભાગ, ગુજરાતી વિભાગ તેમજ IQACના સંયુક્ત ઉપક્રમેઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ગુજરાતી વિભાગમાં કાર્યરત એવા ડૉ. પન્ના ત્રિવેદીનું 'વાર્તાલેખનઃ અનુભવવિશ્વ અને સર્જનાત્મક પ્રક્રિયા' વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત કુ. સરિતા રાજભરે પ્રાર્થનાથી કરી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે કાર્યક્રમના અનુસંગમાં સર્જન પ્રક્રિયાના ૬ તબક્કા વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી તથા સર્જન કરવા માટે પ્રેરણાત્મક જીવંત ઉદાહરણો પ્રસ્તુત કર્યા. ડૉ. પન્ના ત્રિવેદીનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ આપી ઉષ્માસભર સ્વાગત ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરે કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. પન્ના ત્રિવેદી વિશે ડૉ. ઉર્વિક પટેલ દ્વારા પરિચય રજૂ કરવામાં આવ્યો હતો. સર્જન પ્રક્રિયા અને અનુભવવિશ્વ વિશે ડૉ. પન્ના ત્રિવેદીએ વિશદ અને ઉત્કૃષ્ટ ઉદાહરણો પ્રસ્તુત કર્યા. સર્જન સંદર્ભે માહિતીનું રૂપાંતરણ કલાકીયરૂપ કઈ રીતે પામે તેની પોલ વાલેરી, રવીન્દ્રનાથ ટાગોર, શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય, સુરેશ જોષી, ઉમાશંકર જોશી જેવા સર્જકોને કૃતિઓને કેન્દ્રમાં રાખીને રચના પ્રયુકિતઓની સમજણ આપી. આસપાસના જીવાતા જીવનમાંથી બાહ્ય સામગ્રી જ્યારે અંતર વિશ્વના વમળમાં કલારૂપ પામે તેની પોતાની વાર્તાઓને સામગ્રી સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ સાથે વ્યાખ્યાન બાદ સર્જન સંદર્ભે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૭૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ. રાધાબેન ગૌતમ તેમજ ગુજરાતી વિભાગના અધ્યક્ષા શ્રીમતી હેતલબેન નાયકે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. વૃષ્ટિ પટેલે અને આભારવિધિ શ્રીમતી સંગીતા શર્માએ કરી હતી.

### પ્રાર્થના સ્પર્ધાનું આયોજન



નવસારી ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કાર્યક્રમો યોજનાર એસ.બી.ગાર્ડા કૉલેજના સાંસ્કૃતિક સમિતિ તેમજ IQACના સંયુકત ઉપક્રમે તા. ૦૭/૦૧/૨૦૨૬ના દિને કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ 'પ્રાર્થના સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સ્પર્ધાનો પ્રારંભ કૉલેજના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોક ગાનથી કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાર્થના સ્પર્ધાનું મહત્વ સમજાવતાં કહ્યું કે, "પ્રાર્થના સ્પર્ધા દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક ભાવોનું નિર્માણ કરવાનો પ્રયાસ છે, પ્રાર્થના ઇશ્વરની નજીક જવાનો પાસવર્ડ છે, સાચા હૃદયથી કરેલી પ્રાર્થના ઇશ્વર સુધી પહોંચે જ છે." તેમણે ઇશ્વર આપણી સાથે જ છે એ પ્રસંગે વર્ણવીને વિદ્યાર્થીઓને પરમેશ્વરને જાણવા-પામવાનું માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈને સ્પર્ધાને સફળ બનાવી હતી. પ્રાર્થનાના શબ્દો

અને ભાવોથી કૉલેજનું વાતાવરણ મધુર બન્યું અને પ્રભુને યાદ કરવાનો અવસર મળ્યો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. વ્યોમ વૈદ્ય, દ્વિતીય ક્રમે કુ. અંજલિ ખુશવાહા અને તૃતીય ક્રમે કુ. રિન્કુ ભંડારી વિજેતા બન્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. પુનિતા પટેલે કર્યુ હતું. અને આભાર વિધિ સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રી કિશોરભાઈ પટેલે કરી હતી. ગાર્ડા કૉલેજ અને ટ્રસ્ટ પરિવાર તરફથી સૌ સ્પર્ધાકો અને વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## સંસ્કૃત ચિત્ર પ્રદર્શનીનું આયોજન



સંસ્કાર સિંચન અને માનવીય મૂલ્યોનો આદર્શોને ઉજાગર કરતી તેમજ સમગ્ર નવસારી જીલ્લામાં આર્ટ્સ અને કોમર્સ વિષયમાં ઉચ્ચ શિક્ષણ અને જીવન ઘડતર માટે ખ્યાતનામ સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજ નવસારીના સંસ્કૃત વિભાગ અને IQACના સંયુકત ઉપક્રમે તા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રુચિ જાગે અને પ્રાચીન વારસાની સમજ કેળવાય તે હેતુથી કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ "સંસ્કૃત ચિત્ર પ્રદર્શની"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ કૉલેજના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોક ગાનથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સંસ્કૃત ચિત્રપ્રદર્શનિનુ મહત્વ સમજાવતાં કહ્યું કે આ કાર્યક્રમ દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓમાં રહેલાં સર્જનાત્મક શક્તિને ખીલવવાનો પ્રયાસ છે. વિશ્વ પ્રસિદ્ધ ચિત્રકાર પાઉલોનો પ્રસંગ વર્ણવીને વિદ્યાર્થીઓને સતત મહેનતનું મહત્વ સમજાવ્યું હતું. કોઈ પણ કૌશલ્ય વર્ષોની મહેનતથી જ સફળતા અપાવે છે, એટલે એક ચિત્તે કાર્ય કરવા માટે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતાં. સંસ્કૃત વિભાગના વિદ્યાર્થીઓએ વૈદિક સાહિત્ય, ઉપનિષદો, સંસ્કૃત સાહિત્યના કવિઓ, કાવ્ય સર્જનો, સંસ્કૃતનાં પારિભાષિક શબ્દો, પર્યાવરણ વિષય વગેરે વિષયો આધારિત ચિત્રપ્રદર્શની તૈયાર કરી હતી. વિદ્યાર્થીઓએ પોતાની સર્જનશકિત અનુસાર ખૂબ જ સરસ પ્રયત્ન કરીને એક સુંદર પ્રદર્શન કર્યુ હતું. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા સંસ્કૃત વિભાગના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ, ડૉ. પુનિતા પટેલ વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા કુ. હેત્વી આહિરે તેમજ આભારવિધિ ડૉ. પુનિતાબેન પટેલે કરી હતી. ગાર્ડા ટ્રસ્ટ પરિવાર તરફથી સૌ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યાં હતાં.

## શિક્ષણનું મહત્વ વિષય પર વ્યાખ્યાન



નવસારી નગરી તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે પ્રસ્થાપિત એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીના કોમર્સ વિભાગ અને આઈ.ક્યુ. એ. સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૮/૧/૨૦૨૬ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ 'શિક્ષણનું મહત્વ' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું. આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. ભંડેરી રીન્કુ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચનમાં વિદ્યાર્થીઓને શિક્ષણના વાસ્તવિક અર્થ અને જીવનમાં તેની અનિવાર્યતા વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રી હિતેશભાઈ મહેતા વિશે ડૉ. ઇશ્વરભાઇ ચૌધરી દ્વારા પરિચય રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે મુખ્ય વક્તાશ્રી હિતેશભાઈ નાનુભાઈ મહેતાનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ થકી સન્માન કર્યુ હતું. કાર્યક્રમમાં પધારેલ વક્તાશ્રી હિતેશભાઈ મહેતાએ શિક્ષિત વ્યકિત અને અશિક્ષિત વ્યક્તિનું વર્તન, આત્મવિશ્વાસ, હિંમત અને આવડતમાં કેટલો ફેર પડે છે તે ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું. પ્લેનેટ કોમ્પ્યુટર ઍકેડમીમાંથી અંકીતાબેન અને વિશાલભાઇ પણ હાજર રહ્યા હતા. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સુચારૂ સંચાલન શ્રીમતી લીના ટેલરે કર્યુ હતું. આભાર દર્શન કુ. જીનલ નાયકા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ અંતર્ગત 'સ્વદેશી શપથ' અને 'રન ફોર સ્વદેશી' કાર્યક્રમ



એસ.બી.ગાર્ડા કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના અને IQACના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણાથી તા. ૧૨/૦૧/૨૦૨૬નાં રોજ સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે "સ્વદેશી શપથ" અને "રન ફોર સ્વદેશી" કાર્યક્રમમાં કૉલેજ પરિસરમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસરો તથા મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ સ્વદેશી શપથ ગ્રહણ કર્યા હતા. ત્યારબાદ કૉલેજ પરિસરથી ફુવારા મહાત્મા ગાંધીજીની પ્રતિમાથી જુનાથાણા સ્વામી વિવેકાનંદની પ્રતિમા સુધીની ભવ્ય "રન ફોર સ્વદેશી" રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં સ્વયંસેવકોએ દેશભક્તિ, રાષ્ટ્રીય યુવા દિવસ અને રન ફોર સ્વદેશી અંતર્ગત નારા અને સુત્રોચ્ચાર કરી નવસારી શહેરનાં લોકોને જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમના અંતે નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, નવસારી મહાનગરપાલિકા કમિશ્નરશ્રી દેવ ચૌધરી , નવસારી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ભુરાલાલ શાહ, ભૂતપૂર્વ અધ્યાપકશ્રી જશુભાઈ નાયક તથા અન્ય અગ્રણીઓએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પહાર પહેરાવી વંદન કર્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના NSSનાં સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઑફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતિ હેતલબેન નાયક તથા શ્રી કિશોરભાઈ પટેલે ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે વ્યાખ્યાન



રાષ્ટ્રભક્તિ અને જનસેવાના ભેખધારી એવા વિશ્વવંદનિય સ્વામી વિવેકાનંદજી જન્મ જયંતિ નિમિત્તે નવસારીની સુપ્રસિધ્ધ એસ.બી.ગાર્ડા કૉલેજમાં એક પ્રેરક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ સેમિનાર હોલમાં આયોજીત આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. આનંદિતા નાયકની પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમની શોભા એવા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચન દ્વારા ઉપસ્થિત સહુને આવકાર આપ્યો અને સ્વામી વિવેકાનંદના વિચારોરૂપી મોતીનો આસ્વાદ કરાવ્યો. આ સાથે તેઓએ મુખ્ય વક્તા ડૉ. જનકભાઈ પારેખનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કર્યું. આ કાર્યક્રમમાં ચાવીરૂપ વકતવ્ય આપતા ડૉ. જનકભાઈ પારેખે સ્વામી વિવેકાનંદની મુલાકાતી વિશ્વવિભૂતીઓમાં આવેલ પરિવર્તનની, જનસેવા, સનાતન સંસ્કૃતિ તથા માઁ ભારતીની સેવા સાથે રાષ્ટ્રભક્તિના સત્ય દ્રષ્ટાંતો આપી સર્વ શ્રોતાજનોને પ્રેરણા આપી હતી. આ પ્રસંગે ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, ડૉ. અશ્વિન શર્મા, શ્રીમતી રેખાબેન પટેલ, ડૉ. આશાબેન પટેલ તેમજ અન્ય પ્રાધ્યાપકોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. હેમંત પટેલે તથા આભારવિધિ કુ. દિવ્યાની ટંડેલે કરી હતી.

## સાઇબર સિક્યુરિટી અવેરનેસ વિષય પર વિશેષ વ્યાખ્યાન



વર્તમાન સમયમાં વધતા જતા ડિજિટલ અપરાધો અને ઓનલાઇન છેતરપિંડી સામે વિદ્યાર્થીઓને જાગૃત કરવાના ઉમદા હેતુથી નવસારીની પ્રખ્યાત ગાર્ડા કૉલેજ ખાતે “Cyber Security Awareness Programme” અંતર્ગત એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન તા. ૧૩/૦૧/૨૦૨૬ ના રોજ કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. અંજલિ ખુશવાહાની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, સાયબર સિક્યુરિટી માત્ર ટૅક્નિકલ વિષય નહીં પરંતુ રોજિંદા જીવનનો એક મહત્વનો ભાગ છે અને જાગૃત નાગરિક બનીને જ આપણે ડિજિટલ ભારતને સુરક્ષિત બનાવી શકીએ. આજના ડિજિટલ યુગમાં ઇન્ટરનેટ અને સ્માર્ટફોન આપણા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગયા છે. ઓનલાઈન શિક્ષણ, બેન્કિંગ, શોપિંગ અને સોશિયલ મીડિયા જેવી સેવાઓએ જીવન સરળ બનાવ્યું છે, પરંતુ તેની સાથે સાયબર ગુનાઓનું જોખમ પણ વધ્યું છે. આવા સંજોગોમાં સાયબર સિક્યુરિટી અંગે જાગૃતિ અતિ આવશ્યક બની છે. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા મુખ્ય વક્તા તરીકે નવસારી સાઇબર ક્રાઇમ વિભાગના પી.એસ.આઈ. (PSI) શ્રી એમ.એમ. શેખનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. વક્તાશ્રી એમ.એમ.શેખે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ટેકનોલોજીના યુગમાં સાવચેતી એ જ સલામતી છે. તેમણે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને સુરક્ષિત રાખવાની રીતો, ટુ–સ્ટેપ વેરિફિકેશનનું મહત્વ અને અજાણી લિંક પર ક્લિક કરવાથી થતા જોખમો વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી. વધુમાં, તેમણે ઓનલાઇન બેન્કિંગ ફ્રોડ, ફિશિંગ એટેક અને હનીટ્રેપ જેવા ગંભીર વિષયો પર પ્રાયોગિક ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. જો કોઈ વ્યક્તિ સાઇબર ક્રાઇમનો ભોગ બને, તો તુરંત જ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અથવા સાઇબર પોર્ટલ

પર ફરિયાદ કરવા માટે પણ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં કોન્સ્ટેબલશ્રી જયદીપસિંહ જાડેજા, સાયબર તજજ્ઞશ્રી ધ્રુવભાઇ નાયક અને શ્રી કરણભાઈ વશીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને સાયબર સિક્યુરિટી વિશે જાગૃત કર્યા હતા. કાર્યક્રમમાં કોલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ સાયબર કલબના કો–ઓર્ડીનેટર ડૉ. પુનિતાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર ગાર્ડા કોલેજ અને ગાર્ડા ટ્રસ્ટ પરિવારે Cyber Crime વિભાગ, નવસારીની સમગ્ર ટીમ તથા સૌ વિદ્યાર્થીઓ પ્રતિ હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

## વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન



નવસારી પંથકના ઉચ્ચ શિક્ષણ અને સંસ્કાર ઘડતરના પર્યાય સમી એસ.બી. ગાર્ડા કોલેજના હિન્દી વિભાગ અને આઈ.ક્યુ.એ સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦/૦૧/૨૦૨૬ નાં રોજ હિન્દી ભાષાના પ્રચાર–પ્રસાર તથા ભારતીય સંસ્કૃતિના ગૌરવને ઉજાગર કરવાની ભાવનાથી "विश्व हिन्दी दिन" નિમિત્તે "हिन्दी एकता और सांस्कृतिक गौरव की वैश्विक आवाज" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ હિન્દી ભાષાની વૈશ્વકિ ભૂમિકા, તેની એકતાની શક્તિ અને ભારતીય સંસ્કૃતિના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ સ્પર્ધાનો આરંભ કુ. ખૈરનાર મનિષાની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, આ નિબંધ સ્પર્ધા માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ વિચાર વ્યક્ત કરવાની અને પોતાની ભાષા–સંસ્કૃતિને ઓળખવાની એક સુંદર તક છે. હિન્દી ભાષા આપણાં દેશની એવી ભાષા છે, જે અલગ–અલગ પ્રદેશો, ભાષાઓ અને સંસ્કૃતિઓને એકસાથે જોડે છે. જ્યારે આપણે હિન્દી બોલીએ કે લખીએ છીએ, ત્યારે આપણે માત્ર શબ્દોનો ઉપયોગ નથી કરતા, પરંતુ આપણી સંસ્કૃતિ, મૂલ્યો અને ઓળખને આગળ વધારીએ છીએ. આજના આધુનિક યુગમાં અંગ્રેજી અને ટેકનોલોજી જેટલી જરૂરી છે, એટલી જ જરૂરી છે માતૃભાષા અને રાષ્ટ્રભાષા પ્રત્યેની લાગણી. અંતમાં વિદ્યાર્થીઓને આ નિબંધ સ્પર્ધામાં નિર્ભયતાથી અને ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. હિન્દી વિભાગના અધ્યાપિકા શ્રીમતિ બીનાબેન આહિરે સ્પર્ધાના નિયમો વિશે વિસ્તૃત સમજ આપી હતી. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે સ્પર્ધામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્કૃત વિભાગના અધ્યાપિકા ડૉ. પુનિતાબેન પટેલે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ દ્રષ્ટિ દિનેશભાઇ, દ્વિતીય ક્રમે રાઠોડ જીનલ દોલતભાઈ અને તૃતીય ક્રમે બોરિચા હેતલ નરેશભાઇ વિજેતા બન્યા હતાં. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા. સમગ્ર સ્પર્ધાનું સુચારું સંચાલન હિન્દી વિષયની વિદ્યાર્થીની કુ. હેત્વી પટેલ તેમજ આભારવિધિ શ્રીમતિ બીનાબેન આહીર દ્વારા કરવામાં આવી હતી.

## માનવજાત માટે ઇતિહાસનું મહત્વ વિષય પર વ્યાખ્યાન



નવસારીની સુપ્રસિદ્ધ એવી ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ આઈ.ક્યુ.એ.સેલ અને ઇતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૩/૦૧/૨૦૨૬ના રોજ "માનવજાત માટે ઇતિહાસનું મહત્વ" વિષય પર એક પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ભૂતકાળના અનુભવો અને સાંસ્કૃતિક વારસા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીની સુહાની ઢીમ્મરની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું કે, ઇતિહાસ માત્ર ભૂતકાળની ઘટનાઓનો લેખાજોખા નથી, પરંતુ તે માનવજાત માટે માર્ગદર્શક દીવો છે. ઇતિહાસ દ્વારા આપણે આપણા પૂર્વજોની સંસ્કૃતિ, મૂલ્યો, સંઘર્ષો અને સિદ્ધિઓને સમજી શકીએ છીએ, જે વર્તમાન જીવનને યોગ્ય દિશા આપવા માટે અત્યંત ઉપયોગી છે. ઈતિહાસ વિભાગના અધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલે વકતાશ્રી ડૉ. મુકેશભાઈ જે. પટેલનો પરિચય આપ્યો હતો. મુખ્ય વકતાશ્રી ડૉ. મુકેશભાઈ જે. પટેલ નું ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપી સ્વાગત કર્યું હતું. ડૉ. મુકેશભાઈ જે. પટેલે જણાવ્યું હતું કે ઈતિહાસ માનવજાત માટે માત્ર ભૂતકાળની ઘટનાઓનો દસ્તાવેજ નથી, પરંતુ તે સમાજના વિકાસ, સંસ્કૃતિના સંરક્ષણ અને માનવમૂલ્યોની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઇતિહાસમાંથી મળતા પાઠો દ્વારા વર્તમાનની સમસ્યાઓનું સમાધાન શોધી શકાય છે અને ભવિષ્યને વધુ સુદૃઢ બનાવી શકાય છે તેમણે વિદ્યાર્થીઓને

ઈતિહાસને રસપૂર્વક અભ્યાસ કરવાની તથા તેમાં રહેલા જીવનમૂલ્યોને આત્મસાત કરવાની પ્રેરણા આપી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ શ્રી નયનકુમાર ગુજ્જા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સફળતા બદલ ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઍન્ટી રેગિંગ અવેરનેસ પ્રોગ્રામ



ગાર્ડા કૉલેજના 'ઍન્ટી રેગિંગ' સેલ અને IQAC દ્વારા તા. ૧૬/૦૧/૨૦૨૬ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના અધ્યક્ષપણા હેઠળ 'ઍન્ટી રેગિંગ' અવેરનેસ પ્રોગ્રામનો આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી કે.ડી.દ્વિવેદી (સેક્રેટરી અને સિનિયર સીવીલ જજ), શ્રી કેવિનભાઈ પારેખ (ડેપ્યુટી ચિફ લીગલ એડવાઇઝર), શ્રી વી.ડી.રાવલ (પેનલ વકીલશ્રી) અને શ્રી રમેશભાઈ (કોન્સ્ટેબલ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કુ. યામિની રાઠોડની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના આવકાર પ્રવચનમાં ગાર્ડા કૉલેજનું કેમ્પસ છેલ્લા ૮૧ વર્ષથી રેગીંગ ફ્રી કેમ્પસ રહ્યું છે તે જણાવી અનો શ્રેય વિદ્યાર્થીઓ, વાલીઓ અને અધ્યાપકોને આપ્યો હતો શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં ઉત્તમ સંસ્કારની અપેક્ષા વ્યકત કરી હતી. ઉપસ્થિત મહેમાનોનું ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર તથા ઉપાચાર્યશ્રી હિતેશભાઈ પટેલે પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપી અભિવાદન કર્યું હતું. 'ઍન્ટી રેગિંગ' અવેરનેસ પ્રોગ્રામમાં શ્રી કે.ડી.દ્વિવેદી પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, દેશનું ભવિષ્ય બાળકો છે, વિદ્યાર્થીઓ છે. રેગિંગ વ્યકિતના વિકાસમાં અવરોધ ઊભો કરે છે અને આ અવરોધ દેશને માટે પણ નુકસાનકારક સાબિત થાય છે માટે સારા અને ઉત્તમ વિચારો થકી આ બધી બાબતોથી દૂર રહી શકાય છે તે ઉપરાંત તેઓશ્રીએ રેગિંગ બાબતે કાયદાકીય માહિતી ઉપલબ્ધ કરાવી હતી. શ્રી કેવિનભાઈ પારેદખે પોતાના વકતવ્યમાં રેગિંગ એક અપરાધ છે અને એના માટે કાયદામાં જે જોગવાઈઓ છે તેની માહિતી પૂરી પાડી હતી. શ્રી વી.ડી.રાવલ મેડમે પોતાના વકતવ્યમાં શારીરિક, માનસિક, વ્યકિતગત પ્રસાર માધ્યમ દ્વારા થતી હેરાનગતીને એક પ્રકારના રેગીંગ દર્શાવ્યા હતા. એમણે જુદા જુદા કેસોની માહિતી પૂરી પાડી સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈનની માહિતી સાથે સ્ત્રી સુરક્ષા માટેના કાયદાની ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રી રમેશભાઈ કોન્સ્ટેબલ રેગીગના જુદા જુદા ઉદાહરણો પૂરા પાડીને રેગિંગની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમ કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. અશ્વિનશર્માએ કરી હતી.

## આંકડાશાસ્ત્ર પોસ્ટર મેકિંગ ઉત્સવ યોજાયો



એસ.બી.ગાર્ડા કૉલેજમાં વિદ્યાર્થીઓના વિષય જ્ઞાન અને કૌશલ્યને નિખારવા માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. આ પરંપરાને આગળ ધપાવતા, આંકડાશાસ્ત્ર વિષય પ્રત્યે જાગૃતિ વધારવા તથા તેમની સર્જનાત્મકતા, વિશ્લેષણાત્મક વિચારશકિત અને પ્રસ્તુતિ કૌશલ્યનો વિકાસ કરવા હેતુસર "Statistics Awareness Program" અંતર્ગત ભવ્ય "આંકડાશાસ્ત્ર પોસ્ટર મેકિંગ" ઉત્સવનું આયોજન ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ તા. ૧૬/૦૧/૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ રચનાત્મક સ્પર્ધામાં કુલ ૨૬ ગ્રુપોમાં ૮૯ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આર્થિક વિકાસ અને વૃદ્ધિ, રમત–ગમત, સોશિયલ મીડિયાનો પ્રભાવ, ઔદ્યોગિક વિકાસ, ઓનલાઈન શોપિંગ અને ભારતમાં વધી રહેલા આત્મહત્યાના બનાવો જેવા ગંભીર અને વર્તમાન પ્રવાહના વિષયો પસંદ કર્યા હતા. માહિતીના પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતોનો ઉપયોગ કરી, વિદ્યાર્થીઓએ આલેખ, આકૃતિ અને આંકડાકીય સાધનો દ્વારા વિગતવાર વિશ્લેષણ અને તારણો સાથે આકર્ષક પોસ્ટરો તૈયાર કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે એન.એચ.શાહ કોમર્સ કૉલેજના નિવૃત અધ્યાપક શ્રી કૌશિક આર. ભાવસાર અને શેઠ સી.ડી.બરફીવાલા કૉલેજના અધ્યાપક ડૉ. રોશન એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્પર્ધકોને મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિકાસ શર્મા અને ટીમ, દ્વિતીય ક્રમે નિરાલી મિસ્ત્રી અને ટીમ તેમજ તૃતીય ક્રમે મહેક ટેલર અને ટીમ વિજેતા જાહેર થયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આંકડાશાસ્ત્ર વિભાગના શ્રી નિપુલ એન. મિસ્ત્રી, ડૉ. હેમંત બી. પટેલ, કુ. ડીમ્પલ પરમાર અને કુ. જીનલ નાયકા દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર અને ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે તમામ વિજેતા અને સ્પર્ધકોને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

## મહિલા સશક્તિકરણ માટે રેઝીન વર્ક, મીરર વર્ક, લીપણ આર્ટ તેમજ ભરત–ગૂંથણ અંગે માર્ગદર્શન કાર્યક્રમ



સ્થાનિક કલા અને હસ્તકલા ક્ષેત્રને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી નવસારીની એસ.બી.ગાર્ડા કૉલેજના વુમન સેલ, આઈ.ક્યુ.એ.સેલ અને બનાસકાંઠા જનરલ સેવા સંઘ, નવસારીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭/૦૧/૨૦૨૬ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના નેજા હેઠળ "રેઝીજ વર્ક, મીરર વર્ક, લીપણ આર્ટ તેમજ ભરત–ગૂંથણ" વિશે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીનીઓ અને મહિલાઓમાં પરંપરાગત તથા આધુનિક હસ્તકલા કૌશલ્યો અંગે જાગૃતિ લાવવી તેમજ સ્વરોજગાર માટે નવી તકો ઊભી કરવાનું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. રિન્કુ ભંડેરીની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે, "રેઝીન વર્ક, મીરર વર્ક, લીપણ આર્ટ તેમજ ભરત–ગૂંથણ" જેવી કલાઓ માત્ર હસ્તકલા નથી, પરંતુ આપણા સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત પ્રતિબિંબ છે. આજના આધુનિક યુગમાં આ કલાઓને નવી ટેકનિક્સ અને નવી વિચારસરણી સાથે અપનાવીએ સ્વરોજગાર અને આત્મનિર્ભરતાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં ભરાઈ શકે છે. વુમન સેલના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા ઉપસ્થિત બનાસકાંઠા જનરલ સેવા સંઘના પ્રમુખશ્રી તેમજ મંત્રીશ્રીનો પરિચય આપવામાં આવ્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી અને ઉપાચાર્યશ્રી દ્વારા ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. બનાસકાઠાં જનરલ સેવા સંઘ સંસ્થાના પ્રમુખશ્રી સંગીતાબેન ગાયકવાડ અને મંત્રીશ્રી જ્યોતિબેન પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓને જણાવ્યું કે, બનાસકાંઠા જનરસ સેવા સંઘ, નવસારી વર્ષોથી મહિલાઓના કૌશલ્ય વિકાસ, સ્વરોજગાર પ્રોત્સાહન અને સામાજિક સશક્તિકરણ માટે કાર્યરત છે. અમારી સંસ્થા દ્વારા વિવિધ હસ્તકલા તાલીમ, માર્કેટિંગ સ્પોર્ટ, પ્રદર્શન–મેળા તેમજ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. લીપણ આર્ટ અને ભરત–ગૂંથણ જેવી લોકકલાઓનું સંરક્ષણ કરવું અને તેને નવી પેઢી સુધી પહોંચાડવું આપણી સૌની જવાબદારી છે, જ્યારે રેઝીન વર્ક અને મીરર વર્ક સમયની માંગ મુજબ નવી રોજગાર તકો ઊભી કરે છે. આ કાર્યક્રમમાં કુલ ૨૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## રક્તદાન કેમ્પનું આયોજન



સમાજમાં માનવતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજના, આઈ.ક્યુ.એ.સેલ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન અને પ્રેરણાથી ચાલુ વર્ષે રક્તદાન કેમ્પનો બીજો રાઉન્ડ તા. ૧૯/૦૧/૨૦૨૬ના રોજ યોજાયો હતો. આ કેમ્પમાં ઉપસ્થિત ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડૉ. નરેશભાઈ ધનાણી અને ડૉ. કિરીટભાઈ ભાવસારનું કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના હસ્તે સ્મૃતિભેટ અને પુષ્પગૂચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્ટાફનું પુષ્પગુચ્છથી પ્રોગ્રામ ઑફિસરોના હસ્તે અભિવાદન કરી કેમ્પની સફળતાને શુભેચ્છા પાઠવી હતી. આ કેમ્પમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખશ્રી તૃષારભાઈ દેસાઈ અને માનદમંત્રીશ્રી ડૉ. ધર્મેશભાઈ કાપડીયા તેમજ કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક તથા એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફિસર શ્રી જશુભાઈ નાયકે રક્તદાન કેમ્પમાં ઉપસ્થિત રહીને રક્તદાતાઓને ઉત્સાહ વધાર્યો હતો અને રક્તદાનને મહાનદાન ગણાવી સમાજના દરેક નાગરિકને નિયમિત રક્તદાન કરી સમાજસેવા કરવાની અપીલ કરી હતી. આ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૫૯ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાતા અને સ્વયંસેવકોને પ્રોત્સાહનરૂપે કૉલેજ તરફથી ભેટ આપવામાં આવી હતી. રક્તદાન કેમ્પને સફળ બનાવવા રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતી હેતલબેન નાયક, શ્રી કિશોરભાઈ પટેલ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના વોલેન્ટીર્યસે ખૂબ જ અથાક પ્રયત્નો કર્યા હતા.

## Know Our Writers Power Point Presentation સ્પર્ધાનું આયોજન

નવસારી તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ તથા આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ Know Our Writers" Power Point Presentation" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કૉલેજની વિદ્યાર્થીની

કુ. રિયા પારેખની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ અવસરે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં Power Point Presentation સ્પર્ધાના શૈક્ષણિક મહત્વ વિશે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચનનો શોખ વિકસે છે, લેખકોના વિચારોને સમજવાની ક્ષમતા વધે છે તથા લેખન અને રજૂઆત કૌશલ્યમાં નિખાર આવે છે. સાથે જ તેમણે વિદ્યાર્થીઓને લેખનક્ષેત્રમાં રસ વધારવા, સ્વતંત્ર વિચારોથી લખવા તથા ભવિષ્યમાં લેખક બનવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમના નિર્ણાયકની ભૂમિકા શ્રીમતિ નમિતા સવલા તથા ડૉ. રીના દેસાઈ દ્વારા ભજવવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. રાશિ પટેલ, દ્વિતીય ક્રમે પુજા ચૌધરી તેમજ તૃતીય ક્રમે અંજના શર્મા વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં અંગ્રેજી વિભાગનાં અધ્યક્ષા ડૉ. રાધા ગૌતમ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંગ્રેજી વિભાગનાં ડૉ. નેહાબેન હરીયાણીએ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ક્રિષા કાનાણી તેમજ આભારવિધિ કુ. વૈભવી પંચાલ દ્વારા કરવામાં આવી હતી.

## સહકારી પ્રવૃત્તિઓનો વિકાસ અને તેમાં યુવાનોનો ફાળો વિષય પર વ્યાખ્યાન



સહકારી પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને સામાજિક જવાબદારી અને સંવાદ કુશળતા વિકાસ માટે પ્રોત્સાહિત કરતી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીના પ્લાનિંગ ફોરમ સમિતિ અને IQAC સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨/૦૧/૨૦૨૬ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ " સહકારી પ્રવૃત્તિઓનો વિકાસ અને તેમાં યુવાનોનો ફાળો" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સહકારી પ્રવૃત્તિઓના મહત્ત્વને ઉજાગર કરવાનો તેમજ તેમાં યુવાનોની સક્રિય ભૂમિકા અને જવાબદારી અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત કુ. રિન્કુ ભંડેરીની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં વિશ્વમાં સહકાર ક્ષેત્રે થયેલ ક્રાંતિઓ તથા શ્વેતક્રાંતિના પ્રણેતા એવા ડૉ. વર્ગીશ કુરિયને સહકાર ક્ષેત્રે આપેલ યોગદાનની ટૂંકમાં માહિતી આપી હતી તેમજ વિદ્યાર્થીઓને સહકારી વિચારધારાને જીવનમાં અપનાવવાની ભલામણ કરી હતી. શ્રી કિશોરભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનશ્રીઓનો પરિચય આપવામાં આવ્યો હતો. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. મુખ્ય વક્તાશ્રી ભરતભાઈ પટેલે (વલસાડ જિલ્લા સહકારી સંઘના ઉપપ્રમુખશ્રી) એમના ગાર્ડા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકેના સંસ્મરણો યાદ કરી સહકારી માળખાના ઉદ્દભવ અને વિકાસની માહિતી રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. શ્રી ગિરીશચંદ્ર પટેલે (વલસાડ જિલ્લા સહકારી સંઘના કાર્યકરી અધિકારીશ્રી) સહકારી પ્રવૃત્તિઓના વિકાસની આંકડાકીય માહિતી સાથે સુંદર રજૂઆત કરી હતી. શ્રી ગીતાબેન પટેલે (વલસાડ જિલ્લા સહકારી સંઘના મહિલા C.E.I) નવસારી જિલ્લાના ગામોમાં ચાલતી જુદી જુદી સહકારી પ્રવૃત્તિઓના વિકાસ તથા પ્રવર્તમાન સમયમાં યુવાનોમાં સહકારી તાલીમ અને જરૂરીયાતનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્લાનિંગ ફોરમ સમિતિના અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ પટેલ તથા કુ. વંદનાબેન ધૂમ અને કુ. સોનલબેન પટેલે અથાક પ્રયત્નો કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૧૦૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી કિશોરભાઈ પટેલે તેમજ આભારવિધિ કુ. નશરીનબાનુ કુરેશી દ્વારા કરવામાં આવી હતી.

## બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ તેમજ અન્ય સરકારી સહાય અંગે માર્ગદર્શન કાર્યક્રમ




નવસારીની પ્રતિષ્ઠિત એસ.બી.ગાર્ડા કૉલેજમાં શિક્ષણ અને સંસ્કાર સાથે સાથે વિદ્યાર્થી હિતની પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન થતી રહે છે. તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ કૉલેજના OBC- Minority Cell, SEDG's Cell & IQAC Cellના સંયુક્ત ઉપક્રમે માર્ગદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્ય હતો. આ કાર્યક્રમ કુ. રિન્કુ ભંડેરીની સરસ્વતી વંદના થકી શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રસંગોચિત ઉદ્દબોધન કરતાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓને કર્મનો સિદ્ધાંત, કુદરતને પાછુ આપવાનો સિદ્ધાંત તથા વિદ્યાર્થીજીવનની સફળતાના માર્ગો વર્ણવ્યા હતા. તેઓએ પુષ્પગુચ્છ તથા

સ્મૃતિભેટ અર્પણ કરી સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રી વિરાજભાઈ પટેલને આવકાર આપ્યો હતો. વિશેષમાં શ્રી વિરાજભાઈએ તમામ વિદ્યાર્થીઓને બક્ષીપંચના શિષ્યવૃત્તિ ફોર્મનું રજીસ્ટ્રેશન, ફોર્મ ભરવાનું, ડૉક્યુમેન્ટ સંબંધિત તથા તેને સંબંધિત સામાન્ય ભૂલો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તેઓએ અન્ય સરકારી યોજનાઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા પ્રેરક દ્રષ્ટાંતો આપ્યા હતા. આ માર્ગદર્શન કાર્યક્રમમાં કુલ ૧૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શ્રીમતી રેખાબેન પટેલ, શ્રી કિશોરભાઈ પટેલ, શ્રી મિલનભાઈ રાઠોડ તથા અધ્યાપક મિત્રો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન ડૉ અશ્વિન શર્માએ કર્યું હતું.

## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડિયમ કૉલેજ, સુરત.

### પી.એચડી. થયા




અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુ, સુરતના બે પ્રાધ્યાપકોને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. કૉલેજના વાણિજ્ય વિભાગીય વડા તેમજ પ્રાધ્યાપક ડૉ. પૂજન જયેશ કાપડિયાને કોમર્સ વિષયમાં પીએચ.ડી. આપવામાં આવી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા તેમની "A Study of the Impact of Loan Moratorium on the Financial Performance of the Selected Indian Banks and NBFCs" વિષયક સંશોધન નિબંધને મંજૂરી આપવામાં આવી છે. આ સંશોધન કાર્ય તેમણે ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

તે જ રીતે, કૉલેજના વાણિજ્ય/આંકડાશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક ડૉ.પાઘડાલ ભાર્ગવકુમાર રમેશભાઈને પીએચ.ડી. પ્રાપ્ત થઈ છે. તેમનો સંશોધન વિષય "A Statistical Model on Selected Companies of Sensex and Nifty to Outperform the Benchmark" છે. જે શેરબજાર વિશ્લેષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ ગણાય છે. આ સંશોધન કાર્ય તેમણે ડૉ. સવિતા જે. સોંધિના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

બંને પ્રાધ્યાપકોની આ સિદ્ધિ બદલ અગ્રવાલ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, તેમજ સમસ્ત વ્યાખ્યાતાઓએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજનું ગૌરવ

અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, વેસુ માટે ગૌરવની વાત છે કે કૉલેજના પ્રા. કેવલ પટેલ કોમર્સ વિષય અને પ્રા. ઈશિકા જીવનાની એ મૅનેજમૅન્ટ વિષયમાં તાજેતરમાં યોજાયેલી GSET (ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટ) પરીક્ષા સફળતાપૂર્વક ઉતીર્ણ કરી છે. તેમની આ સિદ્ધિ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને મહેનતનું ઉત્તમ પ્રતિબિંબ છે. આ ઉપરાંત, કૉલેજના એમ.એ. (અર્થશાસ્ત્ર) વિભાગના વિદ્યાર્થીઓ વિશ્વકર્મા ખુશ્બુ, સચિદાનંદ મિશ્રા અને કરણ લુનિયાએ અર્થશાસ્ત્ર વિષયમાં પણ ત્રણ વિદ્યાર્થીઓ GSET પરીક્ષા પાસ કરી કૉલેજનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની આ સફળતા તેમના પરિશ્રમ, લગન અને અધ્યાપકોના માર્ગદર્શનનું ઉત્તમ પરિણામ છે. આ સિદ્ધિ બદલ અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તથા સમગ્ર વ્યાખ્યાતા ગણે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી




અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજ કેમ્પસમાં આત્મનિર્ભર ભારતની થીમ પર આધારિત ૭૭મો પ્રજાસત્તાક દિવસ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે, અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના પ્રમુખશ્રી સંજય સરાવગી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રમુખશ્રી સંજયસરાવગી અને કાર્યકારી આચાર્ય ડૉ. ગૌતમ દુઆએ રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ અને શાળાના સ્કાઉટ્સની પરેડનું નિરીક્ષણ કર્યું અને રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ, રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ અને શાળાના સ્કાઉટ્સ અને ગાઈડન્સના નેતૃત્વમાં ત્રિરંગાને સલામી આપવામાં આવી હતી. કૉલેજ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત, સમૂહ નૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, લોક વાદ્યવૃંદ વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત દરેક કૃતિઓ માં દેશભકિતની ભાવના અને દેશ માટે કંઈક કરવાની ઉત્કટતા સ્પષ્ટ દેખાતી હતી. અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના પ્રમુખશ્રી સંજય સરાવગી એ પોતાના પ્રેરક ભાષણથી બધાને પ્રેરણાઆપી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું.

## સેમિનાર



અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, સુરતમાં "ડિજિટલ દુનિયામાં તણાવમુક્ત જીવન કેવી રીતે જીવવું" વિષય પર એક ઉપયોગી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનારનો મુખ્ય હેતુ આજના ઝડપી અને સ્પર્ધાત્મક જીવનમાં વિદ્યાર્થીઓ પોતાને કેવી રીતે તણાવમુક્ત અને માનસિક રીતે સ્વાસ્થ રાખી શકે તે અંગે માર્ગદર્શન આપવાનો હતો. દસ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પ્રતિષ્ઠિત એમ.ડી. માનોચિકિત્સક ડૉ. અર્પિતા જોષી આ કાર્યક્રમના મુખ્ય વક્તા હતા. તેમણે વિદ્યાર્થીઓને ડિજિટલ ઉપકરણોના અતિરેક ઉપયોગથી થતા માનસિક દુષ્પ્રભાવોની વિગતવાર માહિતી આપી તથા તેમાંથી બહાર આવવાના વ્યવહારુ ઉપાયો સૂચવ્યા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઉપરાંત કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ. ટી. દેસાઈ, ઈ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તેમજ સમસ્ત વ્યાખ્યાતાગણ પણ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમના સફળ આયોજન બદલ અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી, અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ.યુ.ટી.દેસાઈ, ઈ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને સમસ્ત વ્યાખ્યાતાગણોએ શુભેચ્છાઓ પાઠવી.

## એસ.પી.બી.ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઑફ કોમર્સ, સુરત.

### એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન




ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના અવસર પર આદિવાસી સમાજના ગૌરવ, અસ્તિત્વ અને સર્વાંગી વિકાસ અંગે ગંભીર શૈક્ષણિક ચર્ચા માટે એસપીબી ઈંગ્લીશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. "આદિવાસી: અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ (Tribal: Identity, Existence and Development)" વિષયક આ પરિસંવાદ તા. ૩ જાન્યુઆરી, ૨૦૨૬ (શનિવાર)ના રોજ ચિત્રા સુબોધ હોલ, વી.ટી. ચોકસી લો કોલેજ કેમ્પસ, અઠવા લાઈન્સ, સુરત ખાતે યોજાયો હતો. પરિસંવાદનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થયું. કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું, જ્યારે પરિસંવાદનો પ્રાસંગિક પરિચય સુશ્રી મિતાલી પટેલ(અધ્યક્ષ, SC/ST સેલ) દ્વારા આપવામાં આવ્યો હતો. પરિસંવાદમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. મધુકર પાડવી, માનનીય પ્રથમ કુલપતિ ય બિરસા મુંડા ટ્રાઈબલ વિશ્વવિદ્યાલય, રાજપીપળા, ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આદિવાસી શિક્ષણ, ભાષા, સંસ્કૃતિ અને વિકાસ સંબંધિત વિષયો પર પ્રેરણાદાયક સંબોધન કર્યું હતું. આ ઉપરાંત શ્રી વૈભવજી સુરંગે, અખિલ ભારતીય યુવા પ્રમુખ, વનવાસી કલ્યાણ આશ્રમ, દ્વારા જનજાતિ યુવાનોની ભૂમિકા, સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી નાયકોનું યોગદાન તથા રાષ્ટ્રનિર્માણમાં યુવા શક્તિના મહત્વ પર વિશદ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. પરિસંવાદના દ્વિતીય સત્રમાં ડૉ. દીપક ભોયે, વડા – મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા આદિવાસી અને ગ્રામીણ વિકાસ, નીતિગત અભિગમ તથા સંશોધન દિશાઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ પરિસંવાદ દ્વારા ભગવાન બિરસા મુંડાના સ્વતંત્રતા સંગ્રામમાંના અમૂલ્ય યોગદાનને યાદ કરીને આદિવાસી સમાજ પ્રત્યે સામાજિક અને શૈક્ષણિક સંવેદનશીલતા વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો. સંશોધકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે આ સેમિનાર જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થયો. અંતમાં પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ પરિસંવાદ સંયોજક ડૉ. રવિ પટેલ અને SC/ST સેલના અધ્યક્ષ સુશ્રી મિતાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું.

## વ્યાખ્યાન




સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતની પ્લાનિંગ ફોરમ કમિટી દ્વારા તા. ૫/૧/૨૦૨૬, સોમવારના રોજ પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિ ફેલાવવા તેમજ ટકાઉ વિકાસને પ્રોત્સાહન

આપવા માટે એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો વિષય 'Environment Sustainable Development and Climate Change' રાખવામાં આવ્યો હતો, જે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં અત્યંત મહત્વપૂર્ણ અને સમયોચિત છે. આ વ્યાખ્યાનના મુખ્ય વક્તા તરીકે ડૉ. દેશ રાજ ઠાકુર, ડિરેક્ટર - UGC MMTTC (HRDC) તથા બાયોસાયન્સ વિભાગના પ્રોફેસર, હિમાચલ પ્રદેશ વિશ્વવિદ્યાલય, શિમલા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ઠાકુરને પર્યાવરણ, ટકાઉ વિકાસ અને જલવાયુ પરિવર્તન ક્ષેત્રે સંશોધન, શિક્ષણ અને નીતિગત અભ્યાસમાં વિશાળ અનુભવ છે. પોતાના વ્યાખ્યાન દરમિયાન તેમણે વૈશ્વિક તાપમાનમાં વધારો, કુદરતી સંસાધનોનો અતિઉપયોગ, કાર્બન ઉત્સર્જન, જૈવ વૈવિધ્ય પર પડતી અસર તથા પર્યાવરણીય અસંતુલન જેવા મુદ્દાઓ પર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિગતવાર ચર્ચા કરી હતી. ડૉ. ઠાકુરે પોતાના સંબોધનમાં જૈવ વૈવિધ્ય (Biodiversity)ના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો અને જૈવ વૈવિધ્યમાં થતા ઘટાડાના પર્યાવરણીય તથા સામાજિક પરિણામો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિશ્વ તથા ભારતના મહત્વપૂર્ણ બાયોડાયવર્સિટી હોટસ્પોટ્સ વિશે માહિતી આપીને, આવા સંવેદનશીલ પ્રદેશોના સંરક્ષણની તાત્કાલિક આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, તેમણે વનવિનાશ, પ્રદૂષણ, આબોહવા પરિવર્તન અને કુદરતી સંસાધનોના અતિશય ઉપયોગને કારણે પર્યાવરણીય સંતુલન પર થતી માઠી અસરને ઉદાહરણો સાથે સમજાવી હતી. વ્યાખ્યાન દરમિયાન ટકાઉ વિકાસના સિદ્ધાંતો, પર્યાવરણ અને અર્થતંત્ર વચ્ચેના સંબંધ, કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાની જરૂરિયાત, નવિનીકરણીય ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ તેમજ પર્યાવરણીય મૈત્રી જીવનશૈલી અપનાવવાના મહત્વ પર વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ તેમણે યુવા પેઢી, શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજની સંયુક્ત જવાબદારી અંગે વિચાર પ્રેરિત કર્યો હતો. કાર્યક્રમો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી, વૈશ્વિક પર્યાવરણીય પડકારો અંગે વૈજ્ઞાનિક સમજ વધારવી અને ટકાઉ વિકાસ માટે સક્રિય નાગરિક બનવાની પ્રેરણા આપવાનો હતો. કાર્યક્રમનું આયોજન ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા અને IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. સવિતા સોંઘીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન પ્લાનિંગ ફોરમ કમિટીના ચેરમેન ડૉ. ફરીદા માંડવીવાલા તથા ડૉ. પ્રતિક પસ્તાગિયાએ કર્યું.

## ફિનિશિંગ સ્કૂલ કાર્યક્રમનું આયોજન

એસપીબી ઈંગલિશ મિડિયમ કૉલેજ ઑફ કૉમર્સ, સુરત દ્વારા નોલેજ કોન્સોર્શિયમ ઑફ ગુજરાત (KCG)ની પહેલ હેઠળ ફિનિશિંગ સ્કૂલ બેચ–૧ (૨૦૨૫–૨૬)નું સફળ આયોજન તા. ૦૧ ડિસેમ્બર થી ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ બેચમાં કુલ ૩૬ વિદ્યાર્થીઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો અને તાલીમનો લાભ મેળવ્યો હતો. ફિનિશિંગ સ્કૂલનો બીજો બેચ તા. ૦૮ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી દરમિયાન શરૂ થવા જઈ રહ્યો છે, જેમાં કુલ ૫૧ વિદ્યાર્થીઓ ભાગ લઈને પોતાનું કૌશલ્ય અને રોજગારક્ષમતા વિકસાવશે. નોલેજ કોન્સોર્શિયમ ઑફ ગુજરાત (KCG) રાજ્યના ઉચ્ચશિક્ષણ વિભાગ હેઠળ રચાયેલ સંસ્થા છે, જે ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા તેમજ શિક્ષકોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. ફિનિશિંગ સ્કૂલ ૮૦ કલાકનું સુવ્યવસ્થિત, કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમ છે, જેનો મુખ્ય ઉદ્દેશ કૉલેજના વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા, સંચાર કુશળતા તથા વ્યાવસાયિક ક્ષમતાઓમાં વધારો કરવાનો છે. આ કાર્યક્રમ હેઠળ એસપીબી કૉલેજ દ્વારા દર વર્ષે એક કે બે ફિનિશિંગ સ્કૂલ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનું સુચારુ સંકલન અંગ્રેજી વિભાગના વડા પ્રા. હીરા પંડ્યા દ્વારા કરવામાં આવે છે. આવા કાર્યક્રમો વાણિજ્યના વિદ્યાર્થીઓને બજારની જરૂરિયાતોની અનુરૂપ તેયાર કરવામાં મદદરૂપ થાય છે, જેના કારણે તેઓ સરળતાથી નોકરી બજારમાં સ્વીકાર પામે છે. સાથે જ, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સંચાર કુશળતા અને વ્યાવસાયિક પડકારોનો સામનો કરવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે. કૉલેજ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પહેલ ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તરફનું મહત્વપૂર્ણ પગલું છે.



## ઇન્ટર કૉલેજ મોનો એકિંટગ સ્પર્ધાનું આયોજન



તા. ૧૨–૦૧–૨૦૨૬ના રોજ સર્વાજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે ઇન્ટર કૉલેજ મોનોએકિંટગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૬ કૉલેજો તથા ૩ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને તેમની અભિનય–ક્ષમતા, સર્જનાત્મક અભિવ્યકિત અને મંચ પરના આત્મવિશ્વાસને રજૂ કરવાનો મહત્વપૂર્ણ અવસર પ્રાપ્ત થયો

હતો. સ્પર્ધા દરમિયાન વિવિધ સામાજિક, સંસ્કૃતિક તથા સમકાલીન વિષયોને આધારે રજૂ થયેલો મોનો એક્ટ્સ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી ગિરીશ સોલંકી તથા શ્રી ફરઝાન કરંજિયા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે અભિનય, સંવાદ પ્રસ્તુતિ ભાવ, અભિવ્યકિત અને મંચ પરની અસરકારકતા જેવા માપદંડોને આધારે સ્પર્ધકોનું મૂલ્યાંકન કર્યું હતું. સ્પર્ધાના પરિણામ મુજબ પ્રથમ ક્રમ પ્રિયંકા કમલેશ સિંહ (ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન)એ પ્રાપ્ત કર્યો હતો. દ્વિતીય ક્રમ જય સોલંકી (જે.ઝેડ.શાહ. આર્ટ્સ ઍન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ) તથા કેશા પટેલ (ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ) એ સંયુક્ત રીતે મેળવ્યો હતો. તૃતીય ક્રમ પાંડવ વૈદેહી (એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ), તોર્વેશ પટેલ (સ્કોપા) તથા આનોશ ચિચગર (સાસ્કમા કૉલેજ) એ સંયુકત રીતે પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં અભિનય કૌશલ્ય, આત્મવિશ્વાસ અને સર્જનાત્મક વિચારશકિતનો વિકાસ થયો હોવાનું અનુભવાયું હતું. કાર્યક્રમનું આયોજન અને સંકલન કૉલેજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા તથા સાંસ્કૃતિક કમિટીના અધ્યક્ષ ડૉ. સવિતા સોંધીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## સાયબર ક્રાઈમ સામે જાગૃતિ માટે બે દિવસીય વર્કશોપ



સર્વાજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે કાર્યરત CAWACH Cell દ્વારા તા. ૨૭ અને ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન "Fight Against Cyber Crime" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સ્તરના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપનો મુખ્ય હેતુ વધતા સાઈબર ગુનાઓ અંગે જાગૃતિ ફેલાવવી તેમજ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યાવસાયિકોને સુરક્ષિત અને જવાબદાર ડિજિટલ વ્યવહાર માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરવાનો છે. વર્કશોપના પ્રથમ દિવસે ઉદ્ઘાટન સમારોહની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઇ.ચા.આચાર્ય ડૉ.આશિષ પંડ્યાએ સ્વાગત પ્રવચન આપ્યુ હતું. વર્કશોપનું અધ્યક્ષસ્થાન સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી આશિષ વકીલ દ્વારા શોભાવવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્ય અતિથિ તરીકે સુશ્રી બિશાખા જૈન (IPS), ડીસીપી– સાઈબર સેલ, સુરત અને વિશેષ મહેમાન તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સાઈબર વકીલ ડૉ. સ્નેહલ વકીલના ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે સુશ્રી બિશાખા જૈન દ્વારા સાઈબર ગુનાઓના વર્તમાન સ્વરૂપ, સાઈબર કાયદા, સાયબર સેલની કામગીરી તેમજ નાગરિકોએ અપનાવવાની જરૂરી તાકેદારીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાઈબર સુરક્ષા જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે ડૉ. સ્નેહલ વકીલના પાંચ પુસ્તકોના વિમોચનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં The Cyber Edge – Dark Tale of Digital World (English), The Decrypted Files – Cyber Stories by Cyber Doctor (English), The Cyber Edge – Dark Tales of the Digital World (Gujarati), The Decrypted Files – Cyber Stories by Cyber Doctor (Gujarati), તથા The Digital Prosecutor (English) નામના પાંચ પુસ્તકોનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. આ સાથે સાઈબર જાગૃતિ વિષયક ચાર શોર્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મસનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ અભિનય કર્યો હતો. ત્યારબાદ ડૉ. સ્નેહલ વકીલના દ્વારા સાઈબર ફ્રોડસ અને વાસ્તવિક કેસ સ્ટડીઝ આધારિત નિષ્ણાંત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વિવિધ કૉલેજોના કુલ ૭૦ પ્રતિભાગીઓએ ભાગ લીધો છે, જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકો અને આચાર્યોને પણ સમાવેશ થાય છે.

વર્કશોપના બીજા દિવસે તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, નિષ્ણાંત તરીકે સુશ્રી અને એન.એસ.વાઘમારિયા, સાયન્ટિફિક ઑફિસર, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા ડિજિટલ ફોરેન્સિક વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે, જેમાં સાઈબર ગુનાઓની તપાસ પ્રક્રિયા, ડિજિટલ પુરાવા તથા ફોરેન્સિક ટૅક્નિકસ અંગે માહિતી આપવામાં આવશે. આ સાથે પ્રતિભાગીઓ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, સુરતની શૈક્ષણિક મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું છે અને બે દિવસીય વર્કશોપના અંતે તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. આ સમગ્ર વર્કશોપનું આયોજન અને સંચાલન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ CAWACH Cellના નોડલ અધિકારી ડૉ. ધ્રુવ ગાંગડવાલા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

## માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને તણાવ વ્યવસ્થાપન વિષય પર વક્તવ્યનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલીયા ખાતે તા. ૦૬/૦૧/૨૦૨૬ના રોજ એન.ટી.એફ. અને ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને તણાવ વ્યવસ્થાપન વિષય પર એક માહિતીસભર, વિચારપ્રેરક તથા પ્રેરણાદાયી વક્તવ્યનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આજના સ્પર્ધાત્મક અને તણાવભર્યા સમયમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રહ્યો. કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ સાઈકેટ્રિક ડૉ.ખ્યાતિબેન મેવાડાએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તેમણે આત્મહત્યાના વિચારો વ્યક્તિના મનમાં ક્યારે, કેમ અને કઈ પરિસ્થિતિમાં જન્મ લે છે તે અંગે સંવેદનશીલ અને વિસ્તૃત સમજ આપી. સાથે સાથે, આવા નકારાત્મક વિચારોમાંથી બહાર આવવા, આત્મવિશ્વાસ વધારવા અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવા માટેના અસરકારક ઉપાયો પણ સમજાવ્યા. ડૉ.ખ્યાતિબેન મેવાડાએ વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવને ઓળખવા અને તેને દૂર કરવા માટેના વ્યવહારૂ અને સરળ ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું. ઉપરાંત, વિવિધ પ્રકારના માનસિક રોગોની ઓળખ, તેની અસર, તેમજ સમયસર યોગ્ય સારવાર અને યોગ્ય માર્ગદર્શન દ્વારા તેમાંથી કેવી રીતે મુક્તિ મેળવી શકાય તે અંગે પણ વિસ્તૃત માહિતી આપી, જે વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ. કાર્યક્રમમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો, જેના પરિણામે સમગ્ર કાર્યક્રમ જાગૃતિસભર, અસરકારક અને સફળ રહ્યો. આ કાર્યક્રમની શરૂઆત એન.ટી.એફ.ના નોડલ ઑફિસર ડૉ. નિયતિ ભટ્ટના પ્રસંગિક ઉદ્બોધનથી કરવામાં આવી. કાર્યક્રમનું સફળ સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર સોનલબેન એન. ધરિયા દ્વારા કરવામાં આવ્યું. અંતે આસિસ્ટન્ટ પ્રોફેસર પારૂલબેન એન. રાણા દ્વારા મુખ્ય વક્તા પ્રત્યે આભાર વ્યક્ત કરતા વોટ ઑફ થેન્ક્સ રજૂ કરવામાં આવ્યા. કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવામાં, તણાવ વ્યવસ્થાપન અંગે યોગ્ય દિશા આપવાથી તેમજ જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવામાં અત્યંત લાભદાયી સાબિત થયો.

## જીકાસ રજીસ્ટ્રેશન અને કારકિર્દી માર્ગદર્શનના સંદર્ભમાં શાળાઓની મુલાકાત



સ્ટુડન્ટ સપોર્ટ એક્ટિવિટીઝ અને મેન્ટરિંગના બેનર હેઠળ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને તા. ૦૬/૦૧/૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલીયાના આર્ટ્સ કોલેજના ઈ.ચા.પ્રિન્સિપાલ ડૉ. નિયતિ ભટ્ટ અને કોમર્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. બિંદુબેન સોલંકી, સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી શ્રી અશ્વનિસિંહજી વિહારિયા તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક શ્રી ભીમસિંહભાઈ વસાવા દ્વારા આસપાસના તેમજ દૂરના ગ્રામ્ય વિસ્તારોની વિવિધ શાળાઓની મુલાકાત લેવામાં આવી. આ મુલાકાત દરમિયાન સેલંબા આર્ટ્સ અને કોમર્સ હાઈસ્કૂલ, નવરચના હાઈસ્કૂલ (સેલંબા), શ્રી જલભાઈ ખાત્યેજા–હાઈસ્કૂલ (સાગબારા), રૂપલ બી. ગજ્જર વિદ્યામંદિર, ખોખરાઉમર (જાનકી આશ્રમ સંકુલ), એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (ડેડિયાપાડા) તથા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ (ડેડિયાપાડા) સહિતની શાળાઓનો સમાવેશ થયો.

દરેક શાળામાં આર્ટ્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિ બી. ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી વિષયક વિસ્તૃત, માહિતી આપવામાં આવી. તેમણે કૉલેજની શૈક્ષણિક વિશેષતાઓ, આધુનિક સુવિધાઓ તથા ઉપલબ્ધ વિવિધ–અભ્યાસક્રમોની વિગતવાર સમજ આપી. સાથે સાથે કોમર્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. બિંદુબેન સોલંકીએ–વિદ્યાર્થીઓને GCAS નોંધણીની સંપૂર્ણ પ્રક્રિયા સરળ અને સ્પષ્ટ રીતે સમજાવી. સંસ્થાના જોઈન્ટ સેક્રેટરીશ્રી અશ્વનિસિંહજી વિહારિયાએ કોલેજમાં ઉપલબ્ધ છાત્રાલયની સુવિધાઓ તેમજ કોલેજ દ્વારા સંચાલિત વિવિધ સર્ટિફિકેટ અને એડઓન કોર્સિસ અંગે ઉપયોગી માહિતી આપી. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક–શાળાના શિક્ષક શ્રી ભીમસિંહભાઈ–વસાવાએ કોલેજમાં ઉપલબ્ધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું માર્ગદર્શન અને કોચિંગ સુવિધાઓ વિશે વિદ્યાર્થીઓને અવગત કર્યા. આ સમગ્ર પ્રવૃત્તિઓના પરિણામે ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી ઘડતર માટે યોગ્ય દિશા પ્રાપ્ત થઈ, જે તેમના ભવિષ્ય નિર્માણમાં અત્યંત ઉપયોગી, પ્રેરણાદાયી અને માર્ગદર્શક સાબિત થઈ.

## વિશ્વ હિંદી દિવસ નિમિત્તે ચાર્ટ પ્રદર્શન તેમજ દોહા ગાન સ્પર્ધાનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના હિંદી વિભાગ દ્વારા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ વિશ્વ હિંદી દિવસ નિમિત્તે તા. ૦૯/૦૧/૨૦૨૬ ના રોજ હિંદી વ્યાકરણ પર આધારિત ચાર્ટ સ્પર્ધા તેમજ કબીર કે દોહે પર દોહા ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ ૫૯ વિદ્યાર્થી ઉપસ્થિત

રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન હિંદી વિભાગાધ્યક્ષ ડૉ. શર્મિલા એસ. પટેલ દ્વારા તેમજ સંચાલન પ્રા. મિરલબેન ચૌહાણ અને આભારવિધિ પ્રા. વિશાલભાઈ વસાવાએ કરી હતી. આ પ્રસંગે ઇ.ચા. આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. અનિતાબેન વાઘ અને ડૉ. વર્ષાબેન વસાવાએ સેવા આપી હતી.

### ક્વિઝ સ્પર્ધાની ઉજવણી



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા દ્વારા આજે તા. ૧૦/૦૧/૨૦૨૬ના રોજ વર્લ્ડ ડાયેટિક્સ ડે નિમિત્તે હોમ સાયન્સ વિભાગ દ્વારા ક્વિઝ સ્પર્ધાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આહાર, પોષણ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ લાવવાનો હતો. આ ક્વિઝ સ્પર્ધામાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓને A, B, અને C એમ ત્રણ ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા. સ્પર્ધા દરમિયાન ડાયેટિક્સ, પોષણનું મહત્વ, સંતુલિત આહાર અને આરોગ્ય સંબંધિત વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સ્પર્ધાના અંતે જાહેર થયેલા પરિણામ મુજબ ટીમ C પ્રથમ ક્રમે રહી, ટીક B  બીજા ક્રમે રહી અને ટીમ C ત્રીજા ક્રમે રહી. વિજેતા ટીમોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ દ્વારા ઇનામો અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ હોમસાયન્સ વિભાગના પ્રાધ્યાપકો પ્રો. ભાવનાબેન, પ્રો. અનિતાબેન, પ્રો. નિમીષાબેનના માર્ગદર્શન હેઠળ સપન્ન થયો. કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક તથા પ્રેરણાદાયક રહ્યો.

### વકતૃત્વ સ્પર્ધા તેમજ અંધેર નગરી નાટકનું રંગમંચીય અભિનયનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના હિંદી વિભાગ દ્વારા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ વિશ્વ હિંદી દિવસ નિમિત્તે તા. ૧૦/૦૧/૨૦૨૬ ના રોજ વકતૃત્વ સ્પર્ધા તેમજ અંધેર નગરી નાટકનું રંગમંચીય અભિનયનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશય વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ તેમજ અભિનય કૌશલ્ય વિકાસ કરવાનો હતો. જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ ૫૨ (બાવન) વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન હિંદી વિભાગાધ્યક્ષ ડૉ. શર્મિલા એસ. પટેલ દ્વારા તેમજ સંચાલન પ્રા. વિશાલભાઈ વસાવા અને આભારવિધિ પ્રા. મિરલબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ. કુસુમબેન પટેલ પ્રા. શીતલબેન મિસ્ત્રી, પ્રા.સોનલબેન તેમજ પ્રા. પારૂલબેન બોરાધરાએ સેવા આપી હતી. પ્રથમ, દ્વિતીય અને  તૃતીય ક્રમે વિજેતા થનાર સ્પર્ધકોને કૉલેજ તરફથી ઇનામ અને સર્ટિફિકેટ તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ પણ સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

### ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે ઇનોવેશન ક્લબ અંતર્ગત તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી નિમિત્તે ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાઓમાં જ્ઞાન, નવીન વિચારસરણી, સ્પર્ધાત્મક ભાવના તેમજ રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ કરવો હતો. આ ક્વિઝ સ્પર્ધામાં કૉલેજના કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન સામાન્ય જ્ઞાન, સમકાલીન વિષયો, રાષ્ટ્રીય મૂલ્યો તથા યુવા સશક્તિકરણને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક અને આત્મવિશ્વાસ સાથે પ્રશ્નોના જવાબ આપી પોતાની પ્રતિભા રજૂ કરી હતી. આ કાર્યક્રમનું આયોજન ઇનોવેશન ક્લબના કૉ–ઑર્ડિનેટર પ્રોફેસર અનિતા સી.વાઘ અને કૉ–ઑર્ડિનેટર ભાવના કે. ગોથાણા દ્વારા સુચારુ રીતે કરવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન અને સંકલનથી સમગ્ર કાર્યક્રમ શિસ્તબદ્ધ અને સફળ રીતે સંપન્ન થયો. કાર્યક્રમ દરમિયાન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટએ રાષ્ટ્રીય યુવા દિવસના મહત્વ પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે યુવાનો દેશનું ભવિષ્ય છે. તેમણે વિદ્યાર્થીઓએ "ભણી–ગણીને આત્મનિર્ભર બની

જીવનમાં ખૂબ આગળ વધો" એવી પ્રેરણાદાયક અપીલ કરી હતી. તેમના પ્રેરણાદાયક શબ્દોથી વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર થયો. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય યુવા દિવસ મહાન વિચારક અને યુવા પ્રેરક Swami Vivekanandaની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે, જે યુવાઓને આત્મવિશ્વાસ, સ્વવિકાસ અને રાષ્ટ્રસેવાની પ્રેરણા આપે છે. આ રીતે, શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત આયોજિત ક્વિઝ કોમ્પિટિશન ખૂબ જ સફળ રહી અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક તેમજ પ્રેરણાદાયક સાબિત થઈ. કાર્યક્રમની આભારવિધિ પ્રા. નિમિષાબેન માટીયેડાએ કરી.

## ઇન્ટર કોલેજ વીમેન્સ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન



તા. ૧૬/૦૧/૨૦૨૬ના રોજ વીર નર્મદ સાઉથ ગુજરાતી વિશ્વવિદ્યાલય, સુરત અને શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયાના સંયુક્ત ઉપક્રમે ઇન્ટર કોલેજ વીમેન્સ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે થયું હતું. જેમાં વિવિધ કોલેજની ૦૮ ટીમે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, વ્યારા અને જે. પી. પારડીવાલા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, કીલ્લા પારડી ફાઇનલ્સમાં પહોંચ્યા હતા. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, વ્યારાની ટીમ વિજેતા બની. જ્યારે જે.પી.પારડીવાલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કોલેજ, કિલ્લા પારડીની ટીમ runners up position પર રહી હતી. વિજેતા ટીમને નવચેતન પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન.

## NSSની વાર્ષિક ખાસ શિબિરનું આયોજન




તા. ૧૯/૦૧/૨૦૨૬ના રોજથી શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજની NSSની વાર્ષિક ખાસ શિબિરનું આયોજન અત્રેની વાલીયા તાલુકાના ભિલોડ ગામે થયું હતું. આ વાર્ષિક ખાસ કેમ્પમાં ભીલોડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફ તેમજ કૉલેજની NSS સ્વયંસેવિકા બહેનો મોટા પ્રમાણમાં હાજર રહી હતી. કેમ્પનું ઉદઘાટન શ્રી રંગ નવચેતન ઍજ્યુકેશન ટ્રસ્ટ સહમંત્રી શ્રી અશ્વિનવિહારીયે કર્યું હતું. અતિથિ વિશેષ પથાર ગામ સંચાલિત ઇશ્વરીય બ્રહ્માકુમારી આશ્રમમાંથી પધારેલ હેમાદીદી અને દીપકભાઈ પટેલે NSS સ્વયંસેવિકા બહેનોને સેવા શું છે ? સુખની ચાવી ક્યાંથી શોધવી? અને પરિશ્રમનો મહિમા સમજાવ્યો હતો અને એની વિસ્તૃત જાણકારી પણ આપી પર્યાવરણ બચાવવાની પહેલ એમણે કરી હતી કૉલેજના આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી સ્વયંસેવિકા બહેનોને કેમ્પની સફળતા ઇચ્છી હતી ડૉ. કુસુમબેન પટેલે મહેમાનોનો ટૂંકો પરિચય આપ્યો હતો. તેમજ કાર્યક્રમનું સંચાલન પ્રા. વિશાલભાઈ વસાવા એ કર્યું હતું અને આભારવિધિ NSS કૉ-ઑર્ડિનેટર ડૉ. દિનેશસિંહ રાજે કરી હતી. ડૉ. પુષ્પાબેન પટેલે મહેમાનોને મોમેન્ટો આપીને આવકાર્યા હતા આ પ્રોગ્રામમાં ભીલોડ પ્રાથમિક શાળાના સર્વ શિક્ષકશ્રીઓ ગામના સરપંચશ્રી એ બને તેટલી મદદની ખાતરી આપી હતી.

આ શ્રી રંગનવચેતન ઍજ્યુકેશન સંસ્થાના સહમંત્રી શ્રી એ વિદ્યાર્થીઓને આ કેમ્પમાંથી કંઈક નવું શીખવાની પ્રેરણા આપી અને કેમ્પની સફળતા ઇચ્છતી હતી અને આશીર્વાદ આપ્યા હતા. કેમ્પમાં કૉલેજ અને અત્રેની ભીલોડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા સ્વયંસેવિકા બહેનોએ પથાર ગામની મુલાકાત લીધી હતી અને ગામની શાળાની સફાઈ કરીઆ NSS શિબિરના ઉદ્ઘાટન પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

## પરીક્ષાની તૈયારી માટે વિશેષ વ્યાખ્યાન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા (સંલગ્ન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત) ના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તાજેતરમાં TYBA (Sem-6)ની વિદ્યાર્થીનીઓ માટે 'પરીક્ષા પૂર્વ તૈયારી' (Special Lecture on Exam Preparation) વિષય પર એક વિશેષ શૈક્ષણિક વ્યાખ્યાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. દિલાવરખાન એન. પઠાણે વિદ્યાર્થીનીઓને સંબોધતા જણાવ્યું હતું કે, પરીક્ષા એ માત્ર સ્મૃતિની કસોટી નથી, પરંતુ

આયોજન અને સમય વ્યવસ્થાપનની કળા છે. તેમણે અર્થશાસ્ત્ર જેવા વિષયમાં મુદ્દાસર ઉત્તમ લેખન,આકૃતિઓની સચોટ રજૂઆત અને પ્રશ્નપત્રને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની તકનીકો વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. વધુમાં, તેમણે અગાઉના વર્ષોના પ્રશ્નોનું વિશ્લેષણ કરી મહત્વના મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિ બી. ભટ્ટે આ પ્રેરણાદાયી આયોજન બદલ અર્થશાસ્ત્ર વિભાગને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી ગ્રામીણ વિસ્તારની વિદ્યાર્થીનીઓમાં પરીક્ષાનો ભય દૂર થાય છે અને તેમનો આત્મવિશ્વાસ વધે છે. કાર્યક્રમનું સંચાલન અને આયોજન અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનના અંતે વિદ્યાર્થીનીઓ માટે પ્રશ્નોત્તરી સત્ર રાખવામાં આવ્યું હતું, જેમાં તેઓની પરીક્ષાલક્ષી મુંઝવણોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

## સ્થાપક શ્રી મૂળજીભાઈ ભાવસિંહ સાયણિયાની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ






શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલિયામાં તા. ૨૩/૦૧/૨૦૨૬, શુક્રવારના રોજ કૉલેજના સ્થાપક અને ટ્રસ્ટીશ્રી મૂળજીભાઈ ભાવસિંહ સાયણિયાની પુણ્યતિથિ નિમિત્તે કૉલેજ પરિવાર દ્વારા ભાવસભર શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના સ્થાપકશ્રી મૂળજીભાઈ ભાવસિંહ સાયણિયાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા સમૂહપ્રાર્થના કરી સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે બે મિનિટનું યાદગીરી મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં એસો. પ્રો. ભાવના કે ગોથાણા દ્વારા શ્રીમૂળજીભાઈ ભાવસિંહ સાયણિયાના જીવન અને તેમના કાર્યો અંગે પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીનીઓને સંસ્થાના પાયાના મૂલ્યો અને સ્થાપકશ્રીના શિક્ષણ પ્રત્યેના દ્રષ્ટિકોણથી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રો. ડૉ. નિયતિબેન ભટ્ટ દ્વારા શ્રી મૂળજીભાઈ સાયણિયાના હાલમાં અમેરિકા સ્થિત પૌત્ર અને પૌત્રીનો મેસેજ (સંદેશા) વાંચી સંભળાવવામાં આવ્યો હતો. આ સંદેશા દ્વારા પરિવારની સંસ્થા પ્રત્યેની લાગણી અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તમામ અધ્યાપક મિત્રો, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

## વિદ્યાર્થીઓના વ્યાવસાયિક સશક્તિકરણના હેતુથી એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન




શ્રી રંગનવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે હોમ સાયન્સ વિભાગ દ્વારા સંચાલિત એડ ઓન કોર્સ બ્યુટી પાર્લર અને સીવણ (ટેલરિંગ)ની વિદ્યાર્થીનીઓના વ્યાવસાયિક સશક્તિકરણના હેતુથી એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ભારતી શિરીષ મોદી ફાઉન્ડેશન અને રોટરી ક્લબ ઑફ ભરૂચ દ્વારા બ્યુટી પાર્લર તથા ટેલરિંગ એડ ઓન કોર્સની વિદ્યાર્થીનીઓને નિશુલ્ક કીટ પ્રદાન કરવામાં આવી હતી. આ કીટ વિતરણ કાર્યક્રમમાં ડૉ. પ્રતીક્ષાબેન મહિડા (પ્રોજેક્ટ ચેરમેન), સંસ્થાના સેક્રેટરી ડૉ. વનરાજસિંહજી મહીડા, ટ્રસ્ટીશ્રીઓ રાજેન્દ્રસિંહજી સાયણીયા તથા સુરેન્દ્રસિંહજી કોસાડા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રંગનવચેતન મહિલા આર્ટ્સ કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ નિયતિબેન અને એડ ઓન કોર્સના કૉ-ઑર્ડિનેટર ભાવનાબેન કે. ગોથાણા દ્વારા કાર્યક્રમનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડૉ. પ્રતીક્ષાબેન મહિડા દ્વારા વિદ્યાર્થીઓને વ્યવસાયિક કુશળતા વિકાસ, સ્વરોજગારની તકો અને આત્મનિર્ભર બનવાની પ્રેરણા આપવામાં આવી. બ્યુટી પાર્લર અને ટેલરિંગ ક્ષેત્રે ઉપયોગી સાધનો સાથેની કિટ મળવાથી વિદ્યાર્થીનીઓને પ્રાયોગિક તાલીમ વધે અસરકારક રીતે પ્રાપ્ત થશે તેમજ ભવિષ્યમાં તેઓ સ્વતંત્ર રીતે રોજગાર શરૂ કરી શકશે તેવી સમજણ આપવામાં આવી. આ કાર્યક્રમમાં કુલ ૧૨૦ વિદ્યાર્થીનીઓને નિશુલ્ક કિટનું વિતરણ કરવામાં આવ્યું. કૉલેજની આ પહેલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને મહિલા સશક્તિકરણ દિશામાં એક મહત્વપૂર્ણ પગથિયાં સાબિત થશે. અંતમાં કૉલેજ તરફથી, રોટરી ક્લબ તથા ઉપસ્થિત તમામ મહેમાનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

## ઇન્ટર કૉલેજ રંગોળી સ્પર્ધાનુ આયોજન



શ્રી રંગનવચેતન મહિલા આર્ટ્સ કૉલેજમાં ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના અવસરે, ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના પાવન પ્રસંગને અનુસરી કલા કૌશલ્ય ધાર અંતર્ગત તા. ૨૪/૦૧/૨૦૨૬ના રોજ એક ભવ્ય ઇન્ટર કૉલેજ રંગોળી સ્પર્ધાનું આયોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યકિત અને રાષ્ટ્રીય ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમનું સફળ આયોજન કલા કૌશલ્ય ધારાના કૉ–ઑર્ડિનેટર શ્રીમતી પ્રાધ્યાપિકા ભાવનાબેન ગોથાણા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને દેશભક્તિ, સંસ્કૃતિ તથા સામાજિક સંદેશોને દર્શાવતી આકર્ષક રંગોળીઓ રજૂ કરી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રાધ્યાપિકા શ્રીમતી અનિતાબેન વાઘ તથા પ્રાધ્યાપિકા શ્રીમતી નિમિષાબેન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રંગોની પસંદગી, વિષયની સ્પષ્ટતા, સર્જનાત્મકતા અને રજૂઆતના આધારે નિષ્પક્ષ મૂલ્યાંકન કર્યુ. કાર્યક્રમ દરમિયાન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની કલાત્મક કુશળતાને બિરદાવતા જણાવ્યું કે, આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે તથા તેમાં આત્મવિશ્વાસ અને ટીમવર્કનો વિકાસ થાય છે. આ સ્પધામાં પ્રથમ ક્રમે શ્રી રંગનવચેતન કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ, દ્વિતીય ક્રમે શ્રી રંગનવચેતન મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ અને તૃતીય ક્રમે શ્રી રંગનવચેતન મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ વિજેતા જાહેર થયા હતા. અંતે તમામ વિજેતા તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા.

## ૭૭માં ગણતંત્ર દિવસની ઉજવણી



તા. ૨૬/૦૧/૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ અને શ્રી રંગ નવચેતન વિદ્યા મંદિર તેમજ NSS યુનિટ દ્વારા ૭૭માં ગણતંત્ર દિવસની ઉજવણી કૉલેજના રંગમંચ પરથી કરવામાં આવી. આ પ્રસંગે ઝઘડિયા GIDCની યુરેકેટ ઇન્ડિયા કેટલિસ્ટ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ કંપનીના એચ.આર. મેનેજર શ્રી સીમાબેન બારોટના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત કોલેજમાં પ્રથમ ક્રમ મેળવનાર, GSET પાસ કરનાર, વિશ્વવિદ્યાલય પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવનાર, ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષા સુધી પહોંચેલા ખેલાડીઓને ઇનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નવચેતન ઍજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી ડૉ. વનરાજસિંહ મહિડા તેમજ જોઈન્ટ સેક્રેટરી અશ્વિનસિંહ વિહારીયા અને ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રસિંહ સાયાણીયા તેમજ સ્કૂલ અને કૉલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થી બહેનો અને ભાઈઓ મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા અને ૭૭માં ગણતંત્રની ઉજવણી ઉત્સાહભેર કરી હતી.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત આદિવાસી નૃત્ય



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા ખાતે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભારતના ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ગૌરવપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવી. પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત અંગ્રેજી વિભાગ તથા ગીત–સંગીત અને નૃત્ય ધારા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત સૌએ ખૂબ જ વખાણ્યું. આ સંસ્કૃતિક કાર્યક્રમને અંગ્રેજી વિભાગના પ્રોફેસર સોનલ ઘારિયા તથા પારુલ રાણાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રી યુરેકેટ ઇન્ડિયા કેટ લિસ્ટ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના એચ આર મેનેજમેન્ટ શ્રી સીમાબેન બારોટ, શ્રી રંગ નવચેતન ટ્રસ્ટના મંત્રી ડૉ. વનરાજસિંહ મહિડા તથા ટ્રસ્ટના અન્ય સભ્યો હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમનું સુંદર અને સઘન સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના વિભાગાધ્યક્ષ (HOD) ડૉ.

દિલાવરખાન પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, સંસ્કૃતિ અને એકતાની ભાવનાનો સંદેશ પ્રસરી ગયો. સમગ્ર કાર્યક્રમ તમામ મહેમાનો, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતમાં સફળ અને સ્મરણીય રહ્યો.

### શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### ઇનોવેશન કલબ અંતર્ગત શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતી તથા રાષ્ટ્રીય યુવાદિવસની ઉજવણી




શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા બી.એડ. કૉલેજમાં ઇનોવેશન કલબના આયોજન હેઠળ સ્વામી વિવેકાનંદ જયંતી અને રાષ્ટ્રીય યુવાદિવસની ઉજવણી પ્રેરણાદાયી વાતાવરણમાં કરવામાં આવી. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં આત્મવિશ્વાસ, રાષ્ટ્રપ્રેમ, ચરિત્રનિર્માણ અને સમાજપરિવર્તન માટેની ચેતના વિકસાવવાનો હતો. યુવા ગીતનું સુંદર પ્રસ્તુતિકરણ કુ. કલ્પના પરમાર દ્વારા કરવામાં આવ્યું, જેમાં યુવાન ઊર્જા રાષ્ટ્રપ્રેમ અને પ્રેરણાનો ભાવ અસરકારક રીતે રજૂ થયો. કુ.શ્રુતિ પ્રેસવાલા દ્વારા 'સ્વામી વિવેકાનંદ–એક ઝાંખી' વિષય પર પ્રવચન આપવામાં આવ્યું, જેમાં સ્વામી વિવેકાનંદના જીવન વિચારો અને વિશ્વને આપેલા સંદેશને સંક્ષિપ્ત અને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા. ત્યારબાદ તાલીમાર્થી સેન્દ્રા ટંડેલ દ્વારા 'પરિવર્તનના દૂત તરીકે યુવાનો' વિષય પર પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવ્યું, જેમાં સમાજ અને રાષ્ટ્રના પરિવર્તનમાં યુવાનોની સક્રિય ભૂમિકા પર ભાર મૂકયો. તાલીમાર્થી કેનિલ ટંડેલ દ્વારા 'સ્વામી વિવેકાનંદ–યુવાનોને સંદેશ' વિષય પર વકતવ્ય આપવામાં આવ્યું, જેમાં નિર્ભયતા, આત્મવિશ્વાસ, ધ્યેયનિષ્ઠા અને રાષ્ટ્રસેવાની ભાવનાને ઉજાગર કરવામાં આવી. આ કાર્યક્રમમાં મૂખ્ય પ્રેરક વકતા તરીકે ડૉ. ફાલ્ગુની એસ. બરાડ દ્વારા અસરકારક અને ઉત્સાહજનક વકતવ્ય આપવામાં આવ્યું, જેમાં યુવાનોને જીવનમાં ઉચ્ચ આદર્શો અપનાવીને શિક્ષણ, સેવા અને સંકલ્પ સાથે આગળ વધવાની પ્રેરણા આપવામાં આવી. તાલીમાર્થી પ્રતિભા પટેલ દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન અને વિચારો પર આધારિત ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આનંદ સાથે જ્ઞાન મેળવ્યું. કાર્યક્રમના અંતે યુવા દિવસ નિમિત્તે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કલ્પેશભાઈ ટંડેલ દ્વારા આશિર્વચન આપવામાં આવ્યા, જેમાં યુવાનોને જીવનમાં સદાચાર, સંયમ અને સેવાભાવ સાથે આગળ વધવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રભક્તિથી ભરપૂર વંદે માતરમ ગાન સાથે કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત, અર્થસભર અને પ્રેરણાદાયી રહ્યો. આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વામી વિવેકાનંદના વિચારો પ્રત્યે આદરભાવ વધ્યો તેમજ યુવાન શકિતના સકારાત્મક ઉપયોગ માટે નવી ચેતના વિકસિત થઈ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી અમિષાબેન પટેલે કર્યુ હતું. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. ફાલ્ગુનીબેન એસ. બારડે સમગ્ર આયોજનને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કર્યું. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીશ્રીઓનો સાથે સાથે કૉલેજના તમામ અધ્યાપક મિત્રો, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થીનીઓનો સહકાર પ્રાપ્ત થયો હતો.

### મહાજન અનાથ બાળાશ્રમ સંચાલિત બી.કોમ., બી.બી.એ કૉલેજ, કતારગામ.

### આરોહણ ૨.૦ કાર્યક્રમનું આયોજન



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ., બી.બી.એ કૉલેજમાં આરોહણ ૨.૦ કાર્યક્રમ તા. ૨૮/૦૧/૨૦૨૬ના રોજ રાખવામાં આવ્યો હતો. જેમાં મિનિટ ટુ વિન ઇટ, બ્રાઇન ટાઈમ, મ્યુઝિકલ મસ્તી, રીલ મેકિંગ, ધ બુક ટાઈમ, નોન ફાયર કૂકિંગ, બિઝનેસ બેટલ કુલ ૦૭ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં જુદી જુદી કૉલેજમાંથી કુલ ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિપદે શ્રી કાનજીભાઈ ભલાલા, સંસ્થાના સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ, અમરોલી SFI કૉલેજના પ્રિન્સિપાલ શ્રી મુકેશભાઈ ગોયાણી હાજર રહ્યા હતા. તેમજ આરોહણ ૨.૦ની રીબીન કટ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં વિવિધ નિર્ણાયક સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સ્પર્ધા વિજેતા તરીકે પ્રથમ ક્રમાંકે, બીજા ક્રમાંકે અને ત્રીજા ક્રમાંકે ટીમ વિજેતા જાહેર થયા હતા. તેમને ટ્રોફીથી અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કૉલેજના અધ્યાપકગણ તેમજ વહીવટી સ્ટાફે હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના સ્ટાફમિત્રો તેમજ ડૉ. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-01-2026 to 31-01-2026

| Detail | Description | Jan. - 2026 | |
|---|---|---|---|
| User | Visitors | 3835 | |
| | Internet Lab User | 0 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 1 | |
| | UG/PG Students | 46 | |
| | Research Scholars | 10 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 5 | |
| | E-resource User | 0 | |
| | Total | | 3897 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| January-2026 | 422 | 415 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2026 | 30 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2026 | 32 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2026 | 30 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in